

એક સવાલ

ફોટો • સ્વ. સોરાબજી ખારેગાટ

આવતી કાલનાં નાગરિકો ઘડતું

કુમાર

આજનાં ઘરોનું માનીતું માસિક


જેઠ '૯૪

૧૭૪

તંત્રી • રવિશંકર રાવળ

સંપાદક • બચુભાઈ રાવત





મુદ્રક · બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક · રવિશંકર રાવળ કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક લવાજમ રૂ. ૬, પરદેશના ૧૨ શિ.; ૭ માસિક લવાજમ રૂ. ૩; છુટક નકલના ૧૦ આના. મુંબાઇના એજન્ટો · આર.આર. શેઠની કંપની, અને સી. જમનાદાસની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ. લાહોરખબરના સોલએજન્ટ રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ





ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ

ઉપર: 'પાણી પાનાર'—ચતુરભાઈ પટેલ (મુંબઈ), પહેલું ઈનામ

નીચે: 'શ્રી રણછોડરાયનું મંદિર-ડાકોર'—રામભાઈ પટેલ (ડાકોર), બીજું ઈનામ



અમ્માની કબર પર ફૂલ

ચિત્રકાર · ગજાનન ખરે (ઈડર)

આવતી કાલનાં નાગરિકોનું માસિક · જેઠ ૧૯૯૪



કને નવ શું માહરી?

· પૃથ્વી ·


કને નવ શું માહરી? સરવ લોકહૈયે સદા
વસું હૃદયભાવ ને વિમલ બુદ્ધિથી, રે યદા
ગણી જગત માહરું જીવનક્ષેત્ર કર્મણ્ય થૈ
રમું, રમણમાંહિ નંદ લહું અંતરે હું તદા?

કને નવ શું માહરી? પ્રકૃતિઆંગણે જે સરી—
નિઃશબ્દ તરુપર્ણથી, સરિત ઊર્મિ-હિલ્લોળથી,
અગણ્ય ધુમસે વિલીન ગિરિમાળથી, મૌનનાં
ભણી ગહન ગીત હું લહું નિતાન્ત શાન્તિ તદા?

કને નવ શું માહરી? 'જ્વલ કૈંક બ્રહ્માંડને
નિરભ્ર અવકાશના તિમિરમાંહ્ય સંનર્તને
અલક્ષ્ય થલ-કાલમાં અગમ અક્ષરો આંકતાં
યદા ગતિમહીં લહું સ્તિમિત લોચને વિસ્મયે?

કને સકલ માહરી, નિવસતો જઇ સૌ કને;
રહસ્ય વિણ એકલો કવચિત ઝૂરતો તો ય રે!

રાજેન્દ્ર શાહ



જગતના જીવનક્ષેત્રમાં કાર્યરત બની એ રમણમાં રાચતો હું લોકહૈયે પ્રિય બની રહું છું એ વેળા—કુદરતખોળે તરુપર્ણ, સરિતોર્મિ, ગિરિમાળ આદિ દ્વારા મૌનનાં ગહન ગીતથી શાંતિ પામું છું એ વેળા—અલક્ષ્ય સ્થળકાળમાં અનેક બ્રહ્માંડોને અગમ અક્ષરો આંકતાં આશ્ચર્યચકિત થઈ જોઇ રહું છું એ વેળા—મારી પાસે શું નથી હોતું? લોકહૃદય, નિસર્ગ અને અનંતતા એ સર્વનો નિકટતમ બનતો હું એ કાળે જાણે સર્વ સમૃદ્ધિ ધરાવું છું
—અને છતાં કવચિત ઝૂરું છું. કેમકે એનું રહસ્ય હું પામી શકતો નથી.



અમેરિકાના ઉત્સાહી કુમારો

● એમના પત્રો વાંચવાને અધીરા બનેલા 'કુમાર'ના વાચકો પૈકીના જેટલા ઉમેદવારોના પત્રો મને મળ્યા હતા તે બધાની કુલ સંખ્યા લગભગ ૩૦ની થઇ, એટલે તુરતમાં જ સૌની મુરાદ પૂરી કરવાની શક્યતા નહિ હોવાથી મારી પાસે પાછળથી આવેલો અમેરિકન પત્રવ્યવહાર મેં તેમની ક્રમવાર નામાવલિ તથા સરનામાં કરી ફરતો કરી દીધો છે. જેમના હાથમાંથી તે પસાર થશે તેઓ મને ખબર તો આપતા જશે; છતાં યે એ પત્રોનું ચક્કર ક્યારે પૂરૂં થશે એ કહેવાય નહિ એટલે નવાં આવેલાં સરનામાં અહીં આપી દઉં છું:

Elmer J.Braswell Jr., 1581 Melrose Drive,S.W.
ATLANTA, Georgia (U.S.A.)
Virgil Ekbald, SPICER, Minnasota (U.S.A.)
Dala H. Dexter
HANERHILL, New Hampshire (U.S.A.)
U. G. Figley R.I. BRYAN, Ohio (U.S.A.)

આ બધા લખનારાઓને ઉત્તેજન આપનાર 'ઓપન રોડ ફૉર બૉયૂઝ' નામનું માસિક, તેનું સરનામું નીચે મુજબ છે: "The Open Road For Boys" 729 Boylston Street BOSTON Massachusettes (U.S.A.)

એ પત્રના તંત્રીએ પોતાના નવેમ્બર ૧૯૩૭ના અંકમાં પોતાના માસિકની જે હકીકતો રજૂ કરી, તેમાં ૧૯૨૮થી શરૂ કરી ૧૯૩૮ સુધીમાં ત્રણ લાખ ગ્રાહકો મેળવ્યા તે પૈકી સૌથી દૂર વસતા ગ્રાહક તરીકે મારૂં સરનામું છાપ્યું. બસ, તે પછી આજ સુધીમાં દરેક મેઇલમાં અમેરિકન કુમારો મારો પીછો છોડતા જ નથી. એમના પત્રો આવે છે તે તો ખરેખર આનંદ અને મસ્તીભર્યા જણાય છે; પણ એ બધાના જવાબો આપવાનું મને અશક્ય લાગ્યું, એટલે મેં એ પત્રના તંત્રી પર સૌને સામટો જવાબ અને મારી પરિસ્થિતિ લખી જણાવી. એના પરિણામે એ તંત્રી મહાશયે પણ સૌજન્ય સાથે એ પત્ર પોતાના માસિકમાં પ્રકટ કરવા શુભેચ્છા દર્શાવી છે, એટલે જેમને હું જવાબ નહિ લખી શકું તેઓ થોડું સમાધાન અને થોડી નિરાશા અનુભવશે; કારણકે આવા પત્રવ્યવહારની પાછળ દેશદેશ વચ્ચે સદ્‌ભાવ અને પિછાન તેમજ જ્ઞાનની આપલે કરવાનો હેતુ હોય છે. એનો એક સરસ દાખલો તાજેતરમાં આવેલા એક વિજ્ઞાનપ્રેમી અમેરિકન કુમારનો પત્ર છે. તે તો હું જેમનો તેમ છાપું છું અને તેમાં તેણે કરેલી વિનિમયની માગણી પૂરી કરવાની ફરજ ઉત્સાહી કુમારોને સોંપું છું.

"'ઓપન રોડ ફૉર બૉયઝ'"ના નવેમ્બરના અંકમાં મેં તમારૂં નામ વાંચ્યું. ત્યાર પછીના અંકમાં પણ મેં તમારા વિષે વધુ હકીકત વાંચી. 'ઓપન રોડ'ના સૌથી દૂરાંતર ગ્રાહક કોણ છે તે જાણવાની ઇચ્છા મને પણ થઈ હતી. હું તમારી સાથે પત્રવ્યવહાર સ્થાપું અગર હિંદમાંથી કોઇ બીજાનો પરિચય આપો કે તેવો પત્રવ્યવહાર ચાલુ રાખે. હજુ સુધી એ દેશના કોઇપણની સાથે હું સંબંધ બાંધી શક્યો નથી. મારી પોતાની વાત કહું તો હું વીસ વર્ષની ઉમરે પહોંચ્યો છું. મારી ઊંચાઇ ૫ ફૂટ અને વજન ૧૨૪ રતલ છે. મારી આંખો ભૂરી અને વાળ તપખીરિયા છે. લેખન, વિજ્ઞાન અને સંગ્રહ કરવો એ મારા શોખ છે.

હું ઇન્ટરનૅશનલ સાયન્સ ન્યુઝ (ટાઇપ કરેલું) પ્રકટ કરૂં છું, જેની એક પ્રત આ સાથે છે. તમે જોશો કે તે હજી આરંભિક પ્રયાસ માત્ર છે. મેં બે અંકો કૅમિસ્ટ્રી ઉપર કાઢ્યા છે અને આ વર્ષની આખરે એક વધુ કાઢીશ. આવાં બીજાં ખાનગી પત્રોમાં હું લેખો મોકલું છું વિજ્ઞાનમાં મારા બે પ્રિય વિષયો ઇલેક્ટ્રિસિટી (વિદ્યુત્) અને કેમિસ્ટ્રી (રસાયણશાસ્ત્ર) છે. પ્રયોગો કરવાને મારી પોતાની જ એક લૅબોરેટરી છે.

હું ટિકિટો, પોસ્ટકાર્ડો અને સિક્કાઓનો સંગ્રહ તેમજ લેવડદેવડ કરૂં છું. આવો નાદ રાખવાથી પૃથ્વીના બીજા દેશો વિષે વધુ જાણી શકાય એમ માનું છું. પૃથ્વીના દરેક મુલકની ટિકિટો તો મારી પાસે છે, પણ પોસ્ટકાર્ડોમાં માત્ર યુનાઇટેડ સ્ટેટ્સનાં અને બીજા પાંચ મુલકોનાં જ છે. સિક્કાઓ તો પરદેશોના જ ભેગા કરૂં છું.


મારા જાણવામાં આવ્યું છે કે તમે વિદ્યાર્થીઓ માટે એક માસિક કાઢો છો. તેની એક નકલ મને મોકલશો તો ખરેખર મને ગમશે પરદેશનું વિદ્યાર્થીઓનું પત્ર મેં કદી જોયું નથી આટલી નીચેની લીટીઓ તમારા પત્રમાં પ્રકટ કરવાનું ખર્ચ શું થશે?

"Would like to exchange cards, stamps & coins with boys in all foreign countries. I will answer all letters received: E. J. Braswell Jr. 1581, Melrose Drive s.w., Atlanta Ga. (U.S.A.)

તમને ફાવે તો ટૂંકાવજો. મારે તમારા પત્રમાં એ છપાવવું જ છે.

અમારી આસપાસમાં આકર્ષક સ્થળ સ્ટોન માઉન્ટન એક જ છે. મારા આટલાન્ટા ગામથી ૧૬ માઇલ ઉપર જ તે છે. તે ૮૭૫ ફૂટ ઊંચો છે, એક માઇલ લાંબો છે અને ત્યાંની એક બાજુ સાવ સીધી ઊભી કરાડ જેવી છે. આખી દુનિયામાં સળંગ કાળમીંઢ પથ્થરનો એ એક જ ખડક છે.

તમે જવાબ લખો ત્યારે તમને તકલિફ ન લાગે તો તેની ટપાલની ટિકિટો ઊખેડી મને મોકલી આપશો. એ મને ખૂબ



નર્મદાતીરે માલસરમાં સત્યનારાયણનું મંદિર (સ્કેચ: ર.મ.રા.)

લાગશે. સિક્કા,પોસ્ટકાર્ડ જે કાંઈની આપલે કરી શકો તે કરશો હું તૈયાર છું. અથવા તમે કંઇ આપી શકો તેનો ખર્ચ શું લેશો?

હવે હું અટકું છું. તમને આનંદ પડે એવો કાગળ લખાયો છે એમ ધારું છું. તેનો જવાબ આપી મને કૃતાર્થ કરશો.

લિ. અતિ માનપૂર્વક એલ્મર. જે. ઓસવેલ (જ્યુનિયર)


તા.ક. પત્ર લખો ત્યારે તમારે ત્યાંની કૉરોનેશન અથવા કૉમ્મેમોરેટિવ ટિકિટો ચોડજો.

આ ભાઇને મેં જવાબ પણ લખ્યો છે તેણે જે હસ્તલિખિત વિજ્ઞાનપત્રિકા મોકલી છે તેમાંના નમૂના તો અવકાશે અવશ્ય 'કુમાર'માં આપીશ; પણ એ જોયા પછી એટલું દુ:ખ જરૂર થાય છે કે આવો સાદો પ્રયાસ પણ આપણા હજારો કૉલેજિયનોમાંથી કોઇએ કર્યો જાણ્યો નથી.

રેવાતટનું તીર્થ—માલસર

● ગુજરાતની એકમેવ સૌભાગ્યસલિલા, વિંધ્યાચળની પુત્રી ભગવતી નર્મદાજીના બંને તીરપ્રાંતે અનેક પ્રાચીન સ્થળો અને તીર્થોના પૂડા બંધાયા છે; કારણકે એમાં સતત વહેતો વિશાળ જલપ્રવાહ ગુજરાતમાં તેમજ ભારતના કટિપ્રદેશ ઉપર બીજી કોઇ નદીમાં નથી એટલું જ નહિ, પણ જગતનાં અપ્રતિમ સ્થળોમાં ગણાવી શકાય એવી ભેડાઘાટની આરસગલી અને વિંધ્ય તથા સાતપૂડાનાં ગહન અરણ્યો વીંધી આવતી એ નદીનું સૌંદર્ય કંઇક ઓર જ છે. પણ પ્રાચીન અને મધ્ય યુગનાં ભારતવાસીઓએ તેનાં પુણ્ય અને પ્રતાપ જેટલાં પીછાન્યાં તેનો અંશ પણ આજની પ્રજા પામી નથી. એટલે એના તટનાં બધાં તીર્થો ખંડેર અને નષ્ટપ્રાય: બની ગયાં છે. જ્યાં જ્યાં લોકાકર્ષણ અને સંતોષની પવિત્ર વિભૂતિથી સ્થાનની મહત્તા મનાઇ હતી ત્યાં આજે એ બધા પર નિર્વાહ કરી રહેલા ગોર, બાવા કે ભિક્ષુકોનાં વૃન્દોનો જ ભરાવો દેખાય છે. અનસૂયા, વ્યાસ વગેરે સ્થળોની કુદરતી પરિસ્થિતિ જીવને આશ્વાસન અને સમાધિ અર્પે એવાં છે. પરંતુ એ બધે સ્થળે ધર્મને નામે કુરૂપતા વિકૃતિ અને કચરાના ઢગલા જ નજરે પડે છે. પ્રાચીન શિલ્પનાં હાડકાં નદીના પ્રવાહમાં આજે ભૂકો થઇ રહ્યાં છે, અને તેની જગ્યાએ, જેમ જંગલની મનસ્વી વનસ્પતિ ફૂટી નીકળે તેમ, પતરાનાં છાપરાં અને હીંદી અંગ્રેજી કે મુસ્લિમ ઢબનાં કદ્રુપ મિશ્રણોવાળા માંભલાનો શંભુમેળો દેખાય છે. પૂજાઅર્ચના તો અજ્ઞાન ભક્તોને રોકવા કે લલચાવવાનાં જ સાધનો રહ્યાં છે. યાત્રીઓને આવતા જુએ એટલે ભિક્ષુક પાથરણાં પાથરી જપ કરતા બેસી જાય. મંદિરની અંદરના શણગાર, છબીઓ અને મૂર્તિના અલંકારો જુઓ તો મૂર્ખતા અને વેવલાઇનું જ પ્રદર્શન હોય. શુકદેવજીના મંદિરમાં તો બ્રહ્મદેશની કોઇ બુદ્ધદેવની મૂર્તિને આંખો ચડાવી ગોઠવી દીધી છે. કોઈ ઠેકાણે આનંદ કે આરામ શ્રદ્ધા કે સાત્ત્વિકતાનો પ્રભાવ રહ્યો નથી, તો વિદ્વાનોનો કે સંતોનો સમાગમ તો ક્યાંથી જ થાય? જેઓ વિદ્વાનો કે પંડિતો થઈ ફરે છે,તેઓ છે માત્ર પઢિત પોપટો કે સ્વમતાગ્રહી ઝુંબેશીઓ. આ બધી વિચિત્ર ધર્મલીલામાં આ યુગના તીર્થ બનેલા માલસરના સત્યનારાયણના મંદિરે અનોખું સ્થાન અને આકર્ષણ પ્રાપ્ત કર્યાં છે.

તીર્થની સ્થાપના અને પ્રતિષ્ઠા કોઇ તપસ્વી અને જ્ઞાની કે આત્મબલિ થનારા પુરુષોથી જ થાય છે. સંવત ૧૯૪૬માં પરમહંસ પૂ. શ્રી માધવદાસજીએ બંગાળમાંથી આવી અહીંના જંગલી અને ઉજ્જડ વિસ્તારમાં પોતાની તપશ્ચર્યા લગભગ ૨૫ વર્ષ સુધી ચાલુ રાખી. તેમની પવિત્રતા ને ઉપાસનાથી




મંદિર આગળથી દેખાતા માલસર ગામનું એક દૃશ્ય (સ્કેચ: ર.મ.શ.)

આજુબાજુના લોકો આકર્ષાયા. આશરે સં. ૧૯૫૮માં ત્યાં શ્રી સત્યનારાયણનું નાનકડું મકાન બન્યું વર્ષો બાદ ત્યાં ૬૦–૭૦ હજારના ખર્ચે મોટું સુશોભિત મંદિર બંધાયું અને તેમાં સં. ૧૯૭૫ના ફાગણ સુદી સપ્તમીના દિને વાંસદાના મહારાજા શ્રીમાન ઇન્દ્રસિંહજીના હસ્તે શ્રી સત્યનારાયણ અને શ્રી ગોપીનાથજીની મૂર્તિઓની પ્રતિષ્ઠા થઇ. આજે આ સંસ્થાને અંગે મંદિર, સંસ્કૃત પાઠશાળા, તેમજ અતિથિ સાધુસંત કે ગૃહસ્થો માટેનાં નિવાસગૃહો અને ગૌશાળા માટેનું વિશાળ મકાન એટલાંનો સમાવેશ થાય છે. સ્થાપના પાછળ મૂળ ઉદ્દેશ ચૈતન્ય સંપ્રદાય પ્રમાણે ઇષ્ટ ઉપાસના, સાધુસેવા અને અતિથિસત્કાર તથા ચોતરફની વસ્તીમાં સંસ્કાર અને જીવન-વિશુદ્ધિ પ્રચારવાનો છે. દેવલોકવાસી થનાર પરમહંસ માધવદાસજી પોતાની ઉપાસના, ઉચ્ચ જીવન, યોગસાધન, સરળ સ્વભાવ અને સેવાવૃત્તિથી સ્વ કે પર સંપ્રદાયનો ભેદ રાખ્યા વિના બધાંનો સત્કાર કરતા. એમણે કંઇકના તનમનના રોગ ટાળ્યા, ભૂખ્યાં-દુઃખીને અન્નવસ્ત્ર આપી આધાર આપ્યો અને દાનનો પરમ ઉપકારક પ્રયોગ કરી બતાવ્યો અને એ જ પ્રણાલિ ઉપર તેમની જગ્યા પર આવેલા મહંત શ્રી કેશવદાસજી પણ આજે સેવા કરી રહ્યા છે.

આને લીધે ગુજરાતના મધ્યમ વર્ગના લોકો તેમજ શ્રીમંતો અને વિદ્યાર્થીઓની આવજા ત્યાં વધી છે અને આશ્રમ તરફથી મળતાં સુખસગવડ તેમજ આતિથ્યનું ઋણ ભોગવે છે. તમે ગમે ત્યારે ત્યાં ચાલ્યા જાવ, તમને ત્યાં રહેવા-ખાવાની અને સૂવા-બેસવાની, દીવાબત્તીની બધી સગવડ આશ્રમના સાધુઓ પૂરી પાડશે. હમેશાં પચાસ કે સાઠ માણસોની પતરાળીઓ નંખાતી હોવાથી આશ્રમ પર ખર્ચનો બહુ ભાર છે. પણ સુપાત્ર અતિથિઓ તેમજ શ્રીમંતો આ ઋણ અદા કરવા યથાશક્તિ પ્રયાસ કરે છે.

માલસર જવાને બી. બી. ઍન્ડ સી. આઇ.ના મિયાંગામ સ્ટેશને ગાડી બદલી વડોદરા રાજ્યની નાની ગાડીમાં બેસી જતાં બે કલાકને અંતરે માલસર છેલ્લું જ સ્ટેશન આવે છે. મુંબાઇ કે અમદાવાદથી જનારા રાત વેઠયા વિના ત્યાં છ કે આઠ કલાકે પહોંચી શકે છે. સ્ટેશનથી આશ્રમ જરાયે દૂર ન ગણાય. તેમજ ગામ પણ દૂર નથી એટલે ગમે તે ઋતુમાં ત્યાં જવું અગવડરૂપ નથી. આ આશ્રમ થાકયા-પાકયા કે કુટુંબબંધિત જનોને બે પાંચ દિવસનું સુંદર વિશ્રામધામ છે, પણ એની સર્વ સેવા ઉઠાવનાર સાધુમંડળનો પરિશ્રમ અને મુસીબતો સમજવાની ફરજ દરેક સજ્જનની રહે છે. કોઇ પણ જાતના અંતરાય વિના સર્વકોઇ માટે દ્વાર ખુલ્લાં રાખનાર મંદિર એક જ હોઇ, સૌકોઇ ત્યાં ધામા નાખે છે. એટલે તેનો નિર્વાહ ચલાવનારાઓના જીવનમાં કંઇ અભિનવ જાગૃતિ, અભ્યાસ કે સમાગમનો અવકાશ ભાગ્યે જ રહે છે. આવનારાઓ પણ પોતાનાં સુખસગવડથી વિશેષ નજર પહોંચાડતાં હોય એમ જણાતું નથી. એટલે આશ્રમની પરિપાટી શુદ્ધ વ્યવસ્થિત અને વધુ લોકોપકારક કરવાની કોઇ યોજના ત્યાં પગભર થઈ શકી નથી, એમ લાગ્યા વિના રહેતું નથી. ફુરસદ ભોગવતા કે નિવૃત્ત થએલા વિદ્વાનો, એન્જીનીઅરો, વૈદ્યો કે ડાકટરો આ આશ્રમને સલાહ કે સહાય આપી શકે તો આશ્રમનું સ્થાન અને વાતાવરણ આ યુગની મહાન પ્રવર્તમાન સંસ્થા બની જાય અને શિક્ષણ, જ્ઞાન, ઉપાસના તથા





ઉપરઃ નર્મદાતીરે શુકદેવજીનું તીર્થ (સ્કેચઃ ર.મ.શ.) ડાબી બાજુઃ નર્મદાતીરે સીનોરનો ગણેશઓવારો નીચેઃ માધવદાસજીની મૂળ બેઠક, જ્યાં હાલ તેમની છબી રાખવામાં આવે છે. આ ઓરડીની નીચે એમનું યોગસાધનાનું ભોંયરૂં છે. (ફોટોઃ ર.મ.શ.)



ચારિત્ર્યસુધારનું તેમજ ઉદ્યમશીલતાનું મોટું મથક બની જાય.

આશ્રમના સુભાગ્યે તેમના સાધુમંડળમાં પંડિત વૈષ્ણવદાસજી ન્યાયવેદાંતકેસરી પોતાનું જીવન આશ્રમને જ અર્પી રહ્યા છે. તેમનો પરિચય, વાર્તાલાપ અને સમાગમ કોઇ પણ આધુનિક વિચારોવાળાને પણ અતિ રસપ્રદ અને પ્રેરક બનશે. માલસરનું ધામ, ત્યાંની સગવડ તેમજ આતિથ્યને લઇને વિદ્યાર્થીઓ માટે તેમજ ચિંતકો અને કલાકારો માટે એક અમોલું આશ્રયસ્થાન જણાશે. નર્મદાના તટ ઉપર જ તે હોવાથી હોડીવાળા જૂજ ખર્ચે કિનારા પરનાં અન્ય સ્થળોએ માલ લઇ આવજા કરે છે. માલસરથી ભરૂચ સુધીનો જળવ્યવહાર નિત્યનો છે. માલસરથી આગળનું ગામ સીનોર એક ધીકતું ગામ છે. ત્યાં આજના માણસોને જોઇતાં સર્વ સાધનો મળી રહે છે. પગે ચાલતાં તે માલસરથી માત્ર ત્રણ માઇલ દૂર છે. નિસર્ગના શોખીનો માટે આ પ્રદેશ અદ્‌ભુત જ છે. રખડપટ્ટી કરનારાને સવારથી સાંજસુધી પર્યટનમાં માનવઅભ્યાસ, નિસર્ગપદાર્થો, પ્રાણીઓ, પક્ષીઓ અને વનસ્પતિઓ મળી આવશે નર્મદાના પથ્થરો અનેક પ્રદેશોમાંથી તણાતા આવે છે, તેમાં અકીકના પથ્થરો પણ મળી આવે છે. મંદિરને આશ્રયે રહી કોઈ પણ મંડળ ગ્રીષ્મવર્ગો કે સંમેલનો યોજી શકે અને માલસરના સંતની ભાવના વિસ્તારે એ ઇચ્છવા યોગ્ય છે.

ર.મ.શ.

માનવતાનો મુક્તિદાતા

સર રોનાલ્ડ રૉસ



સેનાશરીબ ને અસુર વેણીપાલ, ઍટીલા ને જંઘીસખાન, તૈમુર લંગ ને પીસ્રેઝર, સિકંદર ને સીઝર—જગતના એ મહાન વિજેતાઓએ માનવતાનો જે ભયંકર સંહાર ચલાવ્યો તેને આજ પણ દુનિયા ભય અને આશ્ચર્યની નજરે જોઇ રહી છે. પરંતુ સરવાળે એ બધાથી યે જબરો દુર્ધષ સંહાર ચલાવનાર, માનવતાને ત્રણ હજાર વર્ષથી એકસરખી મોતના મોંમાં ધકેલનાર સંહારક તો થોડાં જ વર્ષો થયાં જગતની નજરે ચડેલ છે. એ મહાન સંહારક તે ઍનોફીલિસ—મૅલૅરિયા ફેલાવનાર માદા મચ્છર. સિકંદરે આખું જગત જીત્યું, પણ તેને યે એણે જીત્યો; કારણ, સિકંદર મૅલૅરિયાથી જ મુઓ હતો. અને એનો સંહાર નાનોસૂનો નથી. મહારાજ્યોનો ધ્વંસ એને આભારી છે. મિસર, ગ્રીસ, એટ્રુરિયા ને રોમ એની ભયંકર ખુવારીથી જ પતિત થયાં છે એમ ડૉ. ઍન્ડ્રૂ બાલ્ફરે સાબિત કર્યું છે. બધી બાબતમાં કમનસીબ હિંદ આ બાબતમાં પણ એટલું જ કમનસીબ રહ્યું છે. ઍનોફીલિસનું એ માનીતું ક્ષેત્ર બન્યું છે. વરસે વીસ લાખનો ભોગ ધરતો બીજો કયો દારિદ્ર્યમગ્ન દેશ તેને મળે એમ છે? એથી ઊતરતો નંબર સીલોન અને પશ્ચિમ આફ્રિકાનો આવે. પણ માનવજાતનું સદ્ભાગ્ય છે કે એના સંહારકોના પ્રમાણમાં ત્રાતાઓ પણ વખતોવખત એને મળતા રહ્યા છે. એવો જ એક દૃઢપ્રતિજ્ઞ ત્રાતા મૅલૅરિયા સામે તેને મળી ગયો. તેનું નામ રોનાલ્ડ રૉસ. માનવતાનો એ મુક્તિદાતા એક અચ્છો કવિ પણ હતો.

હિંદમાં જ આવેલી કુમાઉં ટેકરીઓમાંના આલમોડા મુકામે ઇ. ૧૮૫૭ના મે ની ૧૩મીએ એનો જન્મ થએલો. નાનપણથી જ તેને દેડકાં, પતંગિયાં આદિ કુદરતની અજાયબીઓ સંઘરવાનો શૉખ હતો. શિક્ષણ તેણે ઇંગ્લંડમાં જ લીધું. વિજ્ઞાનનાં પુસ્તકોમાં એને સૌથી વધુ રસ પડતો. લાટિન—ઍલ્જીબ્રાથી તે ખૂબ કંટાળતો. છતાં ૧૮૭૩માં ઑક્સફર્ડ ને કૅમ્બ્રિજની સ્થાનિક પરીક્ષામાં આખા ઇંગ્લંડમાં તે પ્રથમ નંબરે આવ્યો.

પસાર થયા બાદ કશો વ્યવસાય નક્કી કર્યા વિના બધી બાબતોમાં તે માથું મારવા લાગ્યો. તેણે લખ્યું છે કે 'મારાં માબાપે મારી કેળવણી પાછળ નાહકનો વ્યય કર્યો. એટલું તો કોઇક લાયબ્રેરીમાં જઇને પણ થોડા મહિનામાં હું શીખી લેત.'

છેવટ સત્તરમે વર્ષે ધંધો શોધવાની તેને ફરજ પડી. લશ્કર કે નૌકાસૈન્ય માટે બાપે રજા ન આપતાં, પોતાને અખતરા કરવાની યે સગવડ મળે ને શૉખ પણ સંતોષાય માટે દાક્તરી લાઇન નક્કી કરી ને ઇન્ડીઅન મેડિકલ સર્વિસમાં જોડાઇને હિંદ આવ્યો.

થોડો વખત હિંદમાં રહી વળી તે ઇંગ્લંડ ઊપડ્યો. ત્યાં લિસ્ટરની ઍન્ટીસેપ્ટિક સર્જરી અને બૅક્ટીરિયોલૉજી શીખ્યો ને ૧૮૮૧માં એલ. એસ. એ.ની ઉપાધિ મેળવી એ સાલના સપ્ટેંબરમાં હિંદ આવ્યો. આ વખતે મદ્રાસ સ્ટેશન ઑસ્પિટલમાં તેની નિમણૂક કરવામાં આવી. એ ઑસ્પિટલમાં એક વખત મૅલૅ-

રિયાથી પીડાતી એક સ્ત્રી આવી. રૉસે પોતાના સ્વભાવ મુજબ તેને એ રોગ, તેની નિશાનીઓ વગેરેના એટલા તો સવાલો કર્યા કે તે બિચારી નાસી ગઇ!

હિંદમાં દર સાલ મૅલૅરિયાએ લેવા માંડેલા ભોગથી રૉસનું અંતર કકળી ઊઠતું. એણે 'ઇન્ડીઅન ફીવર્સ' નામના પોતાના એક કાવ્યમાં તો પ્રાર્થના યે કરી છે:


'O God, reveal thro' all this thing obscure
The unseen small, but million-murdering cause!

એકલા હિંદમાં જ નહિ, ઉષ્ણ અને સમશીતોષ્ણ કટિબંધના ઘણાખરા દેશોમાં મૅલૅરિયાનો એવો ને એવો ત્રાસ વર્તતો. જગતભરના વિજ્ઞાનીઓ એ ભયાનક કારણનું મૂળ શોધવા મથી રહ્યા હતા, પણ કોઇ સફળ નહોતો થયો. રૉસે પણ ઉપલા બનાવ પછી એ દિશામાં પોતાની શક્તિ રોકવાનો નિશ્ચય કર્યો. પણ સાત વર્ષ થયા છતાં હજુ તેની નિમણૂક પાકી નહોતી થઇ એ એક મોટો અંતરાય હતો. વર્ષે દિવસે સો રૂપિયા ઘરના જોડીને તેને નિર્વાહ ચલાવવો પડતો. આખરે કંટાળીને ૧૮૮૮માં રજા લઇ એ ઇંગ્લંડ ઊપડ્યો. ત્યાં મિસ રોઝા બ્લૉકસૅમ સાથે લગ્ન કર્યાં.

રૉસનો વિચાર રજા પૂરી થતાં રાજીનામું જ આપી દેવાનો હતો. પરંતુ ૧૮૯૦માં બૅંગલોર મુકામે તેની નિમણૂક પાકી થઇ ને તે હિંદ આવ્યો.

એ અરસામાં જ ફ્રેન્ચ સર્જન લૅવેરાંએ પોતાનો સિદ્ધાંત બહાર પાડેલો કે લોહીમાં મળી આવતા અમુક ચેપી જંતુઓ જ મૅલરિયા ઉપજાવે છે. તેણે અલજીરિયામાં રહીને જોયું હતું કે એના રોગીના લોહીનાં કણોમાં પહેલાં સહેજ કાળાશ હોય છે, પણ પછી તે વધતી જઇ તે આખા કણ ઘેરી વળે છે. એ પરથી તેણે અનુમાન બાંધ્યું હતું કે કદાચ ભીનાશમાં થતી કોઇ જીવાત જ તેની ઉત્પાદક હોય.

રૉસે પહેલેથી જ આ વિષયને પોતાના અભ્યાસમાં પરિણત કર્યો હતો, એટલે હવે ભીનાશમાં થતી જીવાતો પાછળ તે પડ્યો. એવામાં તે સિકંદરાબાદ ગયો. મચ્છરોનો ત્યાં ખૂબ ઉપદ્રવ હતો ને મૅલૅરિયાનું પ્રમાણ પણ પુષ્કળ હતું. અચાનક મચ્છર પર તેને શંકા ગઇ. પછી થયું કે એની કોઇ ચોક્કસ જાત જ એ ફેલાવતી હશે. એણે એ માટે કોઇ રોગગ્રસ્ત ગામમાં જઇ પ્રયોગ કરવાનો નિર્ણય કર્યો.



માનવતાનો સંહારક: મૅલૅરિયાનો મચ્છર

પણ અમલદારોની તંગીને બહાને તેની રજા નામંજૂર થઇ.

રૉસે મૅલરિયા માટે મચ્છર પર શંકા આણી એ કંઇ નવી ન હતી. એના પહેલાં ચૌદસો વરસ પર ભારતીય વૈદ્યોને પણ એવી શંકા આવેલી ને એ એના નિદાન પાછળ પડેલા. બાકીનું કામ એમણે ભાવિ પેઢીઓ પર છોડયું, પણ એ ભાવિ પેઢીઓ તો હીનપ્રાણ નીવડી. એ જ્યોતિર્ધરોને સ્વપ્નું યે નહિ હોય કે ભારતનાં સંતાનોને પોતાના રોગોના યે પરિત્રાણ માટે હાફકીન, કૉક, લૅવેરાં, રૉસ કે ટૉસ્કિંન જેવા પરદેશીઓનો ઉપકાર ચડાવવો પડશે.

ઇ. ૧૮૯૭માં કાલાહટ્ટી મુકામે ખુદ રૉસ ઉપર પણ મૅલૅરિયાનો હલ્લો થયો. પણ તે ક્યાંથી ને કેવી રીતે થયો એ તે નક્કી ન કરી શક્યો. એને મચ્છર પર વહેમ ગયો. એ કરડ્યો હોય એવું ખ્યાલમાં તો ન આવ્યું. પણ વહેમનું નિવારણ તો કરવું જ જોઇએ. ત્યાંથી તે સિગુર ગયો. પણ ત્યાંથી નિરીક્ષણ માટે મચ્છરો ન મળી શક્યા. આથી તે જંગલમાં ગયો ને જાતે પોતાના હાથ પર મચ્છર કરડાવી લાવ્યો. પણ કંઇ પરિણામ ન આવ્યું.

છતાં એણે અખતરા છોડી ન દીધા. મચ્છરોની અછતને લીધે ઇનામો આપીને પણ એણે મચ્છરો એકઠા કર્યા. દિવસની કામગીરીથી મુક્ત થયા પછી પણ રાતોની રાતો તે તેમના નિરીક્ષણ પાછળ ગાળવા લાગ્યો; તે એટલે સુધી કે આંખે ઝાંખ વળવા માંડી ને એનું સૂક્ષ્મદર્શક યંત્ર પણ હાથના પસીનાથી કટાઇ જવા આવ્યું. વળી એ કામમાં એ એકલવાયો જ પડી રહેતો. એના નમૂના જોવાની કે એને સાંભળવાની પણ કોઇ દરકાર ન કરતું. એની રજાની માગણી પણ વારંવાર નકારવામાં આવતી. છતાં તે નિરાશ ન થયો. એનો જીવનમર્મ એના લખેલા એક

કાવ્યની નીચેની લીટીઓમાં પ્રતીત થાય છે:

'By what we have, we lose,
By what we have not, get;
And where we cannot choose
The crown of life is set.'

આખરે એના અખતરા ફળ્યા. તેણે જોયું કે સફેદ ને ભુરા પટાવાળો મચ્છર બીજાઓ જેમ સમાંતર નહિ પણ કોણ કરીને બેસતો હતો. આખી ફોજમાંથી એ જ એક ગુનેગાર હશે એમ કોણ ધારે? પણ રૉસે તો એને જ પકડ્યો. એની સૂંઢ અગર હગાર મારફત જ લોહીમાં રોગના જંતુઓ દાખલ થતા હોવા જોઇએ.

તેણે હવે એ મચ્છર ઉછેરવા માંડ્યા. સિકંદરાબાદમાંથી એવો જ એક મચ્છર મળી આવ્યો ને બીજા એવા દસ ઇનામ આપીને પકડાવ્યા. બીજા મચ્છરો કરતાં એમનાં ઇંડાં પણ નોખાં પડી આવતાં હતાં.

નવા ઉછરેલા મચ્છરોમાંથી બે ચીરી જોયા, પણ રોગની કશી સાબિતી આપવા જેવું ન જણાયું થોડા દિવસ પછી ફરી બીજા બે ચીરી જોયા, પણ એ જ પરિણામ. એમ કરતાંકરતાં ૧૮૯૫ના ઑગસ્ટની ૨૦મીએ એણે છેલ્લો મચ્છર ચીર્યો. આબાદ! મહેનત ફળતી જણાઇ. રૉસને તેમાં મેશ જેવા કેટલાક કણ જણાઈ આવ્યા. એ જો રોગના જ હોય તો વધવા જોઇએ. આખી રાત તે એ તપાસતો બેસી રહ્યો. બીજે દિવસે એ કાળો કોષ મોટો થયો હતો. બસ ત્યારે, મચ્છરો જ મૅલૅરિયાનું કારણ હોવા જોઇએ. પોતાની સિદ્ધિના એ દિવસને રૉસે 'મૉસ્કીટો ડે' કહ્યો છે.

એ દિવસ માટે એણે લખ્યું છે કે, 'મેં હજારેક મચ્છરોનાં જઠર તપાસ્યાં હશે. હું થાકી ગયો હતો— ના, હિંમત જ હારી ગયો હતો. શા માટે આ બધી મહેનત કરવી? પણ અસંખ્ય પીડાતાઓના દુઃખાર્ત પોકારે હું ફરી કાર્યરત થયો ને તરત એક જઠરમાં મેં ચોકખી વર્તુલાકાર રેખા જોઇ. તેનો પરીઘ લગભગ બાર માઇક્રોન (એક માઇક્રોન એટલે એક મીટરનો દસ લાખમો ભાગ) જેટલું હતું . . . આગળ જોતાં એવો જ બીજો કોષ મળી આવ્યો મેં મારા કપાળ પરનો પરસેવો લૂછ્યો અને માઇક્રોસ્કોપ ગોઠવી વધુ નિરીક્ષણ કર્યું. એ કોષોમાં મને સૂક્ષ્મ કાળા અણુઓ દેખાયા. એવા જ અણુઓ મને મૅલૅરિયાથી પીડાતા દર્દીઓના લોહીમાંથી મળી આવ્યા હતા. ત્યારે તો મારી શોધ સફળ થઇ! હું હસી ઊઠ્યો.'

એ હાસ્ય કાર્યસિદ્ધિની મુસ્તાકીનું કે વિજયની ઉદ્ધતાઇનું નહોતું. માનવના પ્રત્યેની અનુકંપાનું, મોતની ઉપેક્ષાનું એ હાસ્ય હતું બીજે દિવસે પોતાના 'In Exile' કાવ્યમાં એ વિજયને એણે આ રીતે મૂર્ત કર્યો.

'With tears and toiling breath,
I find thy cunning seeds,
O million murdering Death.

I know, this little thing
A myriad men will save.
O Death, where is thy sting?
Thy victory, O Grave?

એની આ શોધ લૅવેરાં અને લૉર્ડ લિસ્ટર સુદ્ધાંએ કબૂલ રાખી. એ જ શોધ પાછળ લાગેલા સર પૅટ્રિક મૅન્સને પણ પોતાના પુત્રને ઇટલીથી આણેલા મચ્છરો ડંખાવી ખાતરી કરી લીધી ને એ સાથે જ માનવજાતિને સંહારમાંથી ઉગારનાર આ મહદુપકાર માટે રૉસ પર માનઅકરામોની નવાઝિશો થવા લાગી. ૨૭ સોસાએટીઓએ તેને પોતાનો સભ્ય બનાવ્યો. જુદાં જુદાં ૨૧ ઇનામો ને ચાંદો તેને મળ્યાં ને સ્ટૉકહોમની યુનિવર્સિટીએ ત્યાર સુધીમાં કોઈ પણ પરદેશીને નહોતી આપી એ એમ.ડી.ની ઉપાધ તેને આપી.

ત્યાર પછી જ્યાંજ્યાં મૅલૅરિયાનું પ્રમાણ પુષ્કળ હતું ત્યાંત્યાં રૉસ ફર્યો. ૧૯૦૧માં તેને રૉયલ સોસાએટીનો ફેલો બનાવવામાં આવ્યો. ૧૯૦૨માં વૈદક માટેનો નોબેલ પુરસ્કાર પણ મળ્યો. ઇંગ્લંડે ૧૯૧૧માં તેને કે. સી. એમ. જી.નો ઇલકાબ આપ્યો. ઇંગ્લંડને તેણે મહાયુદ્ધમાં રૉયલ આર્મી મેડિકલ કોરમાં કર્નલ તરીકે સેવા આપી.

પરંતુ રૉસે ઇંગ્લંડની કરેલી મોટામાં મોટી સેવા તો એ છે કે પનામાથી તે ચીન સુધીનાં સંસ્થાનો એણે માનવવસવાટ યોગ્ય બનાવ્યાં. સુએઝની નહેર જેટલી જ પશ્ચિમ ગોળાર્ધમાં મહત્ત્વની પનામાની નહેર, રૉસે જો મૅલૅરિયાનો પ્રતિકાર ન શોધ્યો હોત તો, હસ્તીમાં જ ન આવી હોત. એટલે જ એ નહેર માટે કહેવાય છે: **'Sir Ronald Ross cut it with his little dissecting scapel.'**

ઇંગ્લંડનાં સંસ્થાનોનું રૉસે મહત્ત્વ વધાર્યું, પોતાની ઉપકારક શોધથી એનું ગૌરવ જગતમાં વધાર્યું; પણ ઇંગ્લંડે તો પાછલી વયમાં એને (અનુસંધાન આગળ પૃ. ૨૬૭મે)

અગોચર સૃષ્ટિ

જ્યાં સત્ય એ આભાસ છે અને આભાસ એ સત્ય છે,

જ્યાં પદાર્થમાત્ર ધુમાડો બની રહે છે અને ગતિ તથા કાળનાં વહેણ અકલ્પ્ય બને છે એવી,

અશરીરી એકાન્તની,

ભૂમિતિના કો અદૃશ્ય કોણ ઉપર આવેલી, ચોથા પરિમાણની ભયાનક અને અગમ્ય સૃષ્ટિની વિજ્ઞાનવાર્તા



દાબડામાંથી સુંદર આકીકની બે બુદ્ધમૂર્તિઓ કાઢી તે વૃદ્ધ લામાએ આગળ ચલાવ્યું.

૧૯૨૫ની સાલ હતી. હિમાલયની ઉત્તરે તિબેટના બરફમય પ્રદેશમાં આવેલા એક બૌદ્ધ મઠમાં ગરમ પાણીમાં ઉકાળેલી ચા પીતાં ત્રણ વ્યક્તિઓનો વાર્તાલાપ ચાલી રહ્યો હતો. બરફ જેવાં જ સફેદ દાઢી-મૂછ અને જટાવાળા, તાલ પડેલા કરચલીવાળા ચહેરાને તો એ ત્રણેમાંથી સહેજે ઓળખી શકાય. કોઇ અ-ગોચર ખૂણે પડ્યા રહી, આત્મા અને વિશ્વના કોયડાઓ ઉકેલી રહેલા એ એકાકી લામાગુરુ હતા. બાકીના બે લગભગ સરખી જ વયના તરુણો હતા.

એક તરુણ વાને ભરેલો ને પડછંદ દેખાતો હતો. તેનું નામ જ્વાલાદત્ત. પંજાબના કોઇ જમીનદાર ઘરાણાનો એ લાગતો હતો. તેનું અણીદાર નાક, અક્કડ હડપચી, પાતળા હોઠ ને ભરાવદાર ગાલ કોઇના પર પણ પ્રભાવ પાડે એવા હતા. બીજો તરુણ સૌરીન્દ્ર બંગાળી હતો. બાંધે પાતળો ને નાજુક. તેની આતુર નજર ચારે બાજુએ ફરતી રહેતી. તેનો ચહેરો નિખાલસ ને ગમી જાય તેવો હતો.

'વત્સો, હવે ત્યારે વિદાય લ્યો. તમારે બહુ દૂર જવાનું છે.' નીચી આંખે શુદ્ધ હિંદીમાં ધીરેધીરે શબ્દ ગોઠવતાં યોગીએ છેવટ ઉચ્ચાર્યું; ને તેના ધ્રૂજતા હાથ આશીર્વાદ આપવા લંબાયા, એટલામાં જ સૌરીન્દ્ર વચ્ચે બોલી ઊઠ્યો: 'ક્ષમા, ગુરુજી! વિદાયની વાત ન કરો. મને લાગે છે કે કોઇક દિવસ તો પાછા—'

'જી હા, અમે આપની પાસેથી ઘણું શીખ્યા.' પેલો ખડતલ પંજાબી યુવાન વચ્ચે બોલી ઊઠ્યો.

'ખરી વાત છે. તમે ઘણું જાણવા પામ્યા છો. દત્ત, તારામાં અજબ મગજ સાથે તાકાત પણ ખૂબ છે. તારા જ્ઞાનના બળે તું ઘણું પ્રાપ્ત કરી શકીશ.

પણ યાદ રાખજે કે તેનો ઉપયોગ પોતાની સત્તા માટે કરવાનો નથી. અને સૌરીન્દ્ર,' લામાજીએ બાજુમાંથી એક નકશીદાર દાબડો હાથમાં લઇ તે ઉઘાડતાં સૌરીન્દ્રને ઉદ્દેશી કહ્યું, 'તું દત્ત કરતાં ગણિતમાં વધારે પાકો છે. ચિહ્નો, સંકેતો અને આંકડાઓના હિસાબથી તેના કરતાં તું આગળ જઇ શકે એમ છે. પણ તારે એનામાંથી શીખવાનું છે કે ક્રિયા વિનાનું જ્ઞાન શૂન્ય છે, અથવા માત્ર આંકડાની જાદૂગરી જ છે.' અને વાક્ય પૂરૂં કરતાં તેમણે દાબડો ખોલ્યો ને તેમાંથી સુંદર અકીકની બે બુદ્ધમૂર્તિઓ કાઢી આગળ ચલાવ્યું.

'જુઓ, મનના વિનોદ અને વિશ્રાંતિ અર્થે હું ઘણીવાર હાથે કામ કરૂં છું. આ મઠના પૂર્વમહંતો પણ એવું કંઇ કર્યા જ કરતા. આ મૂર્તિઓ તમને હું પ્રસાદી રૂપે આપું છું. મેં મારે હાથે કઠણ અકીક કોરીને એ બનાવી છે. તમને કદાચ એ પરધર્મના દેવ લાગશે. મેં તો તમારા ધર્મની પૃચ્છા કરી નહોતી, છતાં તમને ગણિત અને આ અગમ વિદ્યા શીખવ્યાં છે. તમારા વિનય અને શ્રદ્ધાથી હું પ્રસન્ન થયો છું. આ જીવનમાં હવે ફરી આપણે નહિ મળી શકીએ, કારણકે હું અતિ વૃદ્ધ થયો છું. પણ તમારા કલ્યાણ માટે અને મારી સ્મૃતિરૂપે આ મૂર્તિઓ તમે રાખો. એનો નમૂનો જગતમાં બીજે કયાંયે નહિ હોય. તમે તમારૂં જ્ઞાન અને વિદ્યા શ્રેયપંથે રાખશો તો તમને સદ્ભાગ્ય ને શાંતિ પ્રાપ્ત થશે.'

હાથ જોડી રહેલા બંનેના હાથમાં એકેકી મૂર્તિ આપી, આ પ્રાચીન સંપ્રદાયના ગુરુએ ઊભા થઇ અંદરની ગુફામાં જતાં ફરી કહ્યું, 'વિદાય મૌનથી જ શોભશે. ઓમ મણિપદ્મે હુમ્'

સૌરીન્દ્રની આંખ આર્દ્ર બની હતી. હાથમાંની મૂર્તિ એ જોઇ રહ્યો હતો. પણ પેલો જ્વાલાદત્ત કટાક્ષ કર્યા વિના ન રહ્યો: 'કારીગરી તો સારી છે; પણ આવા પ્રખર જ્ઞાનીએ નકામો કાળક્ષેપ કર્યો લાગે છે.'

'ચાલો, આપણે હવે રસ્તે પડીએ,' સૌરીન્દ્રે વાત ફેરવી: 'હિંદુસ્તાનમાં જઇને આપણે તેની ચર્ચા કરીશું.'

'હા, જરૂર;' દત્ત બોલ્યો, 'તારે શી ચિંતા છે? પૈસાદારનો બેટો છે! પણ મારે તો કંઇક કામ શોધવું પડશે.'

'બધું ઠીક થઇ રહેશે. તારામાં આવડત ઘણી છે.' સૌરીન્દ્રે તેની વાત આગળ ચાલવા ન દીધી. બે વર્ષ સુધી મહાપ્રયાસે શીખેલી ગુહ્ય વિદ્યાનાં ટાંચણો ને પોથીઓ સંભાળથી બાંધી, મૂર્તિને રેશમના કપડામાં વીંટી એ હિમમય પ્રદેશની છેલ્લી ઝાંખી કરી ચાલી નીકળ્યો.

૧૯૩૬

ગઇ સાલ સુધી તો બિજનોરના એ ગંગાપ્રસન્નને કોઇ ઓળખતું નહોતું, પણ આ સાલ એમનું નામ આખા દેશમાં જાણીતું થઈ ગયું હતું. એને જો તકદીર કહી શકાય તો ગંગાપ્રસન્નનું તકદીર ફર્યું હતું ને સટ્ટામાંથી એમણે અઢળક કમાણી કરી હતી. એમાંથી અમુક ભાગ એમણે છૂટે હાથે વાપરવા માંડયો ને એમને નામના અપાવવા એ બસ થઇ પડયો. સરકારે પણ એમને 'રાજાબહાદુર' બનાવી દીધા હતા.

આમ છતાં ગંગાપ્રસન્નના ચહેરા પર હજુ પ્રસન્નતા નહોતી દેખાતી. તેનું કારણ, એ કુબેર મારવાડીને પોતાની અઢળક દોલત સાચવવાની ચિંતા પેઠી હતી. ખૂબ ખૂબ તર્કો એ વિષય પર કર્યા પછી આખરે એક સલાહકારના કહેવાથી તેણે ન્યૂ યૉર્કની પ્રખ્યાત જૉર્ડન કંપનીએ બનાવેલું અભેદ્ય લોખંડી વૅકવૉલ્ટ પોતાના ભોંયરામાં ઉતારવાનું નક્કી કર્યું હતું.

આજે એ રાક્ષસી અભેદ્ય ગુંબજ આવી પહોંચ્યું હતું ને એ સાથે એની કામગીરી સમજાવવા કંપનીનો માણસ માર્ટિન શેમરહૉર્ન પણ આવેલો. ગંગાપ્રસન્ને પોતાના બેચાર ખાસ અંગત મિત્રોને પણ એ પ્રસંગે નોતરેલા. માર્ટિન એ લોકોની હાજરીમાં બધું સમજાવવા ઊભો થયો. એ જાજરમાન પોલાદી ગુંબજના બોલ્ટ પણ એવી રીતે બેસાડેલા કે કોઇ આદમીથી એ ઉઘડવા તો આકાશકુસુમવત જ હતા. એ સાથે બારણાં પાછળ જ ત્રણ ઘડિયાળ એવી રીતે મૂકેલાં કે એ ત્રણેનો સમયમેળ સધાય ત્યારે જ બારણાં ખુલે. અકસ્માત અંદર પૂરાઇ જનાર માટે હવા, ટેલીફોન વગેરેની યે સગવડ હતી. ટૂંકમાં, માર્ટિનના કહેવા મુજબ, ચુનંદામાં ચુનંદા દસ તીજોરીતોડુઓ છેલ્લામાં છેલ્લી ઢબનાં તેમનાં ઓજારો, ટૉર્ચો અને ડાયનેમાઇટથી એક અઠવાડિયું સતત મથતા રહે તો યે તોડી ન શકે એવો એ પોલાદી ગુંબજ હતો. બધું સમજાવી રહ્યા પછી એ બોલ્યો, 'હવે જુઓ. ઘડિયાળમાં આવતી કાલે દસ વાગ્યાનો સમય હું મૂકું છું. બરાબર એ વખતે

જ બારણાં તમારાથી ખુલશે, એ પહેલાં નહિ.'

તેણે એ બારણાંનું નિયંત્રણ કરવા માંડતાં રાજાબહાદુરના મિત્રોએ તેને કેટલાક સવાલ કર્યા ને તેના તેણે સંતોષકારક જવાબ આપ્યા. એમાંનો એક બેંકનો ઇજનેર હતો ને તેણે પણ બધું સંચાકામ તપાસી સંતોષ જાહેર કર્યો. માર્ટિને તોતીંગ પૈડાંની કળ ફેરવી ને હળવે હળવે કંઇ અનોખી ભવ્યતાથી ગુંબજના જાજરમાન દરવાજા બીડાતા ગયા. માર્ટિને હાથો ફેરવી, તેને તાળું મારી, ચાવી ગંગાપ્રસન્નના હાથમાં સોંપી. આ નિદર્શન ઉપર તેને હિંદમાંથી બીજા બે આશ્રયદાતાઓ ને પ્રતિષ્ઠા મળવાની આશા હતી.

એ સાંજે જ એક જુવાન રાજાબહાદુરની મુલાકાતે આવ્યો. આવતાં વેંત એક નાનીસરખી વસ્તુ તેના હાથમાં મૂકતો તે બોલ્યો, 'જનાબ, આ જુઓ, ખૂબ ચોકસાઇથી જોઇ લેજો . . .'

'અત્યારે હું બહુ રોકાણમાં છું.' એ હાથમાં લઈ, જોઈ ન જોઈ ને ઉતાવળે તે આગંતુકના હાથમાં પાછી મૂકતાં રાજાબહાદુરે બહાર જવાની તૈયારી કરવા માંડી.

'બેપરવાઇ, આટલી બધી ?' પેલા જુવાનના ચહેરા પર ગુસ્સો તરી આવ્યો, 'વારૂ, સાંભળી લો કે આવતી કાલે તમારા અભેદ્ય ગુંબજમાં આ જ વસ્તુ બારણા વચ્ચે પડી હશે.' એટલું કહી તે ઉતાવળે ચાલ્યો ગયો.

એ વખતે તો ગંગાપ્રસન્ને એ જુવાનની વર્તણૂક દીવાની ગણી હસી કાઢી, પણ બીજે દિવસે માર્ટિનની સૂચના મુજબ મહેમાનોની હાજરી વચ્ચે એ ગુંબજ ખોલ્યો કે તેમના આશ્ચર્યનો પાર ન રહ્યો. એ જુવાને બતાવેલી વસ્તુ જ બરાબર બારણાંની વચ્ચે પડેલી! ધ્રૂજતે હૃદયે પણ હસતે મોએ એ ઉપાડી લેતાં તે બોલ્યા, 'અરે, આ અહીં? કાલે ક્યારે મારા ખીસામાંથી એ સરી પડી તેનો ખ્યાલ જ ન રહ્યો.' બધાને એમની વાત સ્વાભાવિક લાગી. કોઇને કશી આશંકા ન ઉપજી. પણ આમ, તમાચો મારી, ગાલ લાલ રાખવા જતાં ગંગાપ્રસન્નના હૃદયે અનુભવેલી વ્યથા તો માત્ર તે પોતે જ સમજી શકે એમ હતું.

એ જ સાંજે ટેલીફોન પર પેલો જ પરિચિત અવાજ આવ્યો, 'કેમ મારી તરકીબ આબાદ છે ને?'

રાજાબહાદુર દિઙમૂઢ બની સાંભળી રહ્યા હતા ત્યાં એણે આગળ ચલાવ્યું: 'જુઓ સાંભળો. મને



'તો સાંભળી લો, કે આવતી કાલે તમારા અભેદ્ય ગુંબજમાં આ જ વસ્તુ બારણા વચ્ચે પડી હશે.'

એક લાખ રૂપિયા જોઇએ છે. એક સામટા કદાચ ન ભરી શકો તો પચીસપચીસ હજારના ચાર હપતામાં આપશો તો યે વાંધો નહિ. જો મારી માગણી ન સ્વીકારી તો હું વારંવાર એ યુક્તિ લડાવવાનો. છતાં મને પ્રામાણિક રહેવા દઇ એ રકમ તમે પહોંચાડી દો એ ઇચ્છનીય છે.' અને એ સાથે રિસીવર મૂકાયાનો ખટકારો રાજાબહાદુર ગંગાપ્રસન્નના કાનમાં ગાજી રહ્યો.

કથાનક

મારૂં નામ પ્રકાશ. પહેલાં તો હું છૂપી પોલિસમાં હતો, પણ અત્યારે સૌરીન્દ્ર નામના વિજ્ઞાનીનો સાથીદાર બન્યો છું એ કંઇ જુદી જ દુનિયાના અખતરા કર્યા કરે છે. માણસની આંખ જે નથી જોઈ શકતી, માણસની બુદ્ધિ જે નથી કલ્પી શકતી, તે એ જોઇ–કલ્પી શકે છે. એ બાબતના જ એ અખતરા કર્યા કરે છે. મારૂં અખાડાથી કસાએલું શરીર એને ગમી ગયું ને એણે મને પોતાનો સાથીદાર બ-

નાવ્યો છે; કારણ બુદ્ધિબળ જેટલું શરીરબળ એની પાસે નથી. હું એના અખતરાગાં ઝાઝું સમજતો તો નહિ, પણ સામાન્ય માણસોથી તે અદ્ભુત હતો એવો તો મને પાકો ઈતબાર બેસી ગએલો.

એને ત્યાં રહ્યા છતાં હું વારંવાર માગ જૂના ખાનાના માણસોને તો મળવા જતો જ. મેં સૌરીન્દ્રની ઘણી વાતો તેમને કરેલી. એ મુજબ એક દિવસે મુકરર કરેલા સમયે હું અમારા ઇન્સ્પેકટર પાસે ગયો ત્યારે બીજા પણ બે જણ તેની પાસે બેઠેલા. ત્રણેના ચહેરા ચિંતાતુર હતા. હું ત્યાં જતાં ઇન્સ્પેકટર સહેજ હસ્યા ને બોલ્યા, 'પ્રકાશ, હવે તારા વિજ્ઞાનીને અજમાવવાનો પ્રસંગ ઉપસ્થિત થયો છે. શહેરમાં કોઇ ભૂતની ચાલબાજી શરૂ થઇ લાગે છે. પણ તું સાથે જ ચાલ—ત્યાં. વખત ગુમાવવા જેવો નથી.'

હું સીધો તેમને સૌરીન્દ્રને ત્યાં લઇ ગયો. ત્યાં ઇન્સ્પેકટરે બીજા બે જણની ઓળખાણ આપી. એક હતા બિજનોરના સર ગંગાપ્રસન્ન ને બીજો હતો એમની પેઢીનો મુખ્ય મૅનેજર. પોતાની ગંજાવર દોલત મૂકવા ઠેઠ અમેરિકાથી એમણે એક અભેદ્ય ગુંબજ મગાવેલું. છતાં કોઇક એ અભેદ્યતાને યે ભેદીને અંદર હરદમેશ એક ચીજ મૂકી જતું. જો એને લાખ રૂપિયા મળે તો જ એ પ્રયુક્તિ અટકાવવાનું તેણે કહેલું.

બધી વાતચીત થઇ જતાં છૂપી પોલિસનો ઇન્સ્પેકટર બોલ્યો, અમે તમારા દેશપ્રેમને આ ટાંકણે આહ્વાન આપીએ છીએ. નક્કી એ ભૂતની જ કારીગરી છે. જે વસ્તુઓ જ્યાં ન દેખાવી જોઇએ તે ત્યાં દેખાવા લાગી છે. બરાબર દસ દિવસ થયા. આમ તો હું ભૂતબૂત કશામાં નથી માનતો; પણ તાળું વાસીને સૂવા છતાં મારી પથારીમાં ત્રણ વખત હથિયાર મળી આવતાં હવે તો હું યે આશંકા ધરાવતો થયો છું. બોલો, તમે કંઇ કરી શકો એમ છો? છેલ્લી આ એક મૂર્તિ મળી છે.'

મૂર્તિ જોતાં જ સૌરીન્દ્રની આંખમાં ચમક આવી.

'કદાચ કરી શકું.' તે હસતો હસતો બોલ્યો. ઓચિંતો કંઇ ધડાકો કરવાનો હોય ત્યારે જ એ એવું હસતો. તમારા આ ભૂતને હું ઓળખું છું.'

'ઓળખો છો?!' ત્રણે જણા સાધાન બોલી ઊઠયા.

'હા. પણ એ માટે મારી પાસે કશા સાબિતી-પુરાવા નથી. વળી હું ઓળખું છું એ જ ભૂત આ કરામત કરે છે કે કેમ એ પણ હું નથી જાણતો. હું કોશિશ કરીશ, પણ વચન નથી આપતો. જો સફળ થયો તો એને હરાવીશ, નહિ તો . . .'

'નહિ તો?'

'જગતનો એ નવો સરમુખત્યાર બનશે.' સૌરીન્દ્રે વાકય પૂરૂં કર્યું.

થોડી ઔપચારિક વાતચિત બાદ એ ત્રણે જણે વિદાય લેતાં, મારી સામે ફરી સૌરીન્દ્ર બોલ્યો, 'પ્રકાશ, આ એક નવું જ સાહસ આવ્યું છે, અને તેમાં તારૂં શરીરબળ ખાસ અજમાવવું પડશે. આ કરામતની ચાવી તો હું જાણું છું. ઘણાં વર્ષો પહેલાં તિબેટના એક મહાત્મા પાસે હું ને મારો જોડીદાર અગમ વિદ્યાપ્રાપ્તિ મેળવવા ગએલા. દુનિયા જાણી પણ ન શકે એવા એક ચોથા પરિમાણની સૃષ્ટિમાં અમે અખતરા કરતા. એ દુનિયા એવી છે કે જ્યાં નક્કર પદાર્થ નક્કર પદાર્થની આરપાર જઇ શકે છે. માણસની દુનિયા માત્ર લંબાઇ, પહોળાઇ ને જાડાઇ જ જાણે છે, પણ એ ત્રણેને કાટખૂણે જે ચોથું પરિમાણ આવેલું છે તે એ નથી જાણતી. ગુરુજીએ અમને બંનેને તેથી જ્ઞાત કર્યા પછી દરેકને એકેક મૂર્તિ આપી હતી. જો, મારી મૂર્તિ આ રહી. પેલી બીજી મૂર્તિ દત્તની જ લાગે છે. આપણે એની કરામતો બંધ કરવી જોઇએ. એક બાજુ દેશની શાખ ને એક વ્યક્તિની મિલ્કત બચાવવાનો મુદ્દો છે; બીજી બાજુ એક સિદ્ધિને અધમ માણસનું શેતાની હથિયાર બનતી બચાવવાની છે. આ બંને બાબતો પર વિચાર કરીને જ મેં આ કામ હાથમાં લીધું છે.

અમારા લામા ગુરુજી ગજબનાક ગણિતશાસ્ત્રી હતા. માની પણ ન શકાય એવી બાબતો એ ગણિતના મદાર પર કરી શકતો. હું પોતે પણ એ નજરોનજર જોયા પહેલાં નહોતો માની શક્યો. અખતરાઓએ અમને પ્રત્યક્ષ કરી આપ્યું કે ચોથા પરિમાણ પર ગતિ કરતાં નક્કર પદાર્થની આરપાર નક્કર પદાર્થ નીકળી જઇ શકે છે. પોલાદના દરવાજામાંથી આવું અફીણ પણ એ જ રીતે પસાર થઇ શકે, ને એ જ રીતે નક્કર દીવાલની આરપાર છરો મોકલી શકાય!'

હું તો આભો જ બની આ સાંભળી રહ્યો. મારૂં ભેજું એમાં ચંચુપાત ન કરી શક્યું. મેં એમને પૂછયું: 'પણ જ્વાલાદત્ત જો પોલાદી સળિયા ભેદી અંદર જઇ

શકે તો પોતાને જોઈતું નાણું ઉઠાવી ન લે?'

'પોતાની શક્તિનો પરચો બતાવવાની ખાતર, પોતાની સરમુખત્યારીથી બીજાઓને પોતાનું કહ્યું કરતા કરવા ખાતર. પરિમાણોમાં તો . . .'

પણ હું એ પરિમાણપુરાણથી કંટાળ્યો હતો 'મારા ભેજામાં તો એમાંનું કશું ઊતરે એમ નથી.' હું બોલ્યો.

'સાંભળ!' હુકમ કરતી ઢબે સૌરીન્દ્ર બોલ્યો, 'એ બધું તને હું સરળતાથી સમજાવી દઉં છું. જો તું એક બિન્દુએથી સીધી ગતિ કરે તો એક રેખા બને છે. હવે એ રેખાને કાટખૂણે બીજી રેખા લંબાવ અને એક ક્ષેત્ર તૈયાર થશે. એ ક્ષેત્રને હજુ કાટખૂણે લંબાવતાં ઘન આકૃતિ નીપજશે. તાર્કિક રીતે, આમ થએલી ઘન આકૃતિને યે એનાં ત્રણ પરિમાણોને કાટખૂણે આવેલા ચોથા પરિમાણમાં ગતિ કરાવી શકાય.'

મને એથી કશું વિશેષ સ્પષ્ટ ન થયું. હશે, કારણ હું કંઇ વિજ્ઞાની ન હતો.

'પરંતુ એ ગતિની એક ચાવી છે.' તેણે આગળ ચલાવ્યે રાખ્યું: 'ઘન પદાર્થોને મજબૂત વિજળીક પ્રવાહ આપતાં એવી ગતિ કરાવી શકાય છે. દાખલા તરીકે બરફ જ લે. એને વરાળમાં પલટાવતાં ત્રીજું પરિમાણ મળે છે. એવો બીજો દાખલો પાણીની સપાટી છે, જે માત્ર બે જ પરિમાણો રોકે છે. પરંતુ એમાં તરંગ ઊઠતાં એને ત્રીજું પરિમાણ મળે છે.'

'અને ચોથું પરિમાણ તો ઝાંખું, લગભગ અંધારૂં જ છે એમ કહીએ તો ચાલે. ભૌતિક પદાર્થો તેમાં અપદાર્થ અને ઓળા જેવા જ હોય છે. જો તું એ ચોથા પરિમાણમાં જાય તો કોઇ અજાણ્યા ઘરમાં પ્રવેશ કરનારની માફક બહુ મુશ્કેલીએ રસ્તો શોધી શકે વાતાવરણ એવું તો ધુમ્મસિયું હોય કે ઠેઠ નજીક પહોંચ્યા પહેલાં ભાગ્યે જ કોઇ વસ્તુને તું જોઇ શકે!'

'પણ તેં એ કેમ જાણ્યું?' મેં વચ્ચે સવાલ કર્યો.

'કારણ, હું ત્યાં જઈ આવ્યો છું.' તે બોલ્યો.

'પણ ત્યાં એટલે ક્યાં?'

મારો સામો સવાલ સાંભળી સૌરીન્દ્ર ઊભો થયો. એના ચહેરા પર શ્રમથી કરચલી પડી ગઇ હતી. એ કંટાળેલો જણાતો હતો. પણ એની આંખોમાં એવું તેજ ઝબકતું હતું, જે પહેલાં કદી મેં ન જોએલું.

'બીનમાનવના વિસ્તારમાં!' તે જુસ્સાથી બોલ્યો: 'એવી જગ્યામાં—જો એને જગ્યા કહી શકાય તો—કે જ્યાં સત્ય એ આભાસ છે ને આભાસ એ સત્ય છે. આપણી ભૂમિતિના અદૃશ્ય ખૂણા પર આવેલી અર્ધસૃષ્ટિમાં . . . જ્યાં પદાર્થમાત્ર ધુમાડો બની રહે છે—અને જેની અંદર જ્વાલાદત્ત શયતાની ચલાવે છે.'

એનો અવાજ મને અનેક તરંગોમાં ગરક કરતો હતો.

'હવે જો તારી મરજી હોય તો, આપણે બને ત્યાં જઇએ—અને દત્તને શોધી કાઢી તેને અટકાવીએ. પણ—પણ પ્રકાશ, એ અખતરો ભયંકર છે.'

'એ તો ઠીક છે; આપણે ક્યારે ઊપડવું છે?'

'એમાંથી જીવતા આવવાની આશા નથી એ તું બરાબર સમજી ગયો હો તો હમણાં જ.' સૌરીન્દ્રે શાંતિથી જવાબ આપ્યો. 'પહેલાં તો આપણા શરીરને વીજળીનાં ખાસ કિરણો આપી તેને તેજમુક્ત કરવું પડશે, જેથી તે ચોથા પરિમાણમાં જઇ શકે. પણ વિજળીનો એ પ્રવાહ જો ત્યાં ને ત્યાં જ ખલાસ થયો તો આ દુનિયાનું મોં ફરી આપણે નહિ જોઇ શકીએ. લામાજીએ અમને તો માત્ર ગણિતના ઉપક્રમે એ વસ્તુ સમજાવેલી, પણ એ ઉપક્રમ પર અખતરા કરી મેં આટલી સિદ્ધિ તો મેળવી છે.'

'હું એ નથી માનતો.' હું બોલ્યો.

'કંઇ પરવા નહિ.' તેણે બેદરકારીથી જવાબ દીધો. પોલિસને યોગ્ય બંધારણ તારામાં છે, છતાં મારી પાછળ તો તું જાનને જોખમે પણ આવવાનો જ, કારણ—'

'કારણ, તું તારી પોતાની જાતને સંભાળવાથી યે બેદરકાર એવો મૂર્ખો છે.' મેં જવાબ આપ્યો.

સૌરીન્દ્ર કંઇ વધુ ન બોલ્યો. 'ઠીક છે, ચાલ' કહેતો ઉપરના ખંડમાં તે મને ઘસડી ગયો. ત્યાં ખૂણામાં એક લોખંડની તીજોરી ને તેમાં માણસ ઊભો રહી શકે એટલી પહોળાઇના તારનો નળો હતો.

'તારી પાસે ધાતુની જે કાંઇ ચીજ હોય તે ફેંકી દે ને ગૂંચળા વચ્ચે જઇ ઊભો રહે' તે બોલ્યો, 'કારણ, વિદ્યુન્મય શરીર ધાતુથી બળવા માંડે છે—શા માટે તે હું નથી કહી શકતો.'

એની સૂચનાને અનુસરી હું નિર્દિષ્ટ સ્થાને જઇ ઊભો. તેણે તારનો નળો મારી આસપાસ ઉતારી દીધો. પછી કાચની કેટલીક નળીઓ તેની આસપાસ ગોઠવીને તિજોરીના એક પછી એક હાથાને ખેંચતો



પછી કાચની કેટલીક નળીઓ તેની આસપાસ ગોઠવીને તિજોરીના એક પછી એક હાથા તે ખેંચતો ગયો.

ગયો. મને એક જાતનો ગણગણાટ સંભળાવા લાગ્યો ને ધીમે ધીમે મારી દૃષ્ટિ ઝાંખી પડતી હોય એમ લાગ્યું.

કોઇ માણસે કદી ન અનુભવેલી એવી લાગણીઓ હું શી રીતે વર્ણવી શકું? વિચિત્ર એટલી જ ભયંકર એ લાગણીઓ હતી. દાંત કાઢવા માટે વપરાતા ઇન્જેકશનનો તમે કદી અનુભવ લીધો છે? તમારો આખો ચહેરો બહેર મારી જાય છે. તમને દબાણ લાગે છે. માથું ફરતું લાગે છે. તમારો દાંત છૂટો પડતો તમે અનુભવો છો, છતાં કશું દર્દ કે તમારો ચહેરો જીવતો હોવાનું પણ તમે અનુભવી શકતા નથી. બરાબર એવી રીતે જ અસર મારા પર થવા લાગેલી. ધીમેથી છતાં ક્રમશઃ મારૂં આખું શરીર જાણે બહેર મારી જવા લાગ્યું. ઘડીઆળનો ટકટકારો પણ ધીમો થતો ગયો.

અને પછી સૌરીન્દ્રના એ ખંડની દીવાલો પારદર્શક બની ગઇ! તમે એ નહિ માનો. દીવાલોની આરપાર બધું જોઇ શકવા છતાં હું એ પહેલવહેલો એ નહોતો માની શક્યો. એ અત્યંત ભયપ્રેરક સ્થિતિ હતી. કશા અવાજની ગેરહાજરી, ઝાંખા થતા, દીવા--બધાં કોઈ અશારીરી એકાંતનો અનુભવ કરાવતાં. હું બીલકુલ હોશમાં હતો, વિચાર કરી શકતો હતો, છતાં જાણે હું વ્યક્તિ મટી ગયો હતો! તમને આ અર્થ વગરનું લાગશે. તમે કહેશો કે હું સીધી સાદી વાત નથી કરતો. પણ જન્મના બહેરાને દિલચસ્પ સંગીત સુણાવવું જેટલું મુશ્કેલ છે એથી એ મારો અનુભવ તમને સમજાવવો વધુ મુશ્કેલ છે.

એ તારનાં ગૂંચળાં, એ કાચની નળીઓ, એ તિજોરી, એ પ્રયોગશાળા—કશાનું જાણે અસ્તિત્વ જ ન હોય તેમ હું તેમની આરપાર નીકળી ગયો. એ મારામાંથી પસાર થયાં કે હું એમનામાંથી? કોણ જાણે. મારા પગ ગતિમાં હતા, પણ એ જાણે કોઇ બીજાના જ હોય એમ હું એમનો સંવેગ કશો અનુભવતો ન હતો. મારા હાથની તાળી મેં પાડી જોઇ, પણ ન કશો અવાજ થયો કે ન કશી લાગણી! જાણે આ મૃત જગતમાં હું એ મુર્દું બની ગયો હતો . . . અને છતાં હું જાગૃત હતો, હું કોણ છું તે જાણતો હતો, ને શું કરી રહ્યો હતો એ પણ જાણતો હતો!

હું આગળ વધ્યો. મારા સ્નાયુઓની રમત સિવાય મને કશો બોજો કે દબાણ ન લાગ્યું. હું ચાલતો

ખેંચી લેતાં મને જણાયું. આ મુદ્દો ઉપયોગી છે, જોકે એ વખતે એ હું નહોતો જાણી શકયો.

અમે અમારી ગતિ વધારી ને એ સાથે અમને વીંટતા ધુમ્મસિયા ક્ષેત્રની યે ગતિ વધી. થોડી વારે હું બોલ્યો, 'સૌરીન્દ્ર, મને કહે'—મારો અવાજ ગળામાંથી સીધો કાનમાં અંદરોઅંદર જ અથડાયો—'મેં પેલું બધું જોયું એ શું હતું? શું એ બધાં પ્રેતો હતાં.'

એટલું કહેતાં મેં સૌરીન્દ્રને અટકાવ્યો. અમને વીંટતું ક્ષેત્ર પણ આંચકાભેર અટકયું. ને દૂરદૂર એક આક્રંદ સંભળાયું—કે પછી મેં ધારી લીધું?

સૌરીન્દ્રે મારી સામે જોયું. 'હા,' તે બોલ્યો, 'આ પણ તેમાંના એક પ્રેતનું આક્રંદ છે. તું ડરતો તો નથી ને?'

'અરે, ના રે ના.' હું બોલ્યો. 'પણ તેં એમ કેમ જાણ્યું કે જ્વાલાદત્ત હાલ આ અગોચર સૃષ્ટિમાં જ હશે.'

'અરે ભલા માણસ!' સૌરીન્દ્ર હસ્યો. 'તેણે રાજાબહાદુરને આપેલી અવધિ પૂરી થવા આવી છે ને એમણે તેને રાતી પાઇ પણ પહોંચતી નથી કરી, એટલા પરથી વળી! એટલે હવે તે પોતાની પ્રયુક્તિની અજમાએશમાં જ હશે.' તેણે ચોખવટ કરી.

અમે અમારી ગતિ હવે વધારી, કારણ સૌરીન્દ્રના કહેવા મુજબ અમારાં શરીરોની વીજળીક ઉન્મુક્તિ જો ઘસાઇ ગઇ, તો પાછું અહીંનું કોઇ નવું પરિબળ દયા ન કરે ત્યાં સુધી ભૌતિક દુનિયામાં જવું અમારે માટે અસંભવિત જ હતું!

હું તો એની એ બધી વાતો સાંભળી અવાક જ થઇ ગયો. હમેશને માટે આ કાયમી દોજખમાં સબડયા કરવું, જ્યાં ન જીવી શકાય—ન મરી શકાય!

પછી મેં જે ઝડપે અમે ગતિ કરી રહ્યા હતા એનું પૂછ્યું એટલે એણે, જવાબ આપ્યો: 'આપણી દુનિયાથી તને એ અનેકગણી લાગે છે, ખરૂં? પણ એ આભાસમાત્ર છે. આ અનામી દુનિયા આપણી ભૌતિક દુનિયા સાથે ત્રણ પરિમાણોમાં કશો સંબંધ ધરાવતી નથી. દાખલા તરીકે, દસ ફૂટ લાંબા, એક દોરડાના બે છેડા તું એકઠા કરી જો. લંબાઇ એની એ રહ્યા છતાં છેડા કેટલા નજીક આવી જાય છે? એ જ દાખલો આપણી ગતિને લાગુ પડે છે. એની રીતે આપણી દુનિયાનો સો ગાઉ જેટલો પંથ આ સૃષ્ટિમાં આપણે સહેજે કાપી શકીએ.'

અલબત્ત, આથી કશો અર્થ ધ્વનિત નથી થતો આ અગોચર સૃષ્ટિમાં કશાનો અર્થ નથી થતો. એટલે સૌરીન્દ્રે મને પાછા ભૌતિક દુનિયામાં કેમ આવી શકાય એના કરેલા વિવરણની પણ હું પુનરુક્તિ નહિ કરૂં એ વિવરણ સાંભળી બાઘા જેમ હું તેની સામે જોઇ રહ્યો. 'એટલે તું એમ કહેવા માગે છે . . .'

'બરાબર એ જ. એ બીલકુલ સરળ છે.'

'હું એમ કરી શકું—હમણાં જ?'

'હા, પણ દત્તને શોધ્યા પહેલાં એ ન કરતો.'

'પણ ત્યારે પેલા ઓળા પાછા ભૌતિક દુનિયામાં કેમ નથી જતા?'

'તેઓ એ તરકીબ જાણતા હોય તોપણ ન જઇ શકે. કારણ, વીજળીક પ્રવાહ માંસની જે સૂક્ષ્મ સંશુદ્ધિ કરે છે તે એમનામાં નથી હોતી . . . અને આપણામાંથી પણ એ ઘસાઇ ન જાય એટલા ખાતર આપણે હવે ત્વરિત બનવું જોઇએ.'

અમે ચાલ્યા, આગળ . . . આગળ . . . આગળ. ફરીવાર એ ઓળા ને હમેશ માટે ગુમાવેલી દુનિયા માટેની એમની બૂમો સંભળાવા લાગી.

આખરે સૌરીન્દ્રે સંજ્ઞા કરી ને અમે બંને ઊભા રહ્યા. એક જબરી ઇમારતનો ઓળો મેં જોયો. ધુમાડા જેમ અમે એમાં દાખલ થઇ ગયા. એકાદ ખાડામાં અમે ઊતરતા હોઇએ એમ લાગ્યું, પછી થોડી જ વારે દરવાજા જેવી જણાતી એક રૂપરેખા પાસે અમે જઇ ઊભા.

'આ જ સર ગંગાપ્રસન્નનો અભેદ્ય ગુંબજ.' સૌરીન્દ્ર બોલ્યો, 'હવે ચાલ, થોડી વાર વળી આપણી ભૌતિક દુનિયામાં. એ તો બીલકુલ સહેલું છે. જો, આ પ્રમાણે અંગોની થોડી સાદી હીલચાલ માત્ર કરવાની.'

એના સમજાવ્યા મુજબ મેં અંગોની હીલચાલ કરી ને થોડી વારમાં તો અમે બંને આપણી દુનિયામાં આવી ગયા. પોલાદની ચળકતી દીવાલો વચ્ચે અમે ઊભા હતા. આસપાસ દોલતના જબરા પટારા ગોઠવેલા હતા. બૉંડ, રોકડ, સ્ટૉક, ઝવેરાત—અગણિત દોલત અમારી આસપાસ ખડકાઇ હતી.

પણ થોડી વારે સૌરીન્દ્રનો (અનુસંધાન પૃષ્ઠ ૨૯૮મે)

હતો, પણ જાણે હું ખેંચાઇ જતો હોઉં એમ લાગ્યું એટલે મારે મારી ગતિ ખૂબ ધીમી કરી નાખવી પડી. ભયંકર એકાંતનો અનુભવ કરતો હું એ ધુમ્મસિયા પરિમાણમાં આગળ વધ્યો. ઘરો ને વૃક્ષોના ઓળા અદૃશ્ય થયા. હું કોઇ દીવાલોની વચ્ચે આવી પહોંચ્યો હતો. પણ જ્યાં હું એની નજીક પહોંચ્યો કે તે અદૃશ્ય થઇને પાછી બીજી દેખાવા માંડી. વાતાવરણ તો એવું હતું કે મારી આંખ તેની પાર જ ન જઇ શકતી. છતાં મારી નજીક નજીક ઓળાઓ ઘૂમતા દેખાતા. ને જેવો હું ઝડપભેર નજીક પહોંચતો કે પાછા અદૃશ્ય થઇ જતા.

પૂરેપૂરી મુશ્કેલી ને મૂંઝવણ હતી. મને સૌરીન્દ્ર સાંભર્યો. મારી ચૂંગી, મારી રિવૉલ્વર,–એવું કંઇક, જેને હું પકડી શકું, જે વાસ્તવિક હોય . . .

હું થોભ્યો ને કંઇક વિચાર કરવા મેં પાંપણ બીડ્યાં. પણ બીડેલાં પાંપણે પણ હું જોઇ શકતો હતો! મેં મારા હાથ પ્રત્યે જોયું. એની આરપાર જમીન જોઇ શકાતી હતી–માત્ર હાડકું જ દેખાય એવા એક્સ–રેના કોઈ ચિત્ર માફક નહિ, પણ મારા હાથ જ જાણે અંધારા કાચના બનેલા હોય એ રીતે!

બધી જગ્યા—જો એ જગ્યા હોય તો–મૌન હતી. એટલે જ કદાચ મને સંભળાતી ઝીણી ખૂમો પણ ભયંકર લાગતી હશે. હું ખાત્રીપૂર્વક નથી કહેતો કે એ ખૂમો હતી, છતાં હું જાણતો હતો કે હું કોઇ તીવ્ર, ઉચ્ચ આક્રંદ સાંભળી રહ્યો છું: દૂર, અનંત ઉદ્વેગભર્યું.

મેં ખૂમ મારી, હવામાંના સાધારણ અવાજો જેમ કશો અવાજ મારા કાને ન અથડાયો; પણ મેં મારી અંદરથી જ અવાજ સાંભળ્યો! મારું ભેજું બહેર મારી ગયું. કોઇ અનામી ભય મારામાં જાગ્રત થયો. એ લોક વચ્ચે લટકતો આત્મા વિલીન થઇ જાય તેમ જાણે હું લય પામ્યો હતો.

'આ ન ચાલે.' મેં સંકલ્પ કર્યો. 'મારે સૌરીન્દ્રની રાહ જોવી જોઇએ. એ કદાચ આ બધું સમજાવશે.' હું પાછો ફર્યો. પણ એ સાથે મને વીંટતું ધુમ્મસિયું વાતાવરણ પણ મારી સાથે ફર્યું.

ફરી પાછું એ જ અસ્પષ્ટ, તીવ્ર આક્રન્દ —અવાજ તો ન કહી શકાય, કારણ વિચાર જેવું તે મૌન હતું. અને દૂર દૂર એક અસ્પષ્ટ ઓળો હાલતો દેખાયો. એ મારી તરફ જ આવતો હતો. 'ના ના,' એનો ઝીણો અવાજ આવ્યો. મેં એ સાંભળ્યા કરતાં કહ્યું એમ કહેવું વધુ ઠીક છે: 'પાછો જા, પાછો જા.'

ઓળો વધુ ને વધુ નિકટ આવ્યો. હું એને પકડવા ગયો ત્યાં તો એ છટકી ગયો ને હું ગબડી પડ્યો. પાછો પગભર થયો ત્યાં તો એ દૂરદૂર સરી ગયો હતો, પણ એની ખૂમ આવતી હતી, 'પાછો જા, પાછો જા.'

આ અગોચર સૃષ્ટિમાં મારું પડ ઓગળી જવાના ભયે હું ધ્રૂજી ઊઠ્યો. સરૂના ઝાડમાંથી સરતા પવન જેવા નિસાસા ને ક્યારેક ખૂમબરાડા અનુભવીને મને લાગ્યું કે હું કોઇ પ્રેતલોકમાં જ પહોંચ્યો છું. મને નહોતી લાગતી ભૂખ કે નહોતી લાગતી તરસ. કાળના વહેણનું યે ભાન મારામાં નહોતું રહ્યું.

અને કાળા ઓળા તો હજુ આવતા ને જતા હતા! હું જરા યે હાલતોચાલતો નહિ. ક્યારેક અવાજો યે સંભળાતા—અગર મને લાગતું કે હું સાંભળું છું,—પણ હું માથું યે ન ફેરવતો. જેમનો તેમ હું ઊભો રહ્યો હતો.

થોડો વખત—પ્રકાશ જેટલો ઝડપી કે આનંત્ય જેવો ધીમો એ હું નથી કહી શકતો,—વીત્યો ને એક ખૂમથી હું કૂદી ઊઠ્યો. એ કોઇ પીડિત પ્રેતની ખૂમ ન હતી, પણ ધીમી છતાં કર્કશ, સૌરીન્દ્રની ખૂમ હતી, 'પ્રકા . . . શ, પ્રકા . . . શ!'

મેં જવાબમાં તરત સામી ખૂમ મારી. મારો અવાજ મારી અંદરથી જ મને સંભળાયો. થોડી વારે દૂર કોઇક સહેતુક અને સક્રિય ગતિ કરતું જણાયું. એ સૌરીન્દ્ર જ હતો. આવતાં વેંત એણે કહ્યું, 'મારી રાહ કેમ ન જોઇ?' તેનો અવાજ બીલકુલ મંદ હતો. 'હવે વાર ન લગાડ. સમય બહુ થોડો છે. આપણે જાતે જ આપણાં ઘડિયાળ બનવું પડશે.'

એણે પોતાનો પારદર્શક હાથ મારા હાથમાં પરોવ્યો. મને તો એ માત્ર અભિનય લાગ્યો. મને થયું કે હું ધુમાડા જેટલી સહેલાઇથી મારો હાથ તેના હાથમાંથી પાછો ખેંચી લઇશ. ચોથા પરિમાણમાં પદાર્થ સાથે પદાર્થનું ઘર્ષણ અસંભવિત છે—એ એવા પરિમાણમાં ગતિ કરે છે, જે વર્ણવવા હજુ શબ્દો શોધાયા નથી. પરંતુ વીજળીક પ્રવાહથી તેજમુક્ત થયા છતાં જીવતું માંસ જીવતા માંસનો અહીં પણ થોડો પ્રતીકાર અનુભવે છે તે સૌરીન્દ્રના હાથમાંથી મારો હાથ

એક ભાષા

આખા માનવકુટુંબની એક જ સામાન્ય ભાષા એ ફિલસૂફોનું જુગજૂનું દિવાસ્વપ્ન છે. એ ફિલસૂફોને મળતી પ્રેરણા તેમ જ એ સ્વપ્નની સિદ્ધિની કથા અહીં રજૂ થાય છે.

બહુબહુ તો પાંચેક હજાર વર્ષના આપણા ઇતિહાસના વામન ભૂતકાળ સાથે આપણી સામે પથરાએલા સેંકડો અબજ વર્ષના વિરાટ ભાવિના ગર્ભમાં છૂપેલી માનવ શક્યતાઓને આપણે સરખાવીએ છીએ ત્યારે આપણને સમજાય છે કે હવે પછીના કાળના અનંત લાગતા ગાળામાં કોઇ છૂટીછવાઇ પ્રજા, સંસ્કૃતિ કે ભાષા જીવે કે મરે એ પ્રશ્ન બહુ મહત્ત્વનો નહિ રહે. પણ વિશાળ નિર્જીવ સૃષ્ટિ વચ્ચે, દિક્‌ના અફાટ અવકાશમાં, અને અજોડ, ચેતનના પરિપાક સમો માનવ એકલો ભૌતિક તત્ત્વોનો સામનો કરતો અને તેના ઉપર વિજય મેળવી તેને પોતામાં સમાવી દેતો યુગો સુધી ચેતનનો વિકાસ કર્યે જાય, એ જ માત્ર માનવજીવનનું અંતિમ ધ્યેય રહેશે. આમ, સ્થળ અને કાળની અનન્તતાની ભૂમિકા ઉપર, એકલા માનવીને જ્યારે આપણે વિરોધમાં જોઇએ છીએ ત્યારે માનવમાત્રનો ભ્રાતૃભાવ આપણને સાચા રૂપમાં સમજાય છે, અને આપણા વિચારોને આવરી રહેલી દેશકાળની રજ દૂર થાય છે.

ભાવિનું વિરાટ દર્શન

અને આ વિરાટ દર્શન થતાં આપણને લાગે છે કે એવો સમય હવે બહુ દૂર નથી, જ્યારે માનવી માનવી વચ્ચેનો અને પ્રજા પ્રજા વચ્ચેનો અવિશ્વાસ ઓગળી ગયો હશે; જ્યારે સાહિત્ય, વિજ્ઞાન અને કલાની સંહારક શક્તિનો જ પ્રયોગ કરી જાણનારી માણસજાતે એમાં છૂપેલાં પ્રેરકબળોને ઓળખી તેને પોતાના જીવનમાં વણી દીધાં હશે; અને જ્યારે સમતોલ બનેલી સમાજવ્યવસ્થાને પરિણામે શક્ય બનેલી વિપુલતામાં માણસજાત રમી રહી હશે. એ સમયે આખા શિષ્ટ વર્ગનાં જાતિઅભિમાન, માતૃભાષાભિમાન, દેશાભિમાન, એ બધાં વિકસેલી માનવભાવનામાં વિલીન થઇ ગયાં હશે. એ વખતે દેશપ્રેમીની કીમત, સત્તરમી સદીના ધર્મઝનૂનીની આપણને આજે જેટલી છે, એટલી જ જગતના કેળવાએલા વર્ગને હશે; એ વખતે ભાષાપ્રેમ તો માનવતાના શૈશવના એકાદ રંગીન રમકડા જેવો જ લાગશે; અને જાતિપ્રેમ રાખી એકાદ વાડામાં પૂરાઇ રહેવા માગતા અણુધ્ લોકો, એ સમયે, અત્યારના અસ્પૃશ્યતાવિરોધી વેવલાંઓ જેટલા જ તિરસ્કાર અને હાસ્યને પાત્ર બનશે.

અને આ બધું બને એ સમય બહુ દૂર નથી. એનાં પગરણ તો એકાદ સદીથી મંડાઈ ચૂક્યાં છે. અત્યારે આપણા આત્મકેન્દ્રિત દૃષ્ટિવાળા કવિઓ જ્યારે જગતને છાને ખૂણે બેસી પોતાના દિલની ઊર્મિઓ ગાવા કે રોવામાં જ રોકાઇ રહ્યા હોય છે, અથવા તો એથી ઘણી વિશાળ દૃષ્ટિવાળા દેશપ્રેમીઓ પૃથ્વીના ગોળા ઉપરના એકાદ નાના ટુકડા પર વસતી જનતાના હક્કોની પ્રાથમિક છતાં અનિવાર્ય લડત લડી રહ્યા છે, ત્યારે એથી અનેકગણી વ્યાપક દૃષ્ટિવાળા માનવપ્રેમીઓ વર્ષોથી એ ભાવી એકતાની આડે આવનારી બધી દિવાલોને જમીનદોસ્ત કરવાના પ્રયાસ ધીમી ગતિએ છતાં સંગીનપણે કર્યે જાય છે.

એ ભાવિ એકતાની વાત સમાજના ઘણા મોટા ભાગને અત્યારે માત્ર એકાદ પરીકથા જેવી રોમાંચક છતાં અશક્ય લાગે છે; કેમકે આપણો આમવર્ગ માનવસહજ સહાનુભૂતિથી પ્રેરાઇ કદાચિત આંતરરાષ્ટ્રીય પ્રકરણોમાં રસ લેવા માંડે છે ત્યારે તેની નજરે એ માનવમહાસાગર પર પછડાતાં પ્રચંડ મોજાં જ પડે છે. તે યુદ્ધો જુએ છે, રાજકીય શતરંજ જુએ છે, કાવાદાવા ખટપટ અને કિન્નાખોરીનું તુમુલ યુદ્ધ તે જુએ છે, અને નિરાશામાં પોતાની દૃષ્ટિ એ ભયંકર દૃશ્ય તરફથી પાછી ખેંચી લે છે. પણ એ ભયાનક મહાસાગરના નીચલા શાંત થરોમાં જગતનાં સુખસગવડો વધારવા માટે થઇ રહેલા મૂક પ્રયાસો તેનું ધ્યાન ખેંચતા નથી. જો તે પોતાની દૃષ્ટિને જરા વેધક બનાવે, અને એ કારમા તાંડવ નૃત્ય સોંસરવી સમાજના સુષુપ્ત માનસમાં નજર કરી ત્યાં થતી ક્રિયાપ્રક્રિયા તપાસે,

તો તેના જોવામાં આવે કે આ જ પળે, આ બધાં તોફાન વચ્ચે પણ, માનવ હૃદયના બધા સૂક્ષ્મ આંતરપ્રવાહો માનવની ભાવિ એકતા તરફ જ પ્રયાણ કરી રહ્યા છે.

એક ભાષા

આવો એક પ્રવાહ આજે આખા માનવકુટુંબના સામાન્ય વ્યવહારની એકભાષા તરફ વહી રહ્યો છે. આવી એકભાષા હોવી તો જોઇશે જ એ વાત તો આજે આપણી સામે સ્વસ્થાપિત સત્ય તરીકે ઊભી છે. એ જરૂરિયાતને દલીલોથી સાબિત કરવાની જરૂર હવે રહી જ નથી. જોકે આપણું આ સાંસ્કૃતિક ઉત્થાન હજુ ગઇ કાલનું જ છે. ઓગણીસમા સૈકા સુધી જગતની પ્રજાઓ જુદાંજુદાં વર્તુળોમાં વહેંચાએલી હોવાથી એકાદ વર્તુળમાં રચાતા ઇતિહાસની અસર એ વર્તુળની બહાર ભાગ્યે જ જઇ શકતી; અને તેથી તે તે વર્તુળોની અંદર બધો માનવવ્યવહાર કોઇ કોઇ મધ્યસ્થ ભાષામાં થયે જતો. પણ વીસમી સદીના વૈજ્ઞાનિક વિકાસે જગતની પ્રજાઓને એવી પાસેપાસે લાવી દીધી છે કે આજ આખી પૃથ્વી જ એક મહાન રાજકારણીય વર્તુળ બની ગઈ છે. આજ એક દેશમાં બનતા બનાવો જગતભરના રાજકારણ કે અર્થશાસ્ત્ર સાથે નિકટનો સંબંધ ધરાવે છે.

આ વસ્તુસ્થિતિ ઓગણીસમી સદીના ઉત્તરાર્ધથી વધુ સ્પષ્ટ સ્વરુપ ધારણ કરવા લાગી. અને એ અરસામાં યુરોપની જરૂરિયાત પૂરતી યુરોપના કોઇ એકાદ દેશની ભાષાને મધ્યસ્થ ભાષા તરીકે સ્વીકારવાની હીલચાલ શરૂ થઇ. આજની લીગ ઑફ નૅશન્સના વતન સમા અને આંતરરાષ્ટ્રીય રાજકારણમાં તટસ્થ દેશ સ્વિટ્ઝર્લૅંડ તરફ ઘણાએ એ વખતે મીટ માંડી હશે; કેમકે એ દેશના ઇતિહાસ અને ભૂગોળ બંને કવિઓને ગમક આવ્યા છે. પણ કમનસીબે એ દેશને પોતાની સ્વતંત્ર કોઇ ભાષા જ નથી. વળી અંગ્રેજી અને ફ્રેંચ એ બે હરીફ ભાષાઓમાંથી એકાદને અપનાવી લેવામાં પણ બીજા સત્તાશાળી દેશોને પોતાનું ગૌરવ હણાતું લાગતું હતું; કેમકે કોઇપણ દેશની ભાષાને આંતરરાષ્ટ્રીય કીર્તિ મળતાં તે દેશના રાજકીય વર્ચસ્વનો પણ આડકતરો સ્વીકાર થઇ જાય છે એવી સંકુચિત માન્યતા ધરાવનારા એ સમયે પણ હતા. આથી રાજકીય દૃષ્ટિએ બહુ મહત્ત્વનો ન હોય એવો કોઇ દેશ, જેવો કે હોલૅંડ કે સ્વીડન, એની ભાષાને આંતરરાષ્ટ્રીય ભાષા તરીકે સ્વીકારવાની દલીલો હવામાં ઊડવા લાગી. નિષ્પક્ષપાતની ભ્રમિત ભાવના સાથે આ દલીલોનો સારો એવો મેળ પણ મળી ગયો, પણ નેવાંનાં પાણી મોભે ચડાવવાનો આ અખતરો કદી અજમાવશમાં ન આવ્યો.

એસ્પિરૅન્ટો

આ બધા કોલાહલમાંથી એસ્પિરૅન્ટો ભાષા ઘડાવા લાગી. બધા દેશોનું ગૌરવ એકસરખું સચવાય અને એવી રીતે એક મધ્યસ્થ ભાષા બધાને મળી રહે એ એક હેતુને અનુલક્ષીને યુરોપની બધી મહત્ત્વની ભાષાનો દ્દભાજક કાઢીને એક શોધકે આ એસ્પિરૅન્ટો ભાષા ઊપજાવી કાઢી. આ ભાષાના શબ્દોની યોજના કરતી વખતે તેના શોધકે જે ધ્વનિ યુરોપની ભાષાઓમાં અમુક ભાવ બતાવવા માટે વધુમાં વધુ વખત આવતો હોય તે ધ્વનિને બધાને સમજવું અનુકૂળ થઈ પડે એવું સ્વરૂપ આપ્યું. અને આવી રીતે એ કૃત્રિમ ભાષાનો શબ્દકોશ તૈયાર થયો. પછી એવા જ સરળ વ્યાકરણની રચના કરી અને એમ એ કૃત્રિમ ભાષાને યુરોપના વિશાળ ક્ષેત્રમાં તરતી મૂકી.

શરૂમાં તો એસ્પિરૅન્ટોને ઘણા અનુયાયીઓ મળ્યા. યુરોપના ભાષાશાસ્ત્રીઓને આ શોધે છક કરી નાખ્યા. કોઇપણ દેશની ભાષાને વધારેપડતું મહત્ત્વ આપી બ્રેને ગર્વિષ્ઠ કર્યા વગર જગત-ભાષાનો કપરો પ્રશ્ન આમ ઉકેલી શકાયો એ શક્યતા ઉપર માનવભ્રાતૃભાવની મર્યાદિત કલ્પનાવાળા શાન્તિના ફિરસ્તાઓ આફ્રીન પોકારી ઊઠ્યા. અને એ ભાષાનો શોધક થોડો વખત યુરોપભરની દૃષ્ટિનું કેન્દ્ર બની ગયો.

બીજા પ્રયત્નો

અને આ એક શોધકની સફળતાએ બીજા ઘણાને આ નવખિયાતા ખેતરમાંથી પાક લઇ લેવા લલચાવ્યા. એટલે કૃત્રિમ ભાષાઓ રચવાની ફૅશનનું એક મોજું યુરોપ ઉપરથી પસાર થયું. એવા બધા પ્રયાસોની ટૂંકી નોંધ લેવા જેટલી પણ આજ આપણને પરવા કે જરૂર નથી. ફક્ત એ બધામાંથી એક પ્રયાસ બુદ્ધિની રમત તરીકે આપણું ખાસ ધ્યાન ખેંચે છે. આ ભાષાનું નામ ઇડો. આ ભાષાના શોધકે જોયું કે એસ્પિરૅન્ટો ભાષા તો માત્ર યુરોપની ભાષાઓ ઉપરથી જ ઊપ-

જાવેલી હતી. પણ દુનિયાભરને માટે એક ભાષા બનાવવી હોય તો તેના શબ્દો માટે કોઇપણ જીવતી ભાષાનો આશ્રય ન જ લેવો જોઇએ. એટલે એણે બધા શબ્દ ફાવે તેમ પોતાની કલ્પનાથી જ ઊપજાવી કાઢ્યા અને એવી રીતે એક મનસ્વી ભાષાને જન્મ આપ્યો!

નવું તત્ત્વજ્ઞાન: યુનિવર્સેલિઝમ

કલ્પનાની આ ઉડાઉગીરીએ દુનિયાના સહૃદય વિચારકોને એક જુદી જ પ્રેરણા આપી: આટલી બધી કૃત્રિમ ભાષાઓ આપણે શા માટે યોજવી પડે છે? એવી બધી ભાષાઓ કોઇ પણ જીવતી ભાષાની સંપૂર્ણતાએ તો પહોંચી શકે તેમ નથી; તો પછી શા માટે આપણે શક્તિનો આટલો બધો દુર્વ્યય કરવો પડે છે? માત્ર એટલા જ માટે ને, કે કોઇ જીવંત ભાષાને જગતભાષા તરીકે સ્વીકારતાં તેના પ્રતિસ્પર્ધી દેશોનો રાષ્ટ્રીય અહમ્ ઘવાય? તો પછી નવીનવી ભાષાઓ રચવાને બદલે જગતની માનવતાના માનસને જ વધુ ઉચ્ચ બનાવવાનો પ્રયાસ વધુ શ્રેયસ્કર નથી? જગતની પ્રજાઓમાં શું એવો સ્પૉર્ટ્સમૅન સ્પિરિટ (ખેલદિલી) ન કેળવાઇ શકે કે માણસજાત સ્વભાષા પરનો પ્રેમ ભૂલી જઇ માત્ર જગતકલ્યાણની દૃષ્ટિએ જ ભાષાના પ્રશ્નનો વિચાર કરતી બની જાય?

આ નવું તત્ત્વજ્ઞાન, જેને Universalism ના નામથી ઓળખવામાં આવે છે, તેની વ્યાપકતામાં માત્ર ભાષા જ નહિ પણ સંસ્કૃતિ, દેશ, ધર્મ, કલા, વિજ્ઞાન એ બધાંનો સમાવેશ થઇ જાય છે. જગતના કલાકારો અને વિજ્ઞાનીઓ તો જમાનાથી આ તત્ત્વજ્ઞાનને પોતાના જીવનમાં ઉતારતા આવ્યા છે. જેમકે છેલ્લા મહાયુદ્ધ વખતે યુદ્ધમાં સામસામા ઊતરેલા દેશના શોધકો તો યુદ્ધ જેવી કોઈ વસ્તુ જ જાણે અસ્તિત્વમાં નથી એમ અલિપ્ત રહી પરસ્પરના સહકારથી વિજ્ઞાનનો વિકાસ કર્યે જતા હતા. તેમને મન આ યુનિવર્સાલિઝ્મ—માનવમાત્રનો ભ્રાતૃભાવ—એક ધર્મ હતો અને તેઓ તે ધર્મના ચુસ્ત અનુયાયીઓ હતા. માણસજાતને માટે સાધવાનું માત્ર એટલું જ રહે છે કે આ નવા ધર્મનો પ્રકાશ સમાજના ઉપરના થરો પૂરતો રહેવાને બદલે તેના તળિયા સુધી પ્રસરી રહે.

અંતે અંગ્રેજી તરફ

પણ અહીં જ મોટી મુશ્કેલી રહે છે. પ્રજાઓની કિલ્લેબંધી ઉપર જ જેમનું જીવન છે તો કહેવાતા દેશપ્રેમીઓ, બૅંકરો, વેપારીઓ, શસ્ત્રસરંજામ બનાવનારાઓ, લડાઇના સમાચારો ઉપર જીવતા પત્રકારો અને એવા અનેક માનવદ્રોહીચૂસણીઆઓએ પોતાનું વર્ચસ્વ ટકાવી રાખવા જગતની પ્રજાઓને એક થતી હમેશાં રોકી છે. તેઓ જ દુનિયાભરની ઊગતી પ્રજાના કુમળા મગજમાં માનવભ્રાતૃભાવની નાડીઓ કુંઠિત કરતું દેશાભિમાન નામનું ધીમું ઝેર એક યા બીજે બહાને ઘુસાડતા રહે છે. પણ તેઓની સામે ઉપર કહ્યો તેવો માનવલક્ષી મૌલિક વિચારક વર્ગ પણ આ સદીમાં દુનિયાભરમાં તૈયાર થવા લાગ્યો છે. અને આ નાના વર્ગની એકભાષા માટેની આશાભરી દૃષ્ટિ આજ અંગ્રેજી ભાષા તરફ વળી છે.

જગતવ્યાપી અંગ્રેજીનું વર્ચસ્વ

અંગ્રેજી ભાષાએ આજે જે પ્રદેશ સર કર્યાં છે તેનો સાચો ખ્યાલ તો બ્રિટિશ સામ્રાજ્યથી તેને જુદી પાડીને તપાસીએ છીએ ત્યારે જ આવી શકે છે. આજે દુનિયાના જુદાજુદા ભાગોમાં મળીને અર્ધો અબજ ઉપરાંત માણસો તે ભાષા પોતાના વ્યવહારમાં યોજે છે. અને કદાચ કાલ સવારે બ્રિટિશ ટાપુઓ ઉપર આટલાંટિકનાં પાણી ફરી વળે તોપણ, આપણા લોહીના ધબકારામાં ઊતરી ગએલી એ ભાષાનો વિજય એવો ને એવો જ અબાધિત રહે તેમ છે. 'દુશ્મનનો યે ધા તો વખાણવો જોઇએ' એ કહેવત મુજબ બ્રિટિશ સામ્રાજ્ય સાથે જેમને મતભેદ કે વિગ્રહ છે એવી પ્રજાઓ પણ અંગ્રેજીના આ વિજયને વધાવી લેવા લલચાય છે. કેમકે અંગ્રેજી ભાષા આજે માત્ર ઇંગ્લંડની જ માલિકીની રહી નથી. અને તેના પ્રચારથી ઇંગ્લંડનો અહમ્ પોષાશે એવી પ્રાથમિક ભીતિ સુધરેલી પ્રજાઓને લાગે એવી બાલિશ મનોદશાથી માનવજાત આજે પર થઇ રહી છે. આથી જ દુનિયાભરના દેશોમાંથી અંગ્રેજીમાં નીકળતાં પત્રો આપણને વાંચવા મળી શકે છે. આથી જ દુનિયાનાં રેડિયો સ્ટેશનોનો અર્ધો કરતાં વધુ ભાગ પોતાના સંદેશા અંગ્રેજીમાં આપે છે અને તેથી જ આજે જાપાન, જર્મની, આર્જેન્ટાઇના, એસ્થોનીઆ વગેરે પૃથ્વી પર વિખરાએલા પડેલા અને દૂરદૂરના ચિત્રવિચિત્ર દેશોમાં અંગ્રેજી ભાષા ફરજિયાત ઇતર ભાષાનું સ્થાન પામી ગએલી છે. અને વળી

વિચારવિનિમયની સગવડ ઉપરાંત વિચારના વાહન તરીકેની સંપૂર્ણતા પણ અંગ્રેજીમાં ઘણી છે. કેમકે તેની રચના સાદી છે, અને પાંચ લાખ શબ્દોનો બનેલો તેનો શબ્દકોશ એવો સંપૂર્ણ છે કે જગતની બીજી કોઈ ભાષામાં એનો જોટો મળતો નથી.

આમ, અંગ્રેજી ભાષા પોતાના જ બળે જગતભાષા બનવા માટે હક્કદાર હતી; પરંતુ આંતરરાષ્ટ્રીય વ્યવહારમાં તેનો સહેલાઈથી પ્રયોગ થઈ શકે તે માટે તેને સરળ સ્વરૂપમાં મૂકવાની જરૂર હતી. યુનાઈટેડ સ્ટેટ્સની રંગબેરંગી વસતીને કારણે ત્યાં આ પ્રશ્ન તરફ પહેલું ધ્યાન ખેંચાયું. અંગ્રેજીથી અજાણ પરદેશીઓને તેમજ દેશના અશિક્ષિતોને ઓછામાં ઓછું કેટલું અંગ્રેજી શીખવવાથી તેઓનું ગાડું ચાલ્યે જાય, એ કેળવણીકારો માટે સંશોધનનું એક નવુંક્ષેત્ર ખુલ્લું થયું.

સાદા સ્વરૂપનો પ્રથમ પ્રયત્ન

આ દિશામાં થૉર્નડાઇક (?) નામના એક અમેરિકને થોડું સરસ કામ કરી બતાવ્યું. જીવનને જુદેજુદે ખૂણે સ્પર્શતા સાહિત્યના અનેક નમૂનાઓ તેણે મેળવ્યા, અને તેમાં આવતા લાખો શબ્દોની ગણતરી કરીને કયો શબ્દ કેટલી વખત વપરાશમાં આવ્યો તેની તારવણી ખૂબ મહેનતને અંતે તૈયાર કરી. આવી તારવણીને Word frequency list કહેવામાં આવે છે. આ તારવણી ઉપરથી તેણે બહુ ઉપયોગી શબ્દોને ઉપયોગિતાના ક્રમમાં ગોઠવ્યા અને એવી રીતે ભાષાના હાડપિંજર જેવા ૧૦૦ શબ્દો, બહુ જરૂરના ૧૦૦૦ શબ્દો, ચાલુ વપરાશના ૪૦૦૦ શબ્દો અને બાકીના સામાન્ય વ્યવહારના ૫૦૦૦ શબ્દો એમ જુદાજુદાં લિસ્ટ તેણે બહાર પાડ્યાં. એ અરસામાં પરભાષીઓ માટે અંગ્રેજી પાઠ્ય પુસ્તકો રચનારા લેખકોએ આ મહેનતનો સારો લાભ ઊઠાવ્યો અને બધા જરૂરના શબ્દો પ્રાથમિક પાઠોમાં આપી દેવાય એવી કાળજી રાખી. તેના ઉદાહરણ તરીકે અત્યારે હિંદમાં સારો આદર પામેલી New Method Readers ગણાવી શકાય. તેમાં તેના લેખકે વધુ ઉપયોગી શબ્દો વહેલા શીખવવા તરફ ખાસ ધ્યાન રાખ્યું છે.

થોડો સમય તો ઘણાને લાગ્યું કે આ લિસ્ટ તૈયાર થતાં અંગ્રેજી ભાષાને સાદું રૂપ આપવાનું કામ પૂરું થયું છે. પરંતુ આ લેખકનું અનુકરણ કરી જ્યારે બીજા અનેક જણાએ એ જ ઢબનાં પોતપોતાનાં મનસ્વી લિસ્ટ બહાર પાડ્યાં ત્યારે આ યોજના પાછળની નબળાઈ તરફ શિક્ષણશાસ્ત્રીઓનું ધ્યાન ખેંચાયું. કેમકે શરૂઆતના એકાદ હજાર શબ્દો સુધી તો બધાં લિસ્ટ એકમત થતાં હતાં. પણ તે પછીના શબ્દોની પસંદગી બધાંમાં જુદીજુદી દેખાતી હતી. દરેક લિસ્ટ તૈયાર કરનારના હાથમાં અકસ્માતે આવેલા સાહિત્ય પ્રમાણે તેણે શબ્દોની ઉપયોગિતાનું બાંધેલું ધોરણ ફર્યા કરતું હતું. આથી અંગ્રેજી ભાષાનું સામાન્ય તત્ત્વ શું છે તે, આ બધાં લિસ્ટ તૈયાર હોવા છતાં, એક કોયડો જ રહ્યો. કેમકે મિશ્ર ભાવો બતાવવા માટે એ બધાં લિસ્ટ પોતપોતાની મર્યાદાની બહાર અશક્ત નીવડતાં હતાં.

બેઝિક ઇંગ્લિશ

આમ એક બાજુથી અંગ્રેજી ભાષાનું અનિવાર્ય તત્ત્વ જુદું પાડવા માટે પ્રયત્ન ચાલુ હતા, એવામાં છેલ્લા દસકાની એક નવીન માનસશાસ્ત્રીય શોધે એ પ્રયત્નોમાં નવીન દૃષ્ટિબિંદુ આણ્યું. આ નવીન શોધ તે બેઝિક ઇંગ્લિશ,* અને એણે આણેલું નવું દૃષ્ટિબિંદુ તે શબ્દો કરતાં તેના ભાવોને વધુ મહત્ત્વ આપવાનો સિદ્ધાંત.

અત્યાર સુધીના ભાષાશાસ્ત્રીઓએ શબ્દોને જ ભાષાનાં મૂળ તત્ત્વ માનેલા, અને એથી જ તેઓ શબ્દોનાં લિસ્ટ કરવા પ્રેરાએલા. પણ બેઝિક ઇંગ્લિશના શોધક સી.કે. ઑગડેને, ભાષાશાસ્ત્ર અને માનસશાસ્ત્રના પોતાના સંયુક્ત અભ્યાસને પરિણામે, શબ્દ કરતાં વિચારને વધુ મહત્ત્વ આપવાનું ધોરણ સ્વીકાર્યું, અને પછી, આપણા સામાન્ય વ્યવહારમાં જેની જરૂર વધુ પડવાની હોય એવા મૂલગત ભાવો, અર્થો કે વિચારો કયા કયા છે તેની તેણે શોધ કરવા માંડી. એની પૂર્વેના સંશોધકો, અત્યારે પ્રચારમાં આવતી અંગ્રેજી ભાષાનું જે બંધારણ છે, અને એ બંધારણ શાળામાં જે ક્રમિક રીતે શીખવાય છે તેના કરતાં કોઈ જુદી રીતનો ઝોક અંગ્રેજી ભાષાને આપવાનું છે એવી કલ્પના જ કરી શકતા ન હતા. ત્યારે ઑગડેને શબ્દાર્થને કેન્દ્રસ્થાને

* આ બેઝિક ઇંગ્લિશ સંબંધે પ્રાથમિક વિવેચન કરતી એક પુસ્તિકા ટાઇમ્સ ઑફ ઇન્ડિયા પ્રેસમાંથી મફત મળી શકે છે.

રાખીને નવેસરથી અંગ્રેજી ભાષા રચવા માંડી. એને ભાષાના ક્રમિક વિકાસની કે રૂઢિચુસ્ત શૈલીની પરવા જ ન હતી. માત્ર ઓછામાં ઓછા શબ્દભંડોળ અને સાદામાં સાદા વ્યાકરણથી અંગ્રેજી ભાષાની સંપૂર્ણ અને સ્વતંત્ર પ્રતિકૃતિ ઉપજાવવાની જ તેને નેમ હતી. સાદા શબ્દોને બદલે મૂલગત ભાવોને તેણે પોતાની આ નવી ભાષાના અવયવો બનાવ્યા અને એ ભાવોના વિવિધ સંયોજનથી કોઇ પણ મિશ્ર વિચાર રજુ કરવાની શકયતાનો જ અભ્યાસ કરવા માંડયો.

એ રચના કેવી છે?

ઑગ્ડેનની વિચાર પદ્ધતિ સમજવા માટે આપણે આપણી ભાષામાંથી જ એક ઉદાહરણ લઇએ. 'વાછરડું', 'પાડરૂં'; વછેરૂં', 'બોલકું', મદનિયું', 'ગલુડિયું'– આ બધા શબ્દો આપણી ભાષામાં તદ્દન સાદા ગણાય છે. આપણાં બાળકો પણ તે વાપરતા હોય છે. એથી જો વધુ ઉપયોગમાં આવતા શબ્દોનું લિસ્ટ આપણે કરવા માગતા હોઇશું તો તેમાં આ બધા શબ્દો ઊંચે નંબરે આવશે. અને આપણી ભાષા જાણવા ઇચ્છનાર પરદેશીને એ બધા શબ્દો શીખી લેવા પડશે. પણ વિચારની દૃષ્ટિએ આ શબ્દો મૂલગત ભાવો સૂચવતા નથી. એ બધા શબ્દોમાં પ્રાણીના વર્ગની સાથે તેની ઉંમરનો પણ આપણને ખ્યાલ અપાય છે. જેમકે 'મદનિયું' એટલે 'હાથીનું બચ્ચું'. એમ 'હાથી' અને 'બચ્ચું' એ બે શબ્દોનો સંયુક્ત શબ્દ એ છે. હવે ઑગ્ડેનના સિદ્ધાંત પ્રમાણે, જ્યારે પરદેશીઓને તો સમજવા કે પોતાના વિચાર ગમે તેમ કરીને વ્યક્ત કરવા પૂરતી જ ભાષાની જરૂર હોય ત્યારે, આવા મિશ્રભાવસૂચક શબ્દોને તેમાં સ્થાન આપવાની જરૂર નથી. કોઈ પરદેશી આવીને આપણને 'હાથીનું બચ્ચું', 'ઘોડાનું બચ્ચું' વગેરે કહે તો આપણી ભાષાના આપણા બહોળા જ્ઞાનના અહંભાવથી આપણે તેની સામે મુરબ્બીવટથી હસીએ. પણ આપણે કાશીના પંડિત જેવું આપણું આ માનસ જરા સ્વચ્છ કરીએ અને વિચારને વ્યક્ત કરી શકવો એને જ ભાષાનું અંતિમ ધ્યેય માનીએ તો પછી એ પરદેશીના ભાષાના આવા મામુલી અજ્ઞાન તરફ આપણને હસવાની જરૂર નહિ રહે.

અંગ્રેજીમાં પણ આવા મિશ્રભાવસૂચક (two or three dimensional) હજારો શબ્દો છે. એ બધાને ઑગ્ડેને એના મૂળ સાદા ભાવોમાં ભાંગવા માંડયા. જેમકે Accelerate શબ્દને Go faster એમ બે મૂળ તત્ત્વોમાં વહેંચી આપ્યો; Disembark શબ્દને Get off a ship એમ ત્રણ અવયવોમાં વહેંચી નાખ્યો; અને એમ, બહુ જરૂરના ૨૦,૦૦૦ શબ્દોને તેણે સાદાં રૂપ આપ્યાં. પરિણામે એ સાદાં રૂપમાં ૮૫૦ શબ્દો જ વારંવાર આવતા દેખાયા. આથી આ ૮૫૦ શબ્દો ઉપર તેણે અંગ્રેજીની રચના કરી. એ રચના તે Basic English.

આમ આ વિશિષ્ટ રચનાને અંગે બેઝિક અંગ્રેજી ભાષાનો નાનો કામચલાઉ મોડેલ જ માત્ર નહિ, પણ એક સંપૂર્ણ ભાષા બની ગએલી છે. કેમકે એમાં સમાવાએલાં મૂળ તત્ત્વોની મદદથી ગમે તેવો ક્લિષ્ટ વિચાર પણ વ્યક્ત કરી શકાય છે. જોકે, કયાંક વિચારને એક યા બીજી રીતે મરડવો પડે છે, અથવા તો સામાન્ય અંગ્રેજીમાં એક જ શબ્દથી ચલાવી લઈ શકાય ત્યાં બેઝિકમાં બેત્રણ શબ્દો મૂકવા પડે છે. પરંતુ એ બધા છતાં એક જ માસમાં શીખી શકાય એવી સંપૂર્ણ ભાષા તરીકે બેઝિક વિચારની સૃષ્ટિમાં એક મહાન શોધ છે એ વાતનો ઇન્કાર કરી શકાય તેમ નથી. સામાન્ય અંગ્રેજીમાં કહેલી વાત બેઝિકમાં રજૂ થાય ત્યારે કેવી લાગે એના ઉદાહરણ તરીકે આ નીચે એકની એક વાત બે જુદાંજુદાં સ્વરૂપમાં મૂકેલી છે તે જોઇએ:

એચ જી.વેલ્સના 'The shape of Things to Come'માંથી

ચાલુ અંગ્રેજી શૈલીમાં

One of the unanticipated achievements of the twenty-first century was the rapid diffusion of Basic English as the lingua franca of the world, the even more rapid modification, expansion and spread of English in its wake .... No deliberate attempt was made to establish it as the world language. It had many natural advantages over its Chief Competitors, Spanish, French, Russian, German and Italian. It was simpler, subtler, more flexible and already more widely spoken, but it was certainly the use of Basic English which gave it its final victory over these rivals. . .

ઉપરનું જ લખાણ
બેઝિકના ૮૫૦ શબ્દોની અંદર

One unlooked for development of the hundred years between 2000 and 2100 was the way in which Basic English became, in that short time, the common language of use between nations, and the expansion at an even greater rate—as the outcome of this, and after it had been changed in a number of ways—of English itself . . . . . . No attempt was made at forcing it upon other nations as the one language of the earth. In its natural form it was better for the purpose in a number of ways than the chief languages in competition with it—Spanish, French, Russian, German and Italian. It was simpler, more delicate, more elastic and even at that time more widely used, but it was certainly the development of Basic English which, in the end, gave it the position it now has.

આમ, બેઝિક ઇંગ્લિશે આજે દુનિયાભરની ભાષાના ઇતિહાસમાં એક નવો જ ધડાકો બોલાવ્યો છે. તે આપણું ધ્યાન બે દૃષ્ટિએ ખેંચે છેઃ એક તો તે સહેલામાં સહેલી અને છતાં સંપૂર્ણ ભાષા છે, અને વળી જગતભરની ભાષાઓની અગ્રણી જેવી તથા શબ્દોના વિપુલ ભંડોળવાળી અંગ્રેજી ભાષાનું તે એક અંગ પણ છે. એટલે કામચલાઉ અંગ્રેજી જાણવા ઇચ્છનાર માત્ર બેઝિક શીખીને જ બેસી રહે તોપણ ચાલે. અથવા તો અંગ્રેજીનો સંપૂર્ણ સંપર્ક સાધવા ઇચ્છનાર બેઝિક દ્વારા અંગ્રેજીમાં પ્રથમ ચંચુપાત કરે અને પછી પોતાનો શબ્દભંડોળ વિસ્તારતો જાય તો તેમ પણ બની શકે.

બેઝિક જગતભાષાને સ્થાને

આથી જ ઘણા વિચારકો આજે માની રહ્યા છે કે બેઝિક ઇંગ્લિશ જગતભરની એક ભાષાનું આજ સુધી ખાલી પડેલું સ્થાન લેશે. આ બાબતની વધુ ચર્ચા Debatelization (રૂ. ૧–૧૪–૦ 'ટાઇમ્સ ઑફ ઇન્ડીઆ') નામના પુસ્તકમાં ખૂબ વિસ્તારથી કરેલી છે. બેઝિકની એ ભાવિ શકયતાની આગાહી રૂપે આજે પણ રેડીઓ અને ટૉકીમાં બેઝિકને આદર મળવા લાગ્યો છે, અને મૂળ સામાન્ય અંગ્રેજીમાં લખાએલાં ડઝનબંધી પુસ્તકોનાં બેઝિક સંસ્કરણ આજ સુધીમાં બહાર પડી ચૂકયાં છે. બેઝિકના વિકાસ માટે પાદરીની ધગશ ધરાવતા સેંકડો આંતરરાષ્ટ્રીય વિચારકો આજે તેને સહકાર આપી રહ્યા છે. અને એવી પણ આશા સેવાય છે કે વિજ્ઞાન, કલા અને તત્ત્વજ્ઞાનનું બધું ઉત્તમ સાહિત્ય થોડા જ દસકામાં બેઝિકમાં ઊતરી જશે. જ્યારે આવું કાંઇ બનશે, અને જ્યારે બેઝિકમાં જ સળંગ લખેલી એકાદ એન્સાઇક્લોપીડીઆ જગતને મળશે ત્યારે, માત્ર ભાષાની જ આડખીલીને અંગે જગતના ઉદ્દામ સાહિત્યનો સંપર્ક સાધી ન શકનારાઓનો એ અંધાપો દૂર થશે. પછી બેઝિક જાણનારો માણસ જગતમાં કયાંય ભૂલો નહિ પડે. અને ત્યારે બેઝિક મારફત દુનિયાભરની પ્રજાઓ એક બીજી સાથે હાથ મીલાવતી અને એકબીજાના હાર્દને સમજતી થશે. અને આમ, આંતરરાષ્ટ્રીય સહચાર વધારવામાં ભાષાનું આ યંત્ર મહાન ઉપકારક થઇ પડશે. જોકે બેઝિક ઇંગ્લિશમાં પણ અત્યારે કાંઇક અપૂર્ણતાઓ તો હશે જ. પણ એ અપૂર્ણતાઓ છતાં એનું સ્થાન લઇ શકે એવી બીજી કોઇ ભાષા દૃષ્ટિના ક્ષિતિજમાં કયાંય દેખાતી નથી. એટલે આજે તો તત્ત્વજ્ઞાનીઓએ અને બધા માનવપ્રેમીઓએ સૈકાથી સેવેલ એક ભાષાનું સ્વપ્ન બેઝિકથી જ મૂર્ત થાય છે.

આટલી બધી શકયતાઓથી ભરેલી આ બેઝિકનો વધુ પરિચય હવે પછી. **હરિકૃષ્ણ વ્યાસ**

ધર્મરક્ષક શિવાજી

(અનુ૦ આગળ પાન ૨૬૪થી) એ યુવતીનું રૂપલાવણ્ય જોઇ શિવાજીએ એટલું જ કહેલું કે 'મારી માતા જો આટલી ખૂબસૂરત હોત તો હું પણ ખૂબસૂરત થાત!'

શિવાજીની માતાએ રામાયણ–મહાભારતના આદર્શની કેળવણી પોતાના પુત્રને આપી હતી, અને ધર્મ માટે જીવવું તથા ધર્મ માટે મરવું એ જાતની શિખામણ પણ આપી હતી. શક્તિના ઉપાસક શિવાજીએ દેશની ધર્મશક્તિ જાગ્રતી કરી અને હિંદુસ્તાન આગળ એક ઊંચો ઉજ્જ્વલ આદર્શ રજૂ કર્યો. અન્યાય સામે ઝૂઝવું અને કોઇ પણ પ્રસંગે હિંમત ન હારવી, એ એનો જીવનમંત્ર હતો.

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

ધર્મરક્ષક શિવાજી



એક વખતે સત્યાગ્રહ આશ્રમમાં શિવાજી મહારાજની જયંતી ઉજવાઈ હતી. તે પ્રસંગે પૂ. ગાંધીજી બોલ્યા હતા કે 'શિવાજી મહારાજ વિષે ઇતિહાસકારો શું કહે છે એના તરફ ધ્યાન આપવા કરતાં સંત લોકોએ એમને વિષે શું કહ્યું છે એ હું વધારે મહત્ત્વનું ગણું છું. જો સંત પુરુષોએ એમને સારૂં પ્રમાણપત્ર આપ્યું હોય તો મારે માટે એ પૂરતું છે.'

શિવાજી મહારાજ વિષે સંત તુકારામે તેમજ રામદાસે જે આદર વચનો કાઢ્યાં છે તે ખરેખર કિંમતી છે. કેમકે તેઓ બંને શિવાજીના સમકાલીન હતા. મહાકવિ મોરોપંતે શિવાજીની તુલના જનકરાજાસાથે કરી છે તેને આપણે અતિશયોક્તિ ગણી છોડી દઇએ, પણ શિવાજી જેટલા રાજ્યસંસ્થાપક તેટલા જ ધર્મરક્ષક હતા, એમણે બ્રાહ્મણોને વિશેષ દાન આપ્યાનો દાખલો નથી. એમણે ગૌશાળા પણ સ્થાપન કરી ન હતી. છતાં મહારાષ્ટ્રની જનતાએ એમને 'ગોબ્રાહ્મણપ્રતિપાલક છત્રપતિ'નો ઇલ્કાબ આપ્યો હતો.

ઇસ્વી સન સાતસોમાં જ્યારે મુસલમાનો હિંદુસ્તાનમાં આવવા લાગ્યા ત્યારે આ દેશની હાલત સારી ન હતી. લોકોની અંદરઅંદર ફૂટ, જાતિની ઉચ્ચનીચતાનું અભિમાન, વહેમો, આળસ અને ગફલત એનું જ સામ્રાજ્ય સર્વત્ર ફેલાયું હતું. શ્રી શંકરાચાર્યે હિંદુ સમાજને સંગઠિત કરવાનો જે પ્રયત્ન આદર્યો હતો, તે ઇસ્વી સન પંદરસો સુધી અનેક સંતોએ ચલાવ્યો. વેદાન્તનો સૂર્ય અને ભક્તિનું ચાંદરણું, એ બંનેની અસરથી હિંદુ ધર્મનું સનાતનપણું ફરીવાર ઉજળું થયું, છતાં રાજદ્વારી અને સામાજિક સ્થિતિ પૂરેપૂરી સુધરી નહોતી; તેથી ઘણા લોકો ધર્માન્તર કરવા લાગ્યા. જબરદસ્તીનો ભાગ એમાં ગમે તેટલો હોય તો યે, આટલા બધા લોકો તો વટલાઈ ન જ જાત. અનેક કારીગર જાતો નિષ્કારણ અસ્પૃશ્ય ગણાઈ જવાથી અકળાઇ હતી. એમને સામાજિક હાડમારી ઉપરાંત સરકારી જબરદસ્તી પણ ઘણી વેઠવી પડતી હતી. ઇતિહાસનો દાખલો છે કે આ ત્રાસથી કંટાળી જઇ કેટલીક કોમો આખી ને આખી ધર્માન્તર કરી ગઇ, અને એ રીતે જ તે પોતાની અસ્પૃશ્યતા ટાળી શકી.

મુસલમાનોનો હૂમલો પંજાબથી શરૂ થયો તે પૂર્વમાં બંગાળ–ઉત્કલ સુધી પહોંચ્યો અને દક્ષિણમાં પાંડ્ય, કેરલ અને ચોલ લોકોના રાજ્ય સુધી લંબાયો. ઇ.સ. ૧૩૦૦ ની સાલ સુધીમાં એ આક્રમણ લગભગ પૂરૂં થયું ત્યારે દક્ષિણમાં આનાગોંદી અને હમ્પી તરફ હોયશળ

વંશે હિંદુ સંગઠન કરવાનો એક મહા જબરદસ્ત અને સફળ પ્રયોગ કરી વિજયનગરનું સામ્રાજ્ય સ્થાપ્યું. આ સામ્રાજ્ય માત્ર બસો વરસ જ ચાલ્યું; પણ બગદાદનો બાદશાહ અને ચીનનો સમ્રાટ, એ બંને કરતાં વિજયનગરના 'ત્રણ મુકુટ ધારણ કરનાર' મહારાજાધિરાજની સાહ્યબી મોટી ગણાતી. વિજયનગરે ફરી જૂની હિંદુ સંસ્કૃતિનો ઉદ્ધાર કરવાનો પૂરેપૂરો પ્રયત્ન કરી જોયો. તેણે વેદવિદ્યા ફરી ચાલુ કરી, વ્રતો, ઉત્સવો વગેરેનો વિસ્તાર ર્યો. પરિણામે શ્રુતિ-સ્મૃતિ, પુરાણ તથા તંત્ર દ્વારા વિસ્તરેલો હિંદુ ધર્મ રાજમાન્ય થયો.

પણ એના આ પ્રયત્નમાં જોઇએ તેટલી આધુનિકતા અને માનવતા દાખલ ન થવાથી રાક્ષસતાગડીની લડાઇ(જેને તાલીકોટનું યુદ્ધ પણ કહે છે તે)માં વિજયનગરના સામ્રાજ્યનો એકાએક નાશ થયો અને હિંદુ ધર્મ તથા સમાજ ફરી વાર અનાથ થયાં.

આવી સ્થિતિમાં આવી પડેલા હિંદુ સમાજમાં ફરી વાર સજીવન થવાની જે ઝંખના હતી અને જેને સાધુસંતોએ ફરી વાર સીંચી હતી તે ઝંખના શિવાજી મહારાજમાં પ્રગટ થઇ અને એમણે 'હિંદવી સ્વરાજ' ફરીવાર સ્થાપન કરવાની હામ ભીડી.

ખાસ નોંધવા જેવી વાત એ છે કે શિવાજીના મનમાં ઇસ્લામ વિષે, એમના ઓલિયા વિષે કે ધર્મગ્રંથો વિષે લેશમાત્ર તિરસ્કાર ન હતો. મુસલમાનોની મસ્જિદો, રોજાઓ કે મકબરાઓ હિંદુ લોકોએ તોડયાનો ક્યાં યે દાખલો નથી. હિંદુ લોકોને કેવળ પોતાના જ ધર્મ પ્રત્યે નહિ, પણ ધર્મમાત્ર પ્રત્યે શ્રદ્ધા અને આદર હોય છે. માણસને ચડાવનાર વસ્તુ તે ધર્મ. એનો નાશ થવા દઇએ તો માનવતાનો જ નાશ થઇ જાય, એટલું તો હિંદુઓ ઠીકઠીક જાણતા થઇ ગયા હતા. એમનો જો કાંઇ વાંક હોય તો તે એટલો જ કે જેમ ધમણ ચલાવી અગ્નિને પ્રજ્વલિત રાખવામાં આવે છે તેમ જીવનના શુદ્ધિકરણ અને સંસ્કરણ દ્વારા ધર્મનું પણ સંસ્કરણ કરવાની જે જરૂર હોય છે એ તરફ તેઓ પૂરતા જાગ્રત નહોતા.

શિવાજીના વખતમાં સમાજમાં સંતમતની અસર ઘણી ફેલાઇ હતી અને તુકારામ તથા રામદાસ એ બે જબરદસ્ત ધર્મસુધારકો ધર્મસેવા કરી રહ્યા હતા. તુકારામે પંઢરપુરની 'વારી'ની સંસ્થા ચલાવી ભક્તિ-સંપ્રદાયનું સંગઠન કર્યું; જ્યારે રામદાસે ઠેકઠેકાણે પોતાના મઠો અને હનુમાનનાં મંદિરો સાથે અખાડાઓ સ્થાપીને વર્ણાશ્રમ ધર્મનું સંગઠન કર્યું.

અની સાથેસાથે શિવાજીએ પ્રાચીન કાળથી દેશનું રક્ષણ કરતા આવેલા કિલ્લાઓ જીતી લઇ રાજાનું સંગઠન કર્યું. ધર્માન્તર કરી ગયેલા સરદારોને પાછા હિંદુ ધર્મમાં લેવા, સેનામાં હિંદુ સાથે મુસલમાનોને પણ દાખલ કરવા, રાજતંત્રમાં બધી ન્યાતના લોકોને સ્થાન આપવું, જાગીર અને ઇનામ કોઇને નહિ આપવાનો નિયમ કરી રાજ્ય મજબૂત કરવું, સારા લોકોની ભલામણથી આવેલા નિષ્ઠાવાન લોકોને જ સૈન્યમાં અને રાજતંત્રમાં દાખલ કરવા,–આવા આવા માર્ગોએ શિવાજીએ પોતાનું રાજતંત્ર સંગઠિત, મજબૂત અને કાર્યકુશળ (efficient) બનાવ્યું અને ધીમેધીમે પોતાનું નૌકાસૈન્ય પણ ઊભું કરી વેપાર વધારવાનો પ્રયત્ન કર્યો.

શિવાજીનો ઇતિહાસ જોતાં સ્પષ્ટ થાય છે કે પોતાના જમાનાથી એ ઘણા આગળ હતા. દરેક કામ વખતસર થવું જ જોઇએ, ધારેલી યોજના ક્રમસર પાર પડવી જ જોઇએ, થતું ખર્ચ હિસાબ અને પ્રમાણ બહાર ન જ જવું જોઇએ, છૂટેલા હુકમના અમલમાં જરા યે ગફલત ન જ થવી જોઈએ, આ બધી બાબતો વિષે શિવાજીની ચીવટ લગભગ અંગ્રેજોના જેવી હતી. રાજ્ય ચલાવવા માટે અખૂટ દ્રવ્યબળ અને મનુષ્યબળ જોઇએ છે એ શિવાજી પૂરેપૂરું જાણતા હતા, અને તેથી પોતાની બધી શક્તિ વાપરી એમણે એ બંનેનો અનગળ સંગ્રહ કર્યો હતો. શિવાજીના પુત્ર સંભાજીએ પિતાની આ દરેક જાતની કમાણીમાં ઘણો નાશ કર્યો છતાં રાજારામના વખતમાં મહારાષ્ટ્ર, જાતે આવીને લડનાર ઔરંગઝેબ સામે અઢાર વરસ સુધી ઝૂઝ્યું, એટલું જ નહિ પણ અંતે એ સમ્રાટનો એણે ભોગ લીધો અને પોતાનું સમવાયતંત્ર સ્થાપન કર્યું. શિવાજીની યોગ્યતાનો એ જ એક પૂરતો પુરાવો છે.

શિવાજીના એક સરદારે, તે વખતના રિવાજ પ્રમાણે, લડાઇની લૂંટમાં કલ્યાણના સુબેદારની ખૂબસૂરત વહુને પકડી આણી શિવાજીને ભેટ આપી. પણ જુવાન શિવાજીએ મનમાં કશું પાપ આણ્યા વગર એને બેન ગણી વીરપસલી તરીકે એ ગામ ઇનામ આપી માન સાથે પાછી મોકલી. (અનુ૦ પાછળ પાન ૨૯૨મે)

સ્વ. સોરાબજી ખારેગાટની કલા



મુંબાઇના ફોટોઆર્ટિસ્ટ સ્વ. સોરાબજી ખારેગાટના દુઃખદ અવસાનની ટૂંકી નોંધ અગાઉ 'કુમારે' લીધી છે. ભરજુવાનીમાં કાળે એમને ઝડપી લઇ આપણી દુનિયામાંથી દૂર કર્યા છે, પરંતુ એમની કલા ચિરંજીવ છે. એમનાં ચિત્રોને ફોટોગ્રાફીની આલમમાં અગ્રસ્થાન મળ્યું છે.

આજથી છત્રીસ વર્ષ ઉપર એક સાધારણ પારસી કુટુંબમાં સ્વ. સોરાબજીનો જન્મ થયો. મુંબાઇના ફોટોગ્રાફીના ધંધાદારીઓમાં દસકાઓ સુધી મોખરે રહેલા શ્રી તારાપોરવાળા ફોટોગ્રાફરના એ ભાણેજ થાય. મૅટ્રિક સુધી અભ્યાસ કરી સંજોગોવશાત તેમને નોકરી લેવી પડેલી. મરણ સમયે તે સેન્ટ્રલ બૅન્ક ઑફ ઇન્ડિયામાં નોકરી કરતા હતા.

બારેક વર્ષ પર તેમણે પહેલી વાર કૅમેરાનો ઉપયોગ કર્યો. શરૂઆતના એ પ્રયત્નોમાં સફળતા મળતાં તેમણે ફોટોગ્રાફી ચાલુ રાખી. દસેક વર્ષ અગાઉ બૉમ્બે આર્ટ સોસાએટીના વાર્ષિક પ્રદર્શનમાં તેમને ઇનામ મળ્યું. તે પછી ઉત્તરોત્તર વિકાસ પામી તેમની કલા લોકપ્રિય અને જાણીતી થઇ.

હિંદના ઍમેટર ફોટોગ્રાફરોમાં તેમનું નામ આગળપડતું હતું. અવિરત અભ્યાસ, ખંત ને જહેમતના પરિણામે ખીલેલી ફોટોગ્રાફીએ થોડી આર્થિક મદદ પણ એમને કરી. ઇ. ૧૯૩૧ની કોડાકની આંતરરાષ્ટ્રીય ફોટોગ્રાફી હરીફાઇમાં તેમને હિંદ ખાતેનું રૂા. ૩૦૦૦નું પહેલું ઇનામ મળેલું; અને હજુ થોડા જ માસ અગાઉ તેઓ કલકત્તાના સ્ટેટ્સમૅન પત્રની હરીફાઈમાંથી રૂા. ૧૦૦૦નું ઇનામ જીતી આવેલા.

બ્રિટનની રૉયલ ફોટોગ્રાફિક સોસાએટીના પ્રદર્શન અને લંડન સલૉંમાં તેમનાં ચિત્રો પ્રશંસા પામ્યાં છે. ફોટોગ્રાફીનાં અનેક માસિકો, અઠવાડિકો અને બીજાં સામયિક પત્રોમાં અવારનવાર તેમનાં ચિત્રો છપાયા જ કરતાં. ફોટોગ્રાફિક આલમની લગભગ નાનીમોટી તમામ હરીફાઈઓમાં એમને ઇનામો, ચાંદો અને સર્ટિફિકેટો મળ્યાં છે.

ફોટોગ્રાફીના દરેક ક્ષેત્રમાં તેમણે પોતાનો હાથ અજમાવ્યો છે, પરંતુ મુખ્યત્વે 'સ્ટિલ લાઇફ' (Still Life)–અચેતન પદાર્થોની કલાભરી ફોટોગ્રાફી–તરફ તેમનું વલણ વિશેષ હતું. એમનાં ત્રણેક ચિત્રો અગાઉ 'કુમારે' છાપ્યાં છે અને બીજાં ૭ આ અંકમાં વાચકો આગળ રજુ કરીએ છીએ.

(૧) પૂઠા ઉપરનું ચિત્ર (એક સવાલ) તેમની કલાનો સાધારણ નમૂનો છે. એનું સંયોજન બહુ સારૂં ન ગણાય; તોપણ તેમની ઊંચી ટેકનીક તો એમાં પણ તરી આવે છે. તદ્દન બાજુથી આવતો પ્રકાશ છોકરાના ચહેરાને એક તરફ અજવાળે છે, છતાં બીજી બાજુના છાયાવાળા ભાગમાં પણ ઝીણી રેખાઓ તેઓ લાવી શક્યા છે. આ પ્રકારના વધુપડતા કૉન્ટ્રાસ્ટવાળા વિષયની નેગેટિવના ડેવેલપમેન્ટમાં ઘણી જ કાળજી રાખવી પડે છે; નહિ તો વિષયના કુદરતી વર્ણભેદ (Tones) સચવાતા નથી.

(૨) 'બુઝર્ગી' એ સ્વ. ખારેઘાટની તસ્વીરી કલા–પૉર્ટ્રેટ ફોટોગ્રાફી–નો અચ્છો નમૂનો છે. એમાં છબી પડાવનાર અમુક વ્યક્તિ મટીને એક સમગ્ર વર્ગનો પ્રતિનિધિ બની રહે છે. સંયોજન પણ સારૂં છે. એક બાજુ નમતો ચહેરો ચિત્રનું આકર્ષણ વધારે છે.

(૩) 'સ્ટિલ લાઇફ' તો સ્વ. ખારેઘાટનો મુખ્ય શોખ. તેમના જેટલાં સ્ટિલ-લાઇફ ચિત્રો ભાગ્યે જ

કોઇ ઍમેટરે ઉપજાવ્યાં છે. આ સાથેના 'નાસ્તા'ના ચિત્રમાં બતાવ્યા પ્રમાણે, એક બાજુથી તીવ્ર પ્રકાશ નાખીને ઇંડાંની ગોળાઇ ચિત્રમાં ઉતારવી કેટલી મુશ્કેલ છે તે તો જ્યારે એક્સપોઝર કરી જોઇએ ત્યારે જ સમજાય.

(૪) મુંબાઇવાસી કલાકાર મળસ્કે દેખાતું મુંબાઇનું ચિત્ર લેવા ભાગ્યે જ ચૂકે છે. દરિયાકાંઠે શિયાળાના ધુમ્મસમાં શિકારની શોધમાં નીકળેલા માછીમારો અને તેમનું હોડકું 'મળસ્કે મુંબાઇ'ના એમના ચિત્રમાં આબાદ ઝડપાયાં છે. વાતાવરણની જમાવટ સ્પષ્ટ પકડ્યા છતાં મુખ્ય વસ્તુની નક્કરતા પણ તેમણે જાળવી છે અને એથી જ એ ચિત્રના ગુણ વધે છે.

(૫) 'સ્ટીમર રંગનારા': સ્ટીમર કે જહાજ જેવી વસ્તુઓમાં પણ સ્વ. ખારેગાટની કલાભરી આંખ પોતાનાં ચિત્રો માટેના વિષયો શોધી કાઢતી. સ્ટીમરને રંગના માણસોના આ ચિત્રમાં કલાનાં જે ઘણાં તત્ત્વો છે તે એ નાનું હોવાને કારણે કદાચ સ્પષ્ટ નહિ થાય. સાદા સીધા સૂર્યપ્રકાશમાં લેવાએલા એ ફોટોગ્રાફમાં જમણી તરફનો કાર્યનિમગ્ન રંગનારો ચિત્રનું મુખ્ય લક્ષ્ય બને છે. ચિત્રવિસ્તારમાં તેનું સ્થાન કલાભર્યું છે; અને તેના ગંજીફરાકનો સફેદ તથા તેના પડછાયાનો કાળો વર્ણ (ટોન) એકબીજાની નજીકમાં આવવાથી દૃષ્ટિ એ જ બિંદુએ સ્થિર થાય છે.

(૬) 'શોધમાં': પ્રાણીબાગમાં લેવાએલા લાગત આ ફોટોગ્રાફમાંનાં બગલાં જાણે પોતાના કુદરતી આવાસમાં જ વિચરતાં જણાય છે. અનુકૂળ બૅકગ્રાઉન્ડ અને કૅમેરાની ચાંપ દાબવાની સુયોગ્ય પળનું આ સરસ પરિણામ છે. ચિત્રને જમણી તરફથી જોઇતા પ્રમાણમાં કાપી નાખીને પાછલા પક્ષીને ચિત્રવિસ્તારમાં ગૌણ રાખ્યું છે.

પોતાના આ સ્વ. સાથીની યાદગીરીમાં, 'કૅમેરા પિક્ટોરિયાલિસ્ટ્સ ઑફ બૉમ્બે'એ પોતાના તરફથી યોજાતાં બધાં આંતરરાષ્ટ્રીય પ્રદર્શનોમાં, હિંદના ઍમેટરોનાં ફોટો-ચિત્રોમાં સર્વોત્તમ નીવડનારને એક 'સિલ્વર પ્લૅક' આપવાનું ઠરાવ્યું છે. તે અનુસાર હમણાં ભરાઇ ગએલા મુંબાઇના સેકન્ડ ઇન્ટરનૅશનલ સલૉં ઑફ ફોટોગ્રાફિક આર્ટ'–૧૯૩૮માં શ્રી એસ. કે. કોપારકરને તેમના 'બોટમૅન' (ખલાસી) નામના ચિત્ર માટે 'ખારેગાટ કૉમ્મેમોરેશન સિલ્વર પ્લૅક' આપવામાં આવ્યો છે. એ પ્રદર્શનમાં સ્વ. ખારેગાટનાં દસ ચિત્રો એક સ્મરણ તરીકે અલગ સ્થળે એકસાથે લટકાવવામાં આવ્યાં હતાં.

બલવન્ત ભ.

ફોટોગ્રાફીમાં રસ લેનાર સર્વને જાણીને આનંદ થશે કે 'કુમાર'ના 'ફોટોગ્રાફી' વિભાગનું સંચાલન કરતા શ્રી બલવન્ત ભટ્ટને, હમણાં બૅંગલોરમાં ભરાએલા અખિલ હિંદ ફોટોગ્રાફિક પ્રદર્શનમાં, એમના 'મોઢેરાનાં સૂર્યમંદિરો'ના સ્થાપત્યસમૂહનાં ફોટોચિત્રો માટે એ વિભાગનો પ્રથમ પદનો 'સિલ્વર પ્લૅક' મળ્યો છે. આપણુ સૌનાં તેમને અભિનંદન. **તંત્રી**

ફોટોગ્રાફી

હરીફાઇનું પરિણામ

પહેલું ઇનામ–'પાણી પાનાર': ચતુરભાઇ પટેલ (મુંબઇ); બીજું ઇનામ–'શ્રી રણછોડરાયજીનું મંદિર–ડાકોર' ત્રીજું ઇનામ મુલતવી રાખવામાં આવ્યું છે.

ઉપરનાં બંને ચિત્રો આકર્ષક છે ને ચિત્રમય ફોટોગ્રાફીનું ધોરણ પૂરું પાડે છે. ભાઈ ચતુરભાઇએ 'પાણી પાનાર' નામને બદલે 'કાવડીઓ' પાડ્યું હોત તો વધુ સાર્થક લાગત. એ ચિત્રમાં પાણીની નિર્મળતા અને બહોતાળપણાની સાથે મનુષ્યના મનને શાંતિ આપતી તેમજ તૃષા છીપાવતી ઊર્મિ ઘૂમતી લાગે છે. વાંકો વળેલો માણસ અને નદીના સમગ્ર પટ ઉપર વાંકી વળેલી કાવડની દાંડી વગેરેમાં ક્રિયાની સ્વાભાવિકતા ઝડપાઈ છે. ચિત્રનો વિશેષ ગુણ એ છે કે તેમ પાત્રને જરૂર કરતાં વધુ આવવા દીધું નથી.

'રણછોડરાયજીનું મંદિર' સમગ્ર ભાગોમાં કૅમેરામાં ઉતારવાનું ઘણું મુશ્કેલ છે એ જેમણે પ્રયત્નો કર્યા હશે તેઓ જાણતા હશે. ભાઇ રામભાઇ પટેલ એમાં સફળ થયા છે. તેમને 'કુમાર'નું ઇનામ આપી અભિનંદન આપીએ છીએ.

નોંધપાત્ર ઠરેલાં ચિત્રો: 'છેલ્લો દૃષ્ટિપાત'–મણિલાલ મિસ્ત્રી (ચાણસ્મા); કલ્પના અને વાસ્તવિકતાનો મેળ કરવા સરસ પ્રયત્ન કર્યો, પણ તાજ સામે જોઈ રહેલ છાયાપાત્રનો અભિનય, કૅમેરા માટે બાજુ ખસી ગએલા કોઇ ચોકીદાર

ઉ એ છાનું રહેતું નથી. ચિત્ર પૂરું કરવા અંદરના ભાગમાં પણ આકૃતિઓ સ્પષ્ટ ઊઠે એવું કરવું જોઇએ. 'વર્ષાનું આગમન' (વામન ઠાકોર–અંધેરી): માત્ર એન્લાર્જમેન્ટ કરવાથી ચિત્ર સુધરતું નથી. ચિત્રના ચોકઠાના હરેક ભાગમાં આકર્ષણનો છંટકાવ થવો જોઇએ અથવા સર્વ પદાર્થોની એકવાક્યતા જાગવી જોઇએ. 'સમી સાંજે'–(ચંદુલાલ શાહ-અમદાવાદ): પાણી ભરનાર પાત્રને જ નેત્રમાં રાખી આસપાસની જગ્યા બંધ કરી જુઓ. એથી જ પાત્રનો ચલુ વ્યવહાર નજર ખેંચી શકશે. ઋતુનાં રમકડાં' (હાસમ સુતાર –નડિયાદ). ફોટોગ્રાફી સારી પણ રચના તદ્દન અસ્વાભાવિક. પતંગ પર લખોટા, મોઇદાંડીઓ, ભમરડો મૂકી જમીન પર રાખીને ફોટોગ્રાફ લેવામાં કશી મજા નથી. વળી એ બધાં એક જ ઋતુમાં સાથે રમાય છે ખરાં? 'કૂતરાંની લડાઇ' (સોનલકુમાર-અમદાવાદ): ચિત્રમાં વધુ પ્રકાશ, વધુ ઉઠાવ અને વધુ હીલચાલ પકડાવાં જોઇએ. ખેંચાખેંચી જોરદાર થાય ત્યારે જ ચાંપ પડવી જોઇએ. ચિત્ર કઇ બાજુએથી સ્પષ્ટ અને સમજાય એવું પડશે તે નક્કી કરવામાં જ અનુભવ અને કરામત વાપરવાનાં છે.

બલવન્ત ભટ્ટ



કિર્લોસ્કરનાં કટાક્ષચિત્રો (ક્રમાંક ૧૫) — **અસંગનો સંગ**

(ચિત્રકાર • શંકરરાવ કિર્લોસ્કર . . . લેખક • પ્રો. ના. સિ. ફડકે)

તુકારામ મહારાજનાં લગ્ન એક સાવ અજાણ, તુચ્છ અને જક્કી સ્ત્રીસાથે થએલાં હોઇ પરમાર્થસાધનામાં તેમને અનેક અડચણો નડતી, એવું એક નાટકમાં બતાવવામાં આવ્યું છે. આ વાતમાં ઐતિહાસિક સત્ય ભલે કદાચ નહિ જેવું જ હોય, અને એ માત્ર એકાદ કવિની વ્યંગોક્તિ જ હોય. પરંતુ એ વ્યંગોક્તિ જ હોય તોપણ ખૂબ અર્થપૂર્ણ છે. જે વ્યક્તિ કે સમાજ અજ્ઞાનની કાયમની સોબત સ્વીકારે છે, તેની દુર્દશા કેવી થાય છે એ કલ્પનામાં યે ન આવે; કારણ, અજ્ઞાનના માથા પર પરાવલંબનનો બોજો હમેશાં પડ્યો જ રહે છે. ને તેની બગલમાં વિવિધ પ્રકારનાં જડ રૂઢિનાં પોટલાં પણ નિશ્ચિત હોવાનાં.

સર રોનાલ્ડ રૉસ

(અનુસંધાન પૃષ્ઠ ૨૪૮થી) અવગણ્યો જ. એ જેર થયો, કંગાળ બન્યો, સંધિવા લાગુ પડી એ અસહાય બન્યો, પણ ઇંગ્લંડે ઊંચી આંખ કરી તેની સામે ન જોયું, ને એ જ હાલતમાં ૧૯૩૨ની સાલમાં મોતે તેને ઝડપી લીધો. **અશોક હર્ષ**

અગોચર સૃષ્ટિ

(અનુસંધાન પૃષ્ઠ ૨૫૬થી) ચહેરો એકાએક ગંભીર બની ગયો. 'મારૂં વીજળીક બળ ઘટતું જાય છે,' તે નિરાશ થતો બોલ્યો, 'પ્રકાશ, તારે શું કરવું છે?'

'મને યે તારી આ અગોચર સૃષ્ટિ નથી ગમતી.' હું બોલ્યો, ત્યાં તો નજીકમાં જ ભૌતિક આકાર લઇ રહેલા એક ઓળા તરફ સૌરીન્દ્રે મારૂં ધ્યાન ખેંચ્યું. 'જો!' તે ગણગણ્યો, ને પછી એ ઓળાને આવકારતો હોય તેમ બોલ્યો, 'હો! દત્ત! તું?'

'કોણ, સૌરીન્દ્ર? ભાગ પડાવવા તો નથી આવ્યો ને?' સામેથી દરડાતો અવાજ આવ્યો. સૌરીન્દ્ર માત્ર હસ્યો. પછી મને કહ્યું, 'પ્રકાશ! આ જ માણસજાતનો દુશ્મન ને એક વખતનો મારો મિત્ર જ્વાલાદત્ત. ભય પ્રેરીને એ દુનિયાને હાથ કરવા માગે છે. તારૂં કામ એને જ પકડવાનું છે!'


હું સીધો તેના પર તૂટી પડ્યો ને તેને પટકી પાડ્યો. પણ બીજી જ પળે એ છટકાઈને નાઠો. મેં જવા દીધો. ક્યાં જશે? હમણાં જઇને પોલાદી ભીંતમાં માથું અફાળશે. પણ મેં ભૂલ કરી હતી. છટકીને એણે વીજળીની ત્વરાથી પોતાનાં અંગો હલાવ્યાં ને થોડીવારમાં તો એ લોખંડની પાર અજ્ઞેય—

'પ્રકાશ! પ્રકા . . . શ! છટકવા ન દેતો. પાછળ પડ, નહિ તો એને ગુમાવી બેસીશું!' સૌરીન્દ્રનો વિહ્વળતાભર્યો અવાજ આવ્યો. બીજી સૂચનાની મને જરૂર ન હતી. મેં પણ અંગો હલાવ્યાં ને પાછો એ ભયંકર મૌનની અનાગી દુનિયામાં ગેબ થઇ ગયો. થોડે જતાં આગળ ને આગળ દોડતો જતો એક ઓળો મેં જોયો. તરત હું એની પાછળ પડ્યો ને થોડી વારમાં તો પકડી પાડ્યો.

ટોળભર્યા સ્મિતથી એણે મારી સામે જોયું. 'એ નકામું છે, ભલા માણસ!' તે બોલ્યો, 'અહીં પદાર્થ પદાર્થને અડકી જ શકતો નથી.'

'એ બરાબર છે, દત્ત!' મેં જવાબ આપ્યો: 'હું તને કશું નુકસાન કરી શકું એમ નથી. પણ હું તને આ પ્રેતલોકમાંથી પાછો અમારી દુનિયામાં આવતો જ અટકાવી દઉં તો?'

મારો આ જવાબ સાંભળી એ ધ્રુજી ઊઠ્યો ને કશું બોલ્યા સિવાય અંગો સંકોચી ભૌતિક દુનિયામાં સરકી જવા હીલચાલ કરવા માંડી. એ જ પળે જઇને હું તેને બાઝી પડ્યો. જોકે હું તેને કંઈ કરી શકું એમ



'પ્રકાશ! આજ માણસજાતનો દુશ્મન ને એક વખતનો મારો મિત્ર જ્વાલાદત્ત, પકડ એને.'

ન હતો ને એ મને કંઇ કરી શકે એમ ન હતું, પણ સારીન્દ્રના કહેવા મુજબ માણસ તદ્દન મુક્ત હોય તો જ એ પરિવર્તનકારી હીલચાલ કરી શકે છે. જીવતી વસ્તુનો થોડોઘણો પ્રતિકાર પણ તેને એમાં આડો આવે છે.

એ વખતે જ સૌરીન્દ્રના હાથનો મેં અનુભવેલો પ્રતિકાર મને યાદ આવ્યો ને હું તરત તેને બાઝી પડયો. ઘડીભર માટે તો જાણે પરસ્પર ધિક્કારતા બે મગજવાળું એક જ શરીર અમે બની રહ્યા. મારે એને કોઇ રીતે છટકવા દેવો નહોતો. ભૌતિક દુનિયામાં ગતિ કરવા ઓછામાં ઓછી બે સેકંડ તો જોઇએ જ; અને હું એટલો સમય એને આપવા જ નહોતો માગતો. અને જે થોડોઘણો પ્રતિકાર મારા શરીરે તેના શરીરને કર્યો તે તેની સ્વતંત્ર હીલચાલનો અવરોધ કરવા પૂરતો હતો.

ખૂની, બદમાશ છતાં અલૌકિક જ્ઞાન ધરાવતો જ્વાલાદત્ત હવે મને કરગરવા લાગ્યો. પણ હું કશું સાંભળવા તૈયાર નહોતો.

'તને પણ મારા જેટલી જ તક છે, તો માથાકૂટ શા માટે કરે છે?' મેં મેણું માર્યું. મારૂં હૃદય તપી ઊઠયું હતું. કદાચ એને મારા કરતાં વિશેષ તક હતી. તેનો પ્રવાહ કયારે ખલાસ થશે એનો મને કશો ખ્યાલ નહોતો. પણ મને થયું કે કદાચ ટૂંક જ સમયમાં અમારૂં બંનેનું એક સાથે આવી બનશે.

સૌરીન્દ્ર એટલા ખાતર જ મારી સાથે નહોતો આવ્યો કે એનો પ્રવાહ ખલાસ થયો હતો. એણે પ્રયાસ કરેલો, પણ નિષ્ફળ ગએલો. જો એનામાંથી એ ખલાસ થયો તો અમારામાંથી યે થવો જોઇએ. પણ કોનો વહેલો થશે?

એવામાં દત્ત મારી પકડમાંથી છટકયો ને વીજળીવેગે નાઠો. પણ હું એથી યે વધુ ઝડપે તેની પાછળ પડયો. ફરી અમારાં શરીરો એકબીજાને ચોંટી પડયાં ને ફરી એને ભૌતિક દુનિયામાં જતો મેં રોકી લીધો.

ન સમજાય એવી દાનવી કાળાશ મારા પર દબાતી ગઇ ને હું જાણે ભૌતિક બોજા નીચે દબાઇ રહ્યો હતો. એ એવું ભયંકર હતું કે શબ્દોમાં મૂકી શકાય તેમ નથી.

એ ભયંકર ઓળો—અજ્ઞાત કાળાશ મને વધુ ને વધુ દબાવતી ગઇ. મેં અંદરોઅંદર કંઇક ફેરફાર અનુભવ્યો. મારી અવાસ્તવિકતા ઓછી થતી મને જણાઇ . . . અને પછી મને જ્ઞાન થયું! મારો વીજળીક પ્રવાહ ઘસાતો જતો હતો! હું થરથરી ઊઠયો. અત્યારે જ યા તો કાયમ માટે નહિ!

હું નથી ગપ્પીદાસ કે નથી મહાન વીરાત્મા. તરત મેં દત્તને દૂર ફેંકયોઃ 'જા, કુત્તા તારૂં કાળું કર!' મારા પર એક ઝાંખી નજર ફેંકી તે દૂર નાઠો. એણે અંગોની હીલચાલ કરવા માંડી એ મેં જોઇ, અને એ વ્યર્થ જતી પણ હું જોઇ રહ્યો. એણે માથું ધુણાવ્યું ને એના ચહેરા પર મેં એવી નિરાશા જોઇ કે હજુ પ્રેત જેમ એણે મારો પીછો નથી છોડયો. ને એ સાથે જ એણે ચીસ નાખી—હજુ એના ભણકારા મારા કાનમાં વાગે છે—'હું ખલાસ થયો, હું . . . ખલા . . . . . . સ!'

મેં હવે ભૌતિક દુનિયામાં પ્રવેશવા અંગોની હીલચાલ કરી ને એ અર્ધસૃષ્ટિના ઓળા સંકેલાતા ગયા.


વળતે દિવસે રાજાબહાદુર ગંગાપ્રસન્ને પોતાના ભોંયરામાંનો ગુંબજ ઉઘાડયો ત્યારે અંદરથી સૌરીન્દ્ર મળી આવતાં જબરો ઉહાપોહ થએલો. પણ સૌરીન્દ્રે બધી વિગત સમજાવી તેમને હૈયે ટાઢક વાળી, અને જણાવ્યું કે 'તમારા ભૂતનો મેં નાશ કર્યો છે. હવે આવું કદી નહિ બને.'

ને ઘેર આવીને તેણે પોતાની બધી નોટબુકો ને સાધનોનો નાશ કરી નાખ્યો. એણે એટલું જ માત્ર કહ્યું, 'આપણી દુનિયા માટે એ અગોચર સૃષ્ટિ નકામી છે—સિવાય કે માણસજાત ગુનાખોરી વિના એનો કંઇ સારો ઉપયોગ શોધી શકે.' પોલિસ અમલદારોને પણ એમનો ભય હમેશ માટે દૂર થયો હોવાનું કહ્યા સિવાય તેણે કશું વિશેષ ન કહ્યું. એમણે પણ એને ધૂની ગણી કાઢયો હશે.

હજુ અવારનવાર તે બુદ્ધની બે નાનકડી મૂર્તિઓ કાઢી બેસે છે ને એ ભયંકર સ્મરણો તાજાં કરે છે. પણ ત્યારે હું એ ઓરડામાંથી ચાલી નીકળું છું; કારણ, એ અગોચર સૃષ્ટિના ઝાંખા ઓળાઓ વચ્ચે અથડાતા કમનસીબ જ્વાલાદત્તના કરુણ ફેજનો વિચાર કરતાં પણ હું કંપી ઊઠું છું.

(સૂચિત) અશોક હર્ષ

માનવનો ભાવિ અધિવાસ શુક્ર



શુક્રની કક્ષા પૃથ્વીની કક્ષાની અંદર હોવાથી ચન્દ્રની માફક તેની પણ કળાઓ દેખાય છે. આ કળા અલબત્ત નરી આંખે નહિ પણ દૂરબીનથી જોઈ શકાય છે. શુક્ર જ્યારે પૃથ્વીની તદ્દન નજીક (બે કરોડ ને સત્તાવન લાખ માઇલ) હોય છે ત્યારે બીજકારે જેવડો દેખાય છે તે, તથા દૂરમાં દૂર (સોળ કરોડ ને એક લાખ માઈલ) હોય છે ત્યારે પૂર્ણરૂપમાં જેવડો દેખાય છે તે બંને કદ ઉપરના ચિત્રમાં દર્શાવ્યાં છે.

આપણો ચન્દ્ર પૃથ્વીની છેક નજીક આવતો જઇ, તેના પ્રલયની શક્યતા ઊભી કરશે ત્યારે તે વખતના પૃથ્વીવાસીઓ પોતાના અધિવાસ તરીકે શુક્રના ગ્રહનો આશરો લેશે એવો તર્ક મહાન વિજ્ઞાની હાલડેને પોતાના 'ધી પૉસિબલ વર્લ્ડ્સ'માં કરેલો છે. અને એ ઘણે અંશે વાસ્તવિક છે. સૂર્યમાળામાં પૃથ્વીની લગોલગ ઉત્ક્રાન્ત થએલા ગ્રહો બેઃ શુક્ર અને મંગળ. તેમાં મંગળ તો પૃથ્વીની પરિસ્થિતિમાંથી પસાર થઇ ગએલો છે, એટલે પૃથ્વીના વિનાશકાળ પહેલાં તેનો વિનાશ વહેલો જ થઇ ગયો હશે. જ્યારે શુક્ર હજુ પૃથ્વીની લગોલગની પ્રાથમિક અવસ્થામાં હોઇ તેના પર વધુ મદાર સહેજે બાંધી શકાય એમ છે. તો માનવકુલના ભાવિ અધિવાસના એ ગ્રહ બાબતમાં વિશેષ જાણવા કુતૂહલ ઉપજે એમાં નવાઇ નથી.

સૂર્ય અને ચંદ્રને બાદ કરતાં આકાશમાંના સઘળા તેજપિંડોમાં શુક્રનો ગ્રહ સૌથી ચળકતો છે. એ જ કારણે ગ્રીકોએ તેને સૌન્દર્યદેવી 'વીનસ'ની ઉપમા આપેલી. સૂર્યના ઉદય અને અસ્ત સાથે આકાશમાં દેખા દેતા એ ગ્રહને પ્રાકૃત જન સુદ્ધાં સહેલાઇથી ઓળખી કાઢે છે. ગ્રીકોએ તો એ એકના એક ગ્રહનાં બે નામ પાડેલાં. સવારને માટે ફૉસ્ફરસ ને સાંજને માટે હેસ્પરસ. મુસ્લિમ ખગોળશાસ્ત્રીઓએ એની પ્રકાશિતના પરથી એને ઝોહરાનું નામ આપેલું છે.

સૂર્યમાળામાં સૂર્યની નજીકના ક્રમથી જોતાં પહેલું બુધનું ને પછી શુક્રનું સ્થાન આવે છે. તેની પછી આવતી પૃથ્વીની તે બહુ નજીક છે. ઘણી વખત તેને પૃથ્વીના જોડકા ભાઇ તરીકે ઓળખવામાં આવે છે; અને પૃથ્વી સાથેનું તેનું સામ્ય જોતાં તે જરા યે ખોટું નથી. આકારમાં તો તે પૃથ્વીને મળતો છે જ. પૃથ્વીની ધ્રૌવ મધ્યવ્યાસરેખા ૭૯૦૦ માઇલ છે, જ્યારે શુક્રની ૭૬૦૦. અને તેનું વજન પણ પૃથ્વીના $\frac{4}{5}$ ભાગનું જ છે. એકલા કદ કે ઘનત્વમાં જ નહિ, ભૌતિક પરિસ્થિતિમાં પણ બીજા કોઇ ગ્રહ કરતાં પૃથ્વીને તે વધુ મળતો છે. હા, તેને એકે ચન્દ્ર કે ઉપગ્રહ નથી એટલો ફેર છે.

સૂર્યની પરકમ્માનો બધા ગ્રહોનો માર્ગ લંબગોળ છે; જ્યારે શુક્રનો માર્ગ લગભગ વર્તુલ જેવો છે. બીજા કોઇ પણ ગ્રહની કક્ષા કરતાં વધુ ગોળ તેની કક્ષા પૃથ્વીની કક્ષાની અંદર હોવાથી, પૃથ્વી પરથી તેનું નિરીક્ષણ કરતાં ચન્દ્રની માફક જ તેનું પિંડ પણ જુદી જુદી કળાઓમાં નજરે પડે છેઃ કોઇ વખત સંપૂર્ણ ચળકતો તેજના થાળ જેવો, તો કોઇ વખત ત્રિશૂળની કણા જેવી બીજકલા સરખો. તેની કળામાં ફેરફાર થતો જાય છે તેમ તેના કદમાં પણ ફેરફાર થતો જાય છે, અને તેનું કારણ તેનો પરકમ્માનો પંથ છે. એ પૃથ્વીની નજીકમાં નજીક આવે ત્યારે ૨,૫૭,૦૦,૦૦૦ માઈલના અંતરે રહે છે, જ્યારે દૂરમાં દૂર હોય ત્યારે ૧૬,૦૧,૦૦,૦૦૦ માઇલ—એની સમીપતા કરતાં છગણે અંતરે.

ગુરુ, શનિ કે મંગળની પેઠે શુક્રને અનોખું વ્યક્તિત્વ આપે એવા કશા રંગ, શોભાન કે ડાઘ તેના પૃષ્ઠ પર નથી દેખાતા, પણ જે કંઇ આછાં ઝાંખાં ધાબાં તેના પર દેખાય છે તે પરથી તેની ધરી પરના તેના પરિભ્રમણનો ક્યાસ કાઢવાનો પ્રયાસ અઢારમી સદીના વિજ્ઞાનીઓએ કરેલો ને એ સમય ૨૩ કલાક ને ૨૧ મિનીટનો ઠરાવેલો. ઇ. ૧૮૮૦ સુધી એ યથાવત્ સ્વીકારાતો આવેલો, પરંતુ મહાન ઇટાલિયન

ખગોળજ્ઞ સ્કીઆપારેલીએ વધુ શોધખોળને અંતે તે ખોટો ઠરાવ્યો ને ૨૨૫ દિવસનો મુકરર કર્યો. એટલે કે આપણો ચંદ્ર જેમ પૃથ્વીની પરકમ્મા કરવા જેટલો જ વખત પોતાની ધરી પર ફરતાં લે છે, એ જ રીતે શુક્ર પણ પોતાની ધરી પર અને સૂર્યની આસપાસ ફરતાં એક સરખો ૨૨૫ દિવસનો જ વખત લે છે એમ સાબિત થયું.

પરંતુ ખરેખર જો એમ જ હોય તો તો આપણા ચંદ્રની જેમ શુક્રનો અરધો ભાગ સદા સૂર્યની સન્મુખ જ રહ્યા કરે, અને એટલે, તેના એક ગોળાર્ધમાં શાશ્વત દિવસ ને બીજામાં શાશ્વત રાત્રિ રહ્યા કરે! પણ નવું શોધાએલું થર્મોપિલી નામનું એક નાનકડું સાધન, જે આકાશમાંના તેજપિંડોની પ્રસારણ પામતી ગરમીની નોંધ રાખે છે, તે વડે સ્કીઆપારેલીની માન્યતા નાસાબિત થઇ છે. શુક્રનું એક પડખું જો સૂર્યથી દૂર જ રહેતું હોય તો તેને કશી ગરમી ન મળે ને એનું પ્રસરણ પણ ન થાય. જ્યારે થર્મોપિલીએ તેના પર ગરમીનું અસ્તિત્વ તો પુરવાર કર્યું છે. આ પુરાવાને લઇને આજે શુક્રનો તેની ધરી પર ફરવાનો સમય પાંચ દિવસનો નક્કી કરવામાં આવ્યો છે.

શુક્રનો આખો પિંડ વાદળાંના દુર્ગમ પડથી સદા આચ્છાદિત રહેતો હોવાથી તેના પૃષ્ઠભાગ સંબંધે આધારભૂત હકીકતો મેળવવાના ખગોળશાસ્ત્રીઓના પ્રયાસો હજુ સુધી વંધ્ય જ રહ્યા છે. ખાસ ધુમ્મસભેદક અલ્ટ્રારેડ પ્લેટો પણ તેના વાતાવરણને ભેદીને ફોટો લેવા માટે નિષ્ફળ નીવડી છે.

શુક્રને વાતાવરણ છે તો તે કઇ જાતનું છે? શું આપણી પૃથ્વી પેઠે તે પણ પ્રાણવાયુ ને પાણીની વરાળનું બનેલું છે? જો વાતાવરણમાં આ બંનેની હસ્તી હોય તો તો શુક્ર પર જીવસૃષ્ટિ પણ સંભવી શકે. તો આપણે એ પ્રશ્નમાં વધુ ઊંડા ઊતરીએ.

સ્પેક્ટ્રોસ્કોપ પર અંકાએલા શુક્રના પ્રકાશના રંગપટ ઉપરથી માલૂમ પડ્યું છે કે આપણને તેનો જે પ્રકાશ મળે છે તે સૂર્યનો પરાવર્તિત પ્રકાશ છે, અને તેના વાતાવરણના પડને ઊંડે સુધી ભેદ્યા બાદ જ તે પરાવર્તિત થઇ આપણને પહોંચે છે. આ રીતના તેના પરાવર્તનમાં, જો પાણીની વરાળ તેના પૃષ્ઠ પર હોય તો, રંગપટ પર તેની રેખાઓ ઊઠે જ. પરંતુ રંગપટ પર તો તેનો બિલકુલ અભાવ જણાય છે.

પણ એટલા પરથી શુક્ર પર પ્રાણવાયુ કે પાણીની વરાળનું અસ્તિત્વ જ નથી એમ ન કહી શકાય. પ્રકાશથી ભેદાતા વાતાવરણની નીચે તેના પર કદાચ એ બંને અસ્તિત્વ ધરાવતાં હોય. અને સૂર્યનો પ્રકાશ કદાચ તેનાં ઘનઘોર વાદળાંના ઘટ્ટ આવરણ સુધી પહોંચીને જ પરાવર્તિત થતો હોય. એટલે ચોક્કસ પુરાવા ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી શુક્રના વાતાવરણ વિષે કશું ચોક્કસ ન કહી શકાય.

શુક્રના પૃષ્ઠની આસપાસ એ ઘટ્ટ વાદળસમૂહ ઉપર જે વાતાવરણ રહેલું છે તેની જાડાઇ બે માઇલની છે. તેની નીચેનું વાતાવરણ તો એથી યે વધુ હોવું જોઇએ. એ વાતાવરણની એક બીના તો ખાતરીલાયક મનાઇ છે અને તે એમાં અજાયબી પમાડે એટલા પ્રમાણમાં રહેલું કાર્બન ડાયોકસાઇડ.


સૂર્યમાળામાં શુક્ર પૃથ્વી કરતાં સૂર્યની વધુ નજીક આવેલો છે, એટલે પૃથ્વી કરતાં તેના પર ગરમીનું પ્રમાણ વિશેષ હોવું જ જોઇએ. વળી તેને વીંટતું વાદળાંનું આવરણ તેને ધાબળીની ગરજ સારતું હોઈ, તેની ગરમીના પ્રસરણ પર નિયંત્રણ મૂકતું જ હોવું જોઇએ; એટલે તેની આબોહવા પણ ગરમ અને ભેજવાળી હોવી જોઇએ. વરસાદ ત્યાં પુષ્કળ પ્રમાણમાં પડતો હોવો જોઇએ ને તેને લઇને મહાસાગરો ને વનસ્પતિના વિવિધ પ્રકારો પણ તેના પર હસ્તી ધરાવતાં હોવા જોઇએ.

આપણી પૃથ્વી પણ એક વખતે શુક્રની અવસ્થામાં જ હતી. તેના વાતાવરણમાં પણ એક વખત કાર્બન ડાયોકસાઇડ વિપુલ પ્રમાણમાં રહેલો. પણ જેમ જેમ વનસ્પતિસૃષ્ટિનો વિકાસ તેના પર થતો ગયો તેમ તેમ તે વનસ્પતિએ કાર્બન ડાયોકસાઇડ શોષી લઇ વાતાવરણમાં પ્રાણવાયુની ભરતી કરવા માંડી. જો આ રીતે વનસ્પતિ તેના પર પ્રાણવાયુની ભરતી ન કરત તો પૃથ્વી પર સજીવતાની સંભાવના પણ કદાચ ન ઉદ્ભવત.

તો શુક્ર પરની વનસ્પતિ અને તેની પ્રાકૃતિક પરિસ્થિતિ આજે નહિ તો આવતી કાલે (અલબત્ત એ 'કાલ' લાખ્ખો વરસ પછીની હશે) જીવસૃષ્ટિને

અનુકૂળ વાતાવરણ શાં માટે ધારતી ન થઈ હોય? મહાન વૈજ્ઞાનિક તો હાલડેને તો કલ્પના કરી છે કે પૃથ્વીના પ્રલયકાળના તેના અંતિમ નિવાસીઓ શુક્રને જ પોતાનો નવો અધિવાસ બનાવશે. એમ થાય કે ન થાય, તોપણ પૃથ્વીના અવસાનકાળ સુધીમાં શુક્ર આપની આજની પૃથ્વીની જ સઘળી પરિસ્થિતિઓ ધરાવતો હશે તેની તો કોઇથી ના પાડી શકાય તેમ નથી.

'અનિકેત'



'ચીતરવાનું સહેલું' બનાવતી જાપાની ચિત્રપોથીઓનાં પાનાં . . . . દરેક જણ જે સરળતાપૂર્વક કક્કાનાં અક્ષરો અગર સામાન્ય લીટાડા કરી નાખે છે તેમાં કેટલીક ચિત્રાકૃતિઓ બનાવી એવા વળાકા હોય છે. ઝડપથી અને સરળતાથી ગૂંચળાં મારતી લીટીઓ દોરવાનો મહાવરો પાડવા સારૂ કેટલીક સહેલી આકૃ જાપાનના તેમજ બીજા દેશોના ચિત્રશિક્ષકોએ ઉપજાવી છે. તેમાંની કેટલીક ક્રમશઃ આ રીતે કુમારમાં આપીશું.



જીવનનું પરોઢ

ભાગ બીજો

પ્રકરણ નવમું · દાતણપાણી

'ચાપાણી' નવો શબ્દ છે. અસલમાં આપણે ત્યાં 'દાતણપાણી કર્યાં?' એમ સવારના પહોરમાં પૂછવાનો રિવાજ હતો. બંગાળમાં પણ સવારે સત્કાર કરતાં પહેલો પ્રશ્ન 'જલપાન' વિષે જ પૂછાય છે; અને બિહારમાં યે કોઇ કહે કે 'મૈંને પાની પી લિયા હૈ' એટલે સમજવું કે એ ભાઇએ શીરામણ કરી લીધું છે. એ રીતને અનુસરી હું પણ ફીનિક્સની અમારી દાતણથી શીરામણ સુધીની કથા આ 'દાતણ પાણી'ના પ્રકરણમાં આપવા માગું છું.

સાધારણરીતે ત્રણ વાગ્યે—ને ઘણી વાર તો બે વાગ્યે—બાપુજી પથારી છોડતા અને દીવો પેટાવી સવાર પડતાં સુધી એકચિત્તે લખતા-વાંચતા. ટૉલ્સ્ટૉયવાડીથી સૌને લઇ તેઓ ફીનિક્સ આવ્યા ત્યાર પછીના ગાળામાં મને કેટલા યે એવા દિવસો સાંભરે છે, જ્યારે અંધારૂં ઓસરવા માંડ્યું હોય એ વેળા મારી બા મને જગાડતાં અને કહેતાં કે 'જો, બાપુ બે વાગ્યાના ઊઠીને લખે છે, અને હવે દાતણ લઇને દેવદાસકાકાને ઉઠાડે છે; ઊઠ, તું યે ઊઠી જા.' અર્ધી ઊંઘમાં હું પડ્યો રહેતો. આંખ તો ઊઘડતી નહિ, પણ કાન કામ કરતા. સામેની ટેકરીઓ પરનાં ઝૂંપડાઓનાં કુકડાઓ બોલતા સંભળાતા, પ્લુત સ્વરોમાં વાતો કરતા સ્ટેશન તરફ દોડ્યા જતા હબસીઓના હોકારા સંભળાતા અને વચ્ચે વચ્ચે બાપુજીનો ઊંચો સાદ સંભળાતો: 'દેવા . . ! દેવા . . !' પા થી અર્ધા કલાક સુધી આ સાદ ચાલુ રહેતા ત્યારે દેવદાસકાકાની ઊંઘ ઊડતી. પણ 'દેવા ! દેવા !'ના ધ્વનિથી ફીનિક્સની નાનીનાની ટેકરીઓ ગુંજી ઊઠતી ત્યારે એ માધુર્ય કોઇ પ્રભાતી રાગ સમું જ લાગતું. બાપુજીનો સાદ નાનો કે ઝીણો ન હતો. એ એટલો બુલંદ હતો કે દૂર દૂર ફેલાએલા ફીનિક્સના એકેએક ઘરમાં એ પહોંચી વળતો. અમારૂં ઘર બાપુજીના ઘરથી પોણો ફર્લાંગ જેટલું દૂર હોવા છતાં જાણે માથા ઉપર ઊભા રહીને જ બાપુજી જગાડતા હોય એમ લાગતું. 'દેવા'ના એમના પહેલે—બીજે સાદે તો મોટેરાઓમાં ભાગ્યે જ એવું કોઇ બાકી રહેતું, જેણે પથારી છોડી ન હોય. બીજી તરફ વિદ્યાર્થીઓ એ સાદ સાંભળતા છેવટની ઘેરી ઊંઘ લેવા માથે ઓઢી લેતા અને વધુમાં વધુ ક્ષણ પથારીનો લહાવો લેવા મંડી પડતા. નિશાળ, છાત્રાવાસ અને રસોડું એમ ત્રણ જુદીજુદી જગ્યાએ વિદ્યાર્થીઓ સૂતા. એકે એકની પથારી પાસે જઇ, એમને ઢંઢોળીને જગાડવામાં બાપુજીનો સવારનો પાકો એક કલાક જતો. પ્હો ફાટ્યે જગાડવા માંડ્યા હોય તે બધા ઊઠીને ભેગા થતા સુધીમાં બાલ સૂર્યનાં કિરણો દેખા દેતાં. મારી બા મને ઝાઝું આળસ ન કરવા દેતાં. જાગેલો જોઇ ઝટ પથારીમાંથી ઉઠાડી દેતા, એટલે બાપુજી રસોડેથી બીજે ઘેર ઉઠાડવા નીકળતા ત્યારે હું યે તેમની પાછળ પાછળ પહોંચી જતો. મોટી ઉમરના બેચાર છોકરાઓ તો એવા હતા કે જેઓ બાપુજી પાછા ફરે એટલે ફરી સૂઈ જતા! એમને ઉઠાડવા બાપુજીને બીજો ધક્કો ખાવો પડતો. એમને આકરાં વેણ કહેવાં પડતાં. છતાં બાપુજી એ જહેમત કરતાં કદી અધીરા બન્યા હોય એવું મને સાંભળાતું નથી. હોશિયાર માળી જેટલી ધીરજથી પરોઢિયે ઊઠી એકેએક છોડની પ્રદક્ષિણા કરે ને તેની ક્યારી ગોડે, તેમ એક એક વિદ્યાર્થીની પરિક્રમા બાપુજી કરતા. ફરક એટલો કે ખાતર, પાણી ને સંભાળ પ્રમાણે છોડવાઓ તો ફળે-ફૂલે, પણ અમે! બાપુના વિદ્યાર્થીઓ તો કોરાના કોરા જ રહેતા, ફળની ઇચ્છા ન રાખનારા એવા નિષ્કામ માળી બાપુજી ખરાને!

બધા ઊઠી રહે કે પહેલું સમૂહ-કાર્ય દાતણનું થતું. આંગણાને છેડે જ્યાંથી ખેતર શરૂ થતાં ત્યાં લાંબી ચર (નીક) ખોદી હોય, તેની ઉપર હારબંધ બેસી સૌને એકસાથે દાતણ કરવું પડતું. બાપુજી પણ ત્યાં પોતાના દાતણની સમાપ્તિ કરતા અને કરાવતા. ચરની બહાર કોઇ થૂંકે તો તુરત બાપુજી તેને સાવધાન કરતા. આકરી ઠંડીમાં કે વરસાદમાં જ્યારે બહાર બેસી

દાતણ કરવું કહેણ પડતું ત્યારે ઓરડાઓમાં એક બે મોટી કથરોટ મૂકી તેની આસપાસ કુંડાળામાં બેસી સૌને દાતણ કરવું પડતું. અને દાતણ થઇ રહ્યા પછી એક વિદ્યાર્થી ખાડો ગાળીને તેમાં એ કઠરોટ ઠાલવી આવી ખાડો ફરી પૂરી દેતો.

આ તો થઇ દાતણની બહારની કવાયત ને સફાઈ. પણ બાપુજીના દાતણમાં એથી યે ઊંડું રહસ્ય આજની પેઠે ત્યારે પણ એક હતું. ઝીણીઝીણી ક્રિયાને પણ નાનો સરખો યોગ બનાવી મૂકવો એ એમની ખાસિયત દાતણ કરવામાં યે રહેતી. 'આધ્યાત્મિક દાતણ'ની સમજણ આપતાં એમણે સાબરમતીની પ્રાર્થનામાં કહેલું કે 'જેમ જેમ આપણે મોઢાના મળ કાઢતા જઇએ તેમ તેમ મનના મેલ પણ કાઢતા જવું જોઇએ.' એ વસ્તુનો તેમનો પોતાનો અમલ તો વરસો જૂનો છે. મારૂં અનુમાન છે કે ફીનિક્સમાં જ્યારે બાપુ દાતણ કરવા—કરાવવામાં પૂરો કલાક વીતાડતા ત્યારે એ એમની બાહ્ય ક્રિયાઓ તો સહજપણે થતી. શ્વાસોચ્છ્વાસ લેતાં માણસનું ધ્યાન હમેશાં જેમ બીજી વાતમાં જ રહે છે, તેમ બાપુજીનું ધ્યાન એ વેળા પોતાના અંતરના ઊંડાણમાં જ રહેતું. પોતાના અંતિમ લક્ષ્યનું ધ્યાન, તેને પહોંચવાનો સાચો માર્ગ, ફીનિક્સના આખા પરિવારને સાથે લઇ એ માર્ગ ઉપર કૂચ કરવાનો વિધિ, અને ઊગેલા દિવસની મંજલ,—આ બધાં વિષે ઊંડું તથા સ્પષ્ટ ચિંતન કરવાનો તેમનો સમય આ જ હતો. અમારૂં દાતણ ચાલતું એ વેળા વીસ પચીસ જણાની વચ્ચે પોતે બેઠા હોય છતાં કંઇ બોલતા નહિ. મૂંગામૂંગા દાતણ કર્યે જતા. કોઈની કંઇ ખામી દૂર કરવા બોલે તે યે નછૂટકે. એ વખતે આશ્રમની સવારની સમૂહ-પ્રાર્થના શરૂ નહોતી થઇ. પણ બાપુજીએ પોતાને માટે સામૂહિક દાતણને પ્રાર્થના જેટલું જ પાવક બનાવી મૂક્યું હતું.

દાતણ ઉકલે ત્યાં છાપખાનાનો મોટો ઘંટ ઘણેણી ઊઠતો અને વિદ્યાર્થીઓ, બાળકો, મોટાંઓ ને બાપુજી પોતપોતાની કોદાળી, પાવડા કે દાતરડું લઇ ઠરાવેલી જગ્યાએ પહોંચી જતા. ઓજારોની ઓરડીમાં પોતપોતાનાં સાધનો લેવામાં છોકરાઓ વચ્ચે સારીપેઠે તાણાતાણી થતી. 'આ કોદાળી મારી નથી.' 'મારો પાવડો ફલાણાએ લઇ લીધો'; 'અસ્યા કાલે જ સજાવેલું ગારૂં દાતરડું ઉઠાવ્યું છે ને?' આવું તોફાન પંદર વીસ મિનિટ સુધી રોજ ચાલતું. એ શોરબકોર જો વધુ ચાલે તો બાપુજી આવી પહોંચતા ને બેપાંચ પ્રશ્નોમાં તો જેણે કજીઓ ઉપાડ્યો હોય તેને શોધી કાઢી તેની ભૂલ દેખાડી આપતા અને સૌ ભોંઠા પડી કામ પર પહોંચી જતા. આમ છતાં યે આવો કજીઓ ત્રીજેચોથે દિવસે આવીને ઊભો જ રહેતો, પણ બાપુજી કદી ધીરજ ન ખોતા.

એક ટોળી બાપુજીની, બીજી મગનભાઇ મ.સ્તરની અને ત્રીજી મિ. સૅમની, એમ ત્રણ ટોળીઓમાં ફીનિક્સને જુદેજુદે ખૂણે સવારના બે કલાક ખરેખરી મજૂરી ચાલતી. નબળા, નાના અને નગુણા છોકરાઓને બાપુજી પોતાની ટોળીમાં રાખતા, અને ફીનિક્સના રસ્તાઓ તથા અવાવરૂ જમીન પરથી ઘાસ ખોદી સાફ કરવાનું કામ એનું રહેતું. મોટી ટોળીઓને ફળઝાડના ક્યારા ખોદવાનું અને જમીન ખેડવાનું રહેતું.

શરૂશરૂમાં મને બધી વિગતો ન સમજાતી. એક તો મારે માટે સૌ નવા હતા. તેમની બોલી યે નવી; અને અધૂરામાં પૂરૂં હું હજુ ઘરનો કેદી હતો. ફાર્મ ફીનિક્સમાં આવી ગયું હતું, પણ મારે માટે વેગળાપણું જ હતું. વચ્ચે વચ્ચે દોડી જઈ આસપાસ ચક્કર મારી આવું અને બધે શું ચાલે છે એ જોઇ આવું એટલું જ હું કરી શકતો. મોટે રસોડે જમનારાઓ બધા ફીનિક્સના સાર્વજનિક બગીચાઓમાં કામ કરવા જતા, અને પોતપોતાને ઘેર જમનારાઓ ઘરના જ બગીચામાં સવારના છ થી આઠની વચ્ચે આ તનતોડ મહેનત કરતા. મગનકાકા અને પિતાશ્રી સાથે હું અમારા બગીચામાં કામ કરતો. તેઓ બંને કોદાળીના ઊંડા ઘાથી મોટાં મોટાં ઢેફાં ઉથલાવતાં જાય અને હું એ ઢેફાં ભાંગતો જાઉં. એ ઢેફાં ભાંગીને જમીન સપાટ તથા સરખી કરવામાં મને બહુ મજા પડતી અને મારા કુમળા હાથમાં થોડાં આંટણ પણ પડતાં. કામ કરીને બધા એકબીજાને પોતાનાં આંટણ બતાવે ત્યારે મારી પાસે પણ કંઇક બતાવવાનું રહેતું. જોકે મારાથી લાગલાગટ બે કલાક મજૂરી ન થઇ શકતી. પિતાશ્રી ને મગનકાકા આઠના ઘંટ સુધી એક શ્વાસે આકરી મહેનત કરતા. દરમ્યાન, મને જો બહાનું મળી જતું તો સીધો પહોંચતો બાપુજી હોય ત્યાં.

એક વાર મારા નાના ભાઈ કૃષ્ણદાસને ગળે ગાંઠ ઊપડી આવી. સાધારણ બટેટા જેટલી એ મોટી હતી. પીડા એટલી હતી કે તેનાથી બોલાતું પણ નહિ. દાક્તર તો ત્યાં હતો જ નહિ. બાપુજીએ જાતે એ ગાંઠ ચીરવાનું નક્કી કર્યું. એને પૂરી પકવી નાખવા રાત્રે પોટીસ બંધાવી અને સવારે ગરમ પાણી, અસ્ત્રો વગેરે તૈયાર કરી રાખવાનું કહી ગયા. બીજે દિવસે સવારે બધી તૈયારી થયે મારી બાએ મને બાપુજીને બોલાવવા મોકલ્યો. બાપુજીની ટોળી નાનકડા સરખા એક બીડને સાફ કરવાનું કામ કરતી હતી. મેં જોયું કે સૌથી મોખરે બાપુજી વાંકા નમી પાવડો તાલબદ્ધ ચલાવી રહ્યા હતા. ઘાસ કાઢવા સિવાય દુનિયામાં જાણે તેમને બીજું કંઈ લક્ષ્ય જ ન હતું. તેમની પીઠ પાછળ છોકરાઓની ધીંગામસ્તી અને ટોળટપ્પાં ચાલતાં હતાં. એકાદ જણ વચ્ચે વચ્ચે જરા એકબે પાવડા ઘાસ કાઢી લેતું હતું, પણ મોટે ભાગે તો વાતો અને ચર્ચાઓ જ ચાલુ હતી. મને થયું કે બાપુજી પાસે પણ જ્યારે આ લોકો રમતરોળાં કરે છે ત્યારે ટૉલ્સ્ટૉયવાડીમાં બીજા શિક્ષકોને દાદ જ ન આપવાનાં એમનાં પરાક્રમોની જે વાતો હતી તે બધી સાચી તો ખરી. કેટલી યે વાર સુધી હું બાપુજીની પાસે ઊભો રહ્યો. પણ ખોદવાના રસમાં તેમણે મને ન જોયો, અને છોકરાઓની એકબીજાની થતી ટીખળના રસ આડે હું યે બાપુજીને બોલાવી લઈ જવાનું ભૂલી ગયો ને મૂંગોમૂંગો ઊભો રહ્યો. કેટલીક વારે બાપુજીએ મને જોયો અને પૂછ્યું, 'કૃષ્ણ સારુ બોલાવવા આવ્યો છે ને? ચાલ. હું આવ્યો.' એમ કહી તેમણે હાથમાંથી પાવડો મૂક્યો, કપડાંની ધૂળ થોડી ખંખેરી નાખી અને મને આગળ કરી ચાલવા માંડ્યું. ચાલતાં ચાલતાં છોકરાઓને ચેતવણી આપતા ગયા: 'જુઓ, હવે તમારી વાતો પૂરી થવી જોઈએ. મારી હાજરીમાં તમે ખૂબ રમ્યા અને વાતો કર્યે રાખી, પણ હવે મારી પીઠ પાછળ જરા યે સુસ્તી ન થવી જોઈએ. હું આવું ત્યાં સુધી કામમાં પૂરું ધ્યાન આપજો. મોટાના દેખતાં આળસ કરો એ ચાલે, પણ મોટાઓ ચાલ્યા જાય ત્યારે આળસ કરી એમને મુદ્દલ ન છેતરવા જોઈએ.'

અમે કૃષ્ણદાસ પાસે પહોંચ્યા ત્યાં બાએ તેના ગળા પરનો પાટો ખોલી નાખ્યો હતો. રાત્રે જે ગાંઠ ચીરવાની વાત હતી એ સવારે પોતાની મેળે સાવ બેસી ગઈ હતી. સૌને એનું કૌતક થયું. બાપુજીએ કૃષ્ણદાસની ટીખળ કરી, 'વાહ રે બહાદુર! અસ્ત્રાથી ડરી ગયો એટલે ગાંઠ બેસાડી દીધી ને? એ તે કંઈ બહાદુરી કહેવાય?' પાંચેક મિનિટ જોઈ તપાસી, ઉપચારો સૂચવી બાપુજી ઝપાટાભેર પાછા ખેતર પર કામની જગ્યાએ પહોંચ્યા. હું યે પાછળપાછળ ગયો. જતાં આવતાં અર્ધો કલાક પૂરો નહોતો વીત્યો. પણ એટલા વખતમાં તો છોકરાઓએ એટલું બધું કામ કર્યું હતું કે ત્યાં સુધીની રમતનું બધું સાટું વળી ગયું. બીડના એ મોટા ચોરસનો ઘણોખરો ભાગ સાફ થઈ ગયો હતો ને છોકરાઓ પરસેવે રેબઝેબ નીતરતા હતા.

'શાબાશ!' બાપુજી બોલ્યા અને કહ્યું 'હમેશાં આવા સાચા રહેવું. કોઈની પીઠ પાછળ તો આળસ કરવું જ નહિ. હવે થોડોક થાક ખાઓ. બાકીનું હું કરું છું એમ કહી બાપુ ફરી ખોદવામાં મશગૂલ બની ગયા. છોકરાઓએ પણ થાક ન લીધો અને બાકીનો ટુકડો પૂરો કરવામાં બાપુજીને મદદ કરી. આઠનો ઘંટ થયો ત્યાં સુધીમાં એ આખો કટકો અરીસા જેવો સાફ થઈ ગયો. મારી ખાતરી છે કે બાપુજીએ કડકાઈથી ને કોરા ઉપદેશથી કામ લીધું હોત તો એ સાફ ન થાત.

ઘંટ વાગ્યે સૌ રસોડે નાસ્તા માટે ગયા. હું યે ઘેર ગયો. બે કલાકની આટલી મહેનત પછી ભૂખનો કંઈ શુમાર હોય ખરો! શીરામણ પણ સરસ મળતું. ઘેર બનાવેલી ડબલરોટી, દૂધ, શાક, મુરબ્બો ને તાજાં ફળ. જેટલું કામ સરસ હતું તેથી યે સરસ નાસ્તો હતો. પોણોએક કલાકનો એ નાસ્તો ઉજાણીથી યે મધુર લાગતો. વાતો ચાલે, હાસ્યવિનોદ થાય અને બાપુજી પણ પીરસતાંપીરસતાં વચ્ચે મજાક કે કટાક્ષ કરી લે. હું અમારે ત્યાંથી ઝટઝટ નાસ્તો પતાવી મોટે રસોડે પહોંચી જતો ને ત્યાંની ગમતમાં ભળતો.

નવ વાગ્યે તો ફરીથી ઘંટ ગાજી ઊઠતો. આ ઘંટે અમે છોકરાઓ નિશાળે પહોંચતા અને મોટાઓ ફરી પાવડા લઈ બગીચાઓમાં કામે ચડતા.

(ચાલુ) **પ્રભુદાસ છગનલાલ ગાંધી**

ડુમસના દરિયાકાંઠે



એક સાઇકલપ્રવાસ

ડુમસ ને હજીરાનાં નામ અમારે બાળપણમાં જ ભૂગોળમાં શીખવાં પડેલાં. ગુજરાતમાં એ હવા ખાવાનાં સ્થળ તરીકે ઓળખાય છે. ત્યાંના સાગરકાંઠાની હવા આરોગ્યમય ગણાય છે. બાળપણમાં વાંચેલી ભૂગોળને મોટા થયા પછી નજરે જોવાના કોડ કોને ન થાય? એટલે એક વખત અમે, સુરત સુધી આગગાડીમાં ને ત્યાંથી સાઇકલ ઉપર, ડુમસ જોવા ઉપડયા.

સુરતથી નીકળ્યા બાદ રસ્તાની જમણી તરફ ધીરગંભીર ગતિથી સમુદ્ર તરફ વહેતો તાપીનો શાન્ત પ્રવાહ નજરે પડતો હતો. એ પ્રવાહમાં થોડેથોડે અંતરે સફેદ સઢવાળાં વહાણો સરતાં દેખાતાં. માતાના હૈયા ઉપર ગેલ કરતાં નાનાં બાળકો જેવાં એ લાગતાં હતાં. કિનારાની આસપાસના પ્રદેશમાં તાડી ને ખજુરીનાં વૃક્ષો ઊંચાં વધીને પોતાની મોટાઇ બતાવી રહ્યાં હોય એમ લાગતું. એમના અસ્તિત્વથી તાપીતટની શોભા દ્વિગુણિત બનતી હતી. પોતે ખૂબ ઊંચાં છે એવા અભિમાનથી તેઓ વિશાળ ખેતરોમાં વિસ્તરેલા કપાસના છોડ ઉપર છાયા ઢાળવાનો નિરર્થક પ્રયાસ કરી કપાસના છોડની મશ્કરી કરતાં હોય એમ જણાતું. પોતાની ઉચ્ચતાના જાગૃત ઘમંડવાળાઓ બીજાઓ પર શી રીતે છાયા ઢાળી શકે?

સુરતની ચોતરફનો પ્રદેશ એટલે ગુજરાતની સર્વોત્તમ ભૂમિ. દૂર ક્ષિતિજ સુધી પ્રસરેલાં કાળી માટીવાળાં ખેતરોમાં પાકેલો કપાસ ને તેમાંથી ફૂટતું શ્વેત રૂ નજરે પડતું હતું. માઇલો સુધી એકાન્ત નિસર્ગમાં સૂતેલા રસ્તાની રમણીયતા પણ અનોખી જ લાગતી. અમારા કરતાં ખૂબ ધીમી ગતિથી સરી જતાં વહાણો, પેલાં ઊંચાં અભિમાની પણ આસમાનના ચંદરવા નીચે સુંદર લાગતાં તાડવૃક્ષો ને તાઝગી ભરેલા પ્રભાતવાયુમાં ડોલતા છોડવાઓના નિરીક્ષણમાં તેર માઇલ જેટલો ડુમસનો રસ્તો પણ ટૂંકો લાગ્યો.

ડુમસના પ્રથમ દર્શને જ એના સૌંદર્ય માટે સેવેલાં સ્વપ્નો કોણ જાણે કયાં યે સરી ગયાં! અમે માનેલું કે વિસ્તીર્ણ ઉછળતા અરબી સમુદ્રનાં અગણિત મોજાંએ માં ત્યાં તાપીનો ઘૂઘવતો પ્રવાહ લીન થતો હશે, ને નાળીએરીનાં ઊંચાં વૃક્ષોની લીલી છાયાવાળા એ સાગર–સરિતાના ભવ્ય સંગમ તટે કોઇ મનોહર ડુમસ વસેલું હશે. પણ શરૂમાં જ બેઠા ઘાટનાં વિષાદભર્યાં છાપરાંઓનું દૃશ્ય જોઇ અમે અવાક જ બની ગયા. અહીં તાપીને સાગર–મીલનમાં આનંદ નહોતો. અતિ થાકેલી, સંસારથી કંટાળેલી કોઇ નિરુત્સાહી સ્ત્રીની જેમ મંદ ગતિએ, કાળા કાંપને કાંઠા પર ઠાલવતી એ સમુદ્રજળમાં અલોપ થઇ જતી હતી. એનો વિષાદ ગંભીર જણાતો હતો. શી ખબર એને ગઇ કાલના એના સોનેરી ઇતિહાસનાં સ્મરણો ક્ષણે ક્ષણે સતાવતાં હોય તો? એ સમયે અરબી સમુદ્ર એને હરખભેર ભેટવા દોડતો હશે ને એના મીલનમાંથી ઉદ્ભવતા હર્ષતરંગો કેટલા યે માઇલો સુધી વિસ્તરતા હશે. સુરતને સૈકાઓ સુધી સુરતા આપનાર સરિતાનું આવું કૃશ શરીર જોઇ અમે ઉદાસીન બની ગયા.

કાંપ ભરેલા તેના સામે કિનારે જ બ્રિટિશ હદમાં આવેલું હજીરા દેખાતું હતું. દિવસના તાપમાં શૂન્ય દીસતી દીવાદાંડી પણ ત્યાંના વિષાદમાં વધારો કરતી હોય એમ લાગતું. હજીરાનાં હવાપાણી આરોગ્ય માટે ભૂગોળપ્રસિદ્ધ છે.

અમને વિસ્મયજનક દશામાં મૂઢ બની ઊભેલા જોઇ એક પારસી ગૃહસ્થે 'સમુદ્રબન' નામના રસ્તે જઇ, ડુમસની ચોપાટી જોવા જણાવ્યું. સમુદ્રબન એટલે સમુદ્રકાંઠે ખીલેલી કોઇ નાળીએરીની રમ્ય વૃક્ષકતારોને બદલે બાવળિયાનું જંગલ! બાવળનાં અનેક ઝાડની સંગઠનભરી છાયાથી રસ્તો શીતળ લાગતો હતો. વચ્ચે શ્રીમંતોના છુટાછવાયા ઢળેલા ઘાટના બંગલા હતા.

સમુદ્રબનને રસ્તે આગળ વધ્યા ત્યાં જમણી બાજુ 'ઝનાના ચોપાટી'નું સચીન સ્ટેટનું પાટિયું આવ્યું. એના લખાણમાં ચોતરફના દરિયાકિનારે ખાસ સ્ત્રીઓને જ જવાની પરવાનગી હતી. ત્યાંથી આગળ વધી અમે સાર્વજનિક ચોપાટી પર પહોંચ્યા.

અહીં જ જરા મુક્ત સાગરનું દર્શન થયું. પણ એ સાગરનું દર્શન તો સરિતા કરતાં યે વધારે વિષાદ-

ગઇ કાલની જ વાત. ૧૯૧૪ના મહાયુદ્ધ સમયે અહીંના ટંડેલો, લશ્કરો ને સરંગોને અરબસ્તાનના કિનારા પર હિંદી સરકારે લડવા મોકલ્યા હતા. એ શૂરવીરોના પ્રાણસમર્પણનું એક સ્મારક પણ આપણી સરકારે અહીં ડુમસના રસ્તા પર ઊભું કરેલું છે. મહાયુદ્ધમાં જીતાએલી એક જર્મન સ્ટીમરનું એક મોટું લોખંડનું લંગર, સરકારે સચીન સ્ટેટને ભેટ આપી એ નામી વીરોના સ્મારક તરીકે અહીં ગોઠવેલું છે.

હજી ગઇ કાલ સુધી આ સાગરકિનારો વસાહતી વહાણવટીઓ ને તેમનાં ભર્યાં વહાણોની જાઆવથી ભર્યોભર્યો લાગતો. ગુજરાતના સાગરકાંઠાનાં બંદરો માટે પશ્ચિમ, ઉત્તર ને મધ્ય હિંદમગરૂર હતાં. આજે એમાંનું કશું જ અહીં નથી.

આજે એનામાં ગઇ કાલનો નિર્મળ–મુક્ત ઉલ્લાસ નથી. આજે એની પાસે તરંગો યે નથી ને તોફાન પણ નથી. બહારની દુનિયાને કહેવા જેવી અદ્દ્ભુત, અવર્ણનીય, અકલ્પનીય વાતોનો ખજાનો પણ નથી. એને બદલે આજે કરુણ મૂંગું રુદન એને હૈયે ઊભરાય છે. કેમ જાણે કંઇ કહેવાતું ન હોય ને સહેવાતું પણ ન હોય એવા ગભીર શોકમાં એ ડૂબેલો છે.

આજે એના કાંઠે પૂર્વકાલીન ખ્યાતિધર વાણિજ્ય-કુશળ ગુજરાતી વહાણવટીઓને બદલે નિર્બળ માછીમાર ખારવાઓ જ રહે છે. દરિયાના છીછરા પાણીમાં માછલાં પકડવા ઊભી કરેલી અનેક જાળો દેખાતી હતી. બેચાર નાનાં હોડકાં આમતેમ સરતાં હતાં. કિનારાના કાંપમાં અમારી નજરે એક આશ્ચર્યજનક દૃશ્ય દેખાયું. કાંપના ઘૂંટણભર ઊંડાણવાળા કીચડમાં કેટલાક દુબળા ખારવાઓનો સમુદાય હાથમાં લાલ કાપડના કકડાઓ પકડી એકધારીરીતે હલાવતો હતો. બધાના હાથ એકસાથે જ હાલતા. અમે સાગરની અર્વાચીન અધોગતિ ઉપર વિચાર કરતા, સાથે આણેલું ભાતું ખાતા હતા ત્યાં પેલા લાલ કપડાવાળાઓ અમારી નજરે ચડયા. એ ક્રિયાથી અમને કુતૂહલ થયું. અરધું ખાવાનું ત્યાં જ છોડી અમે તે ક્રિયા જોવા ઊઠયા. ત્યાં ગયા ત્યારે પેલા ખારવાઓ કિનારા ઉપર એક મોટી જાળમાં કેટલાંયે નાનાં માછલાં જેવાં લાગતાં જીવોને ફસાવીને કાંપમાંથી બહાર ખેંચી લાવતા હતા. જાળમાં ફસાએલાં એ માછલાં તરફ જોઇ બધા આનંદથી નાચતા હતા.

'આ તમે શું પકડી લાવ્યા છો? અમે પૂછયું.

'એ તો "લેવટા" છે.'

એક ચોક્કસ પ્રકારની નાની માછલીઓને તેઓ 'લેવટા' ને 'લેવટી' કહેતા. આ લેવટા તેઓ રૂપિયે કે દોઢ રૂપિયે મણના ભાવે સુરતમાં વેચે છે. ત્યાંના કિનારે વસતા ખારવાઓનું આ જીવનનિર્વાહનું સાધન. ત્રીજી ગુજરાતી ભણેલા આ ખારવાઓ આખા દિવસમાં તેમના ધંધામાંથી ફક્ત બે કે અઢી આના જેટલું જ પેદાશ કરે છે. પેલાં લાલ લૂગડાં ફરકાવવાનું પ્રયોજન કાંપમાં રહેલાં માછલાં એથી એકઠાં થઇ જાળ તરફ ખેંચાઇ આવતાં તે.

અમે અમારા સ્થાન તરફ પાછા ફર્યા ત્યારે બે ભૂખ્યા કૂતરા અમારું ખાવાનું આરોગતા હતા. અમે એકબી જાના મોં સામે જોઇ રહ્યા. પહેલાં ગુસ્સે થયા પછી ખાવાનું ગુમાવ્યા બદલ શોક પામ્યા ને પછી હસી પડયા. અને સમુદ્રના ગંભીર વિષાદનો વિચાર માંડી વાળી અમે અમારા વિષાદનો વિચાર કરતા રસ્તે પડયા.

'ઔરોં કી ઇજ્જત દેખ ન ભૈયા,
અપની સુરત દેખ પીયા રે.'

કોઇ હિંદી કવિની લીટી હોઠે ચડી ગઇ.

નંદલાલ જોષ

ભણીગણીને



અને નજીકની

જગતના દેશોના રાજકારણના ચાલુ અગત્યના પ્રશ્નોની અત્યંત સરળ ભાષામાં ટૂંકી પિછાન આપતી લેખમાળા

[૩] હડધૂત પ્રજા

એક એવી દંતકથા છે કે ઇસુ ખ્રિસ્ત જ્યારે ક્રૂસનો બોજો ઉપાડી વધસ્તંભ તરફ જઇ રહ્યા હતા ત્યારે પાછળથી એક યહૂદીએ ઉદ્દંડતાથી એમને કહેલું, 'હવે જલદી ચાલ.' ખ્રિસ્તે જવાબ આપ્યો, 'હું તો મારી આખરી મજલે ઊપડું છું, પણ તું મારા પુનરવતાર સુધી હડધૂત થયા કરજે.' આ દંતકથાના ખરાખોટાપણા વિષે આપણે વાકેફ નથી. પણ સમગ્ર યાહૂદી પ્રજા સદીઓથી આજે દુનિયાભરમાં હડધૂત થઇ રહી છે એ તો ઐતિહાસિક સત્ય છે. અને આજે એ કોઇ એક જાતનો કે રાષ્ટ્રનો નહિ પણ જગતનો પ્રશ્ન બની રહ્યો છે.

સદીઓથી આછા ઘેરા પ્રવાહોમાં વહેતા આવતા એ તિરસ્કારે પાછું જોર પકડ્યું ઓગણીસમી સદીમાં. ઇ. ૧૮૬૯ માં જર્મનીમાં પહેલવહેલું 'જર્મની પર જુડાઈઝમનો વિજય' એ નામનું ચોપાનિયું બહાર પડ્યું ને એ સાથે જ એ પ્રજા વિરુદ્ધના જૂના પૂર્વગ્રહો સદ્ય ભભૂકી ઉઠ્યા. બિસ્માર્કે પણ પ્રવાહોને દમવા એ 'એન્ટી-સેમિટિઝમ' ચળવળનો ઠીક લાભ ઉઠાવ્યો. થોડા મહિનામાં તો એ ચોપાનિયા-ની નવ આવૃત્તિઓ ખપી ગઇ અને જર્મનીનાં મુદ્રણયંત્રો યહૂદીઓનાં પાપથી ગાજી ઊઠ્યાં. એ જ વર્ષમાં બર્લિન અને ડ્રેસ્ડનમાં 'એન્ટી-સેમિટિક લીગ' સ્થપાઇ, શાળાઓ અને જાહેર નોકરીઓમાં યહૂદીઓનો બહિષ્કાર શરૂ થયો ને જ્યાંત્યાં એમના પર ફિટકાર વરસવા લાગ્યો. જર્મની-ના ઘણા વિદ્વાનોએ-પાટવી કુંવર સુદ્ધાંએ સાથે મળી એ હીલચાલ વિરૂદ્ધ મેનિફેસ્ટો બહાર પાડ્યો. પણ જનતા પર અસર કરવા એ અશક્ત જ નીવડ્યો.

એ વખતમાં જર્મનીના રાજકારણનો રશિયા ઉપર ખૂબ ઘેરો પ્રભાવ હતો, એટલે ત્યાં પણ એ ચળવળ ફેલાઇ. ઠેરઠેર હુલ્લડો થવા લાગ્યાં ને યહૂદીઓના જાનમાલ જોખમમાં આવી પડ્યા. ત્યાંથી એ પસરી ફ્રાન્સમાં અને ત્યાં ડ્રેફસના ખૂનથી તો એ સૂગ તેની પરિસિમાએ પહોંચી. એમિલ ઝોલાએ એ આખું પ્રકરણ બહાર આણ્યું ત્યારથી એ ઘૃણિત સૂગ કાંઇક નરમ પડેલી. પરંતુ છેલ્લા મહાયુદ્ધ બાદ જર્મની-માં તે પાછી ભભૂકી ઊઠી.

જર્મનીમાં માત્ર યહૂદીઓની વિરૂદ્ધ જ 'Der Stuermer' નામનું એક પત્ર કાઢવામાં આવે છે ને તેમાં એ સૂગ બલવત્તર કરવાના જ પ્રયાસો કરવામાં આવે છે. અને એ સૂગે આજના જગત પર કેટલી અસર કરી છે તેનો તાદૃશ ચિતાર તો જુઓ: જર્મની, ઓસ્ટ્રિયા, હંગેરી, ઇટલિ, લેટ્વિયા, લિથુ-આનિયા, પોલૅંડ, પોર્ટુગાલ, રૂમાનિયા, યુગોસ્લાવિયા, બ્રાઝીલ અને એકવાડોરમાં તો યહૂદીઓ માટે સ્થાન જ રહ્યું નથી. ચેકોસ્લોવાકિયાના આંતર કાર્પેથિયન પ્રાંતોમાં એ ચેપ ફેલાતો જાય છે. અને ઇંગ્લંડમાં મોસ્લેના ફાશીસ્ટ અનુયાયીઓ યે એ ચેપ આણી રહ્યાં છે; જ્યારે ફ્રાન્સે તો Fascist Croix de Feuથી વહેલું જ મંગળાચરણ કરી દીધું છે.

લૅસ્કૅ જેવો પ્રખર નૃવંશજ્ઞ તો કહે છે કે સદીઓથી જુદી જુદી પ્રજામાં સેળભેળ થતી આવેલી બિચારી યહૂદી પ્રજાની આજે તો શુદ્ધ જાતિ જ નથી રહી. જે જે દેશોમાં એ વેરવિખેર વસેલી છે તે તે દેશોનું સઘળું ગુણવૈશિષ્ટ્ય તેમનામાં આવી ગયું છે. પણ એ તરફ કોણ ધ્યાન દે? હિટલરનું 'માઇન કામ્ફ' અરબીમાં યે અનુવાદિત થઇ ચૂક્યું હોઇ, હવે તો એ સૂગ ઠેઠ પૂર્વ સુધી પ્રસરી છે.

મિસરના ફારોહોના વખતથી ગેરમરજીઓ જેનું બુંદ નાબૂદ કરવા મથી રહેલા છે એ યહૂદી પ્રજા કંઇ જેવીતેવી પ્રજા નથી. આજે યે તેમાં લીઓં બ્લૂમ જેવો રાજકારણ-પટુ છે, આઇન્સ્ટાઇન જેવો વિજ્ઞાની છે, એમિલ લુડવિગ જેવો કલમકશ છે, એપ્સ્ટાઇન જેવો શિલ્પી છે, બ્રાન્ડે ને કાર્ડોઝો જેવા કાયદાબાજો છે, હેન્રી મૉર્ગેંથો જેવો અર્થ-કારણપટુ ને પૉલ મુનિ જેવો અભિનયપટુ છે.

ગયા મહાયુદ્ધની કત્લેઆમ યહૂદીઓનાં નાણાંથી જ ચાલેલી. અને ઇંગ્લંડને તો એમનું ખાસ પીઠબળ હતું, એટલે તે આજે એ હડધૂત પ્રજાની વહારે આવ્યું છે. પણ કઇ રીતે? પાલેસ્ટાઇનની પવિત્ર ભૂમિ તેમને સોંપી દઇ આરબી રાષ્ટ્રીયતાનો કાયમી ધ્વંસ કરવા. એ વિરૂદ્ધ આરબો-એ ઉપાડેલી ચળવળનો હજુ અંત નથી આવ્યો, ત્યાં જુદા જુદા દેશોમાં એન્ટી-સેમિટિક દેશોમાંથી જઈ વસેલા આ-શ્રિત (Refugee) યહૂદીઓનો પ્રશ્ન પણ ગંભીર બનતો જાય છે. એના નિરાકરણ માટે રૂમાનિયાના પ્રધાન એલેક-ઝાંડર કૂઝાએ પૂર્વ આફ્રિકાના કિનારાથી ૨૪૦ માઇલ દૂર આવેલા માડાગાસ્કર ટાપુને જ યહૂદીઓની વસાહત બનાવ-વાની યોજના ઘડી કાઢી છે. યુરોપ એ સ્વીકારીને એ હડ-ધૂત પ્રજાને કશી યે રાહત આપે છે કે નહિ તે જોવાનું.

આ મહિનો (જૂન) . . . અને એની પ્રતિભા

તા. ૮ મૉરિશ્યસ અથવા 'આઇલ ઑવ ફ્રાન્સ'ના ગવર્નર સાથે મહીસુરના સિંહ ટીપુ સુલતાને અંગ્રેજોને હિંદમાંથી નિર્મૂળ કરવાની કરેલી સંધિનો ખરીતો પકડાયો, અને નેપોલિયન પણ એ વખતે મિસરમાં હતો, એટલે ત્યાંથી એ સીધો હિંદ પર આવે એ બીકે હિંદના ગવર્નર જનરલ લૉર્ડ વેલેસ્લીએ તમામ દેશી રાજ્યોમાંથી ફ્રેંચ અધિકારીઓ ને ફ્રેંચ સૈનિકોને બરતરફ કરવાનો હુકમ કાઢ્યો.
• • હજરત મહમ્મદ પયગમ્બરનું મદિના મુકામે અવસાન (ઇ. ૬૩૨).

તા. ૧૨ જાપાનની પહેલી રેલવે ખુલ્લી મૂકાઈ (ઇ. ૧૮૭૨).

તા. ૧૩ ચીનની પહેલી રેલવે ખુલ્લી મૂકાઈ (ઇ. ૧૮૭૬).

તા. ૧૭ લોકમાન્ય ટિળકના જોડીદાર શ્રી ગોપાળરાવ ગણેશ આગરકરનું અવસાન (ઇ. ૧૮૯૫).

તા. ૧૮ નેપોલિયનનો સિતારો અસ્તંગત કરનાર વૉટર્લૂનું મહાન યુદ્ધ (ઇ. ૧૮૧૫).

તા. ૨૦ સિરાજુદ્દૌલાને બદનામ કરવા કલકત્તા પર આક્રમણ કરવાનું બહાનું રજૂ કરવા અંગ્રેજોએ ઊભા કરેલા તૂત 'કાળી કોટડી'નો દિવસ (ઇ. ૧૭૫૬).
• • જાપાનની પહેલી પાર્લામેન્ટ ખુલ્લી મૂકાઇ (ઈ. ૧૮૭૫).

તા. ૨૨ ઇટલીની આઝાદીના તત્ત્વનિષ્ઠ યોદ્ધા જોસેફ મેઝિનીનો જેનોઆ મુકામે જન્મ (ઇ. ૧૮૦૫).

તા. ૨૩ ઇ. ૧૭૫૭ની આ કાળમુખી તારીખની સાંજે પાંચ વાગ્યે બંગાળનો દગાબાજ સેનાપતિ મીરજાફર અંગ્રેજ કાવતરાબાજ સેનાપતિ રૉબર્ટ ક્લાઇવને નીમકહરામ થઈ જઈ મળ્યો, પ્લાસીના યુદ્ધમાં સિરાજુદ્દૌલાની હાર થઈને હિંદને કપાળે અંગ્રેજો કાયમના ચોંટ્યા.

તા. ૨૯ ડાર્વિનના વિકાસવાદની સાબિતીઓ રજૂ કરી એ વાદ પ્રસ્થાપિત કરનાર મહાન વિજ્ઞાની ટૉમસ હક્સ્લેનું ઇસ્ટબોર્ન મુકામે અવસાન (ઇ. ૧૮૯૫).



આ માસની વિભૂતિ
ગોપાળ ગણેશ આગરકર

ઇ. ૧૮૫૬માં સાતારા જિલ્લાના ટેંભૂ નામના નાના ગામડામાં તેમનો જન્મ થયો. કુટુંબની આર્થિક સ્થિતિ તેમને વિદ્યાદાન આપી શકે તેમ ન હોવાથી તેમણે કરાડ મુકામે મામાને ત્યાં રહી ત્રણ અંગ્રેજી સુધીનો અભ્યાસ કર્યો.

પણ ત્યારપછી આગળ અભ્યાસ માટે મામાની યે ગુંજાશ ન હોતાં રત્નાગિરિ ને છેવટ આકોલા આવી રહ્યા ને જાતમહેનતે ભણવાનું શરૂ કર્યું. એ વખતે એમની સ્થિતિ એ હતી કે એક જ ધોતિયું રાતે ધોઈ દિવસે તે પહેરતા.
ઈ. ૧૮૭૫—મૅટ્રિક્યુલેશન પસાર કરી ને પછી ડેક્કન કૉલેજ તરફથી સ્કૉલરશિપ તથા શ્રી કેરૂનાનાની મદદ મળતાં ઈ. ૧૮૭૮માં બી.એ. થયા. એ વખતે માતાએ મોટા પગારની આશા રાખી લખેલા પત્રના પ્રત્યુત્તરમાં તેમણે લખ્યું છે, 'તારો દીકરો તારૂં દળદર ફિટાડશે એવા તું મનોરથ કરે છે, પણ આઇ, હું તને હમણાંથી જ જણાવી દઉં છું કે વિશેષ સંપત્તિની કે વિશેષ સુખની એષણા ન રાખતાં પેટપૂરતા પૈસાથી સંતોષ માની હું મારી સઘળી શક્તિ પરહિતાર્થે ખર્ચવા માગું છું.'

જનસેવાના તેમના નિર્ણયમાં સાથ આપનાર શ્રી ધાકટે ચિપળૂણકર અને બાળ ગંગાધર ટિળક જેવા મિત્રો મળી ગયા ને ત્રણેએ સાથે મળી 'ન્યૂ ઇંગ્લિશ સ્કૂલ' નામની સંસ્થા ઊભી કરી. આગરકર તેમાં માસિક ફક્ત ત્રીસ રૂપિયા વેતન લેવા લાગ્યા.
ઈ. ૧૮૮૦—એમ. એ. ની પરીક્ષા પસાર કરી, અને એ જ વર્ષમાં 'કેસરી'નું તંત્રીપદ તેમને માથે આવ્યું. તેમાં કોલ્હાપુર રાજપ્રકરણ પરના લેખાર્થે તેમને તેમના સઘળા સાથીઓ સાથે ૧૦૧ દિવસની કારાવાસની સજા થઇ.
ઇ. ૧૮૮૮—જેલમાંથી છૂટ્યા બાદ કેટલાક મતભેદોને કારણે 'કેસરી'થી છૂટા થઇ એમણે પોતાનું 'સુધારક' પત્ર શરૂ કર્યું. એ પત્ર એમણે આમરણાંત ચલાવ્યું. 'કેસરી' જેટલું જ લોકસંમાન પ્રાપ્ત કરનાર એ પત્રની છાપ હજુ સુધી યે મહારાષ્ટ્રના હૃદયેથી નથી ભૂંસાઇ. ધાર્મિક અને સમાજસુધારાના કાર્યમાં તેનું સ્થાન અજોડ જ રહ્યું છે.
ઇ. ૧૮૯૫—દમનો વ્યાધિ લાગુ પડ્યો હોવા છતાં દિવસરાતના પત્ર પાછળના ઢસરડાએ આખરે તેમને થકવ્યા ને જૂનની ૧૭મીએ ઊંઘમાં જ તે અવસાન પામ્યા. એમના અવસાન ઉપર ત્યારના એક પત્રે આ નોંધ લખેલી: 'ગોપાળરાવજી સરખો સાદો, નિર્મળ, નિષ્કપટ ને નિષ્કલંક આચરણવાળો, અભંગ ધૈર્ય અને જાગૃત કર્તવ્યદક્ષતાભર્યો, જાજ્વલ્ય દેશાભિમાન ને મિતવ્યયી વ્યવહારવાળો બીજો પુરુષ મળવો મુશ્કેલ છે.'

ભાઈ અને ભોજાઈ

વશરામ પટેલને બે દીકરા. મોટાનું નામ રામજી અને નાનાનું નામ ભગવાન.

પટેલ ખેતીવાડીએ સુખી ગણાતા. પાંચ પૈસો પાસે હતો. બન્ને છોકરા જુવાન હતા. પટેલનું ઘડપણ સુખમાં હતું.

થોડાં વરસ પછી વશરામ પટેલ મરણ પામ્યા. પાછળ બે ભાઇ રહ્યા. બન્ને ભાઇઓને પટેલે પરણાવ્યા હતા. થોડો વખત તો બન્ને ભાઇઓ સાથે રહ્યા. પણ મોટાભાઇની વહુ તકરારી હતી. તેણે બન્ને ભાઇઓ લડાવીને જુદા પાડ્યા. બન્નેએ જમીન વાડી અને પૈસા વહેંચી લીધા અને જુદા રહેવા લાગ્યા.

બન્ને ભાઇઓમાં મોટો ભાઇ જરા વિચારવાળો હતો. તે પોતાની જમીન સરખી રીતે વાવે, અને તેમાંથી અનાજ થાય તેટલામાંથી પોતાના કુટુંબનું ગુજરાન ચલાવે. બાપની મળેલી મિલ્કતમાંથી એક પાઇ પણ વાપરે નહિ.

નાનો ભાઈ શોખીન અને ઘણો ખર્ચાળ હતો. તેણે ત્રણચાર વરસમાં બધું ખોયું. જમીન વેચી મારી, પૈસો બધો વાપરી નાખ્યો; અને અંતે ગરીબ થઈ ગયો.

છેવટે તેને ખાવાનાં પણ સાંસાં પડવા લાગ્યાં, ત્યારે એક વખતે તેની સ્ત્રીએ કહ્યું, 'તમે જાણો છો કે મોટાભાઈનો સ્વભાવ ભલો છે. તેની પાસે જાવ. જો કંઈ આપે તો.'

પણ ભગવાન કહે, 'ના રે, ના. તેની પાસેથી હવે કેમ મગાય? વળી તું ભાભીનો સ્વભાવ તો જાણે છે. તેને ઘેર જાઉં તો તે રોટલો સરખો ય ન ખવડાવે.'


તોપણ છેવટે સ્ત્રીની સમજાવટથી ભગવાને નક્કી કર્યું અને મોટા ભાઇને ઘેર જવા નીકળ્યો. રસ્તામાં મોટા ભાઈનું ખેતર આવતું હતું. ત્યાં તે હળ હાંકતો હતો, તે તેને મળ્યો. બન્નેએ રામરામ કર્યા. પછી મોટાભાઇએ કહ્યું, 'તુ ઘેર જઇને રોટલો ખા, આરામ લે, ત્યાં સાંજ પડયે હું આવું છું.'

નાના ભાઇએ કહ્યું, 'તમે અને હું સાથે જ સાંજે જઇશું.' પણ રામજીએ કહ્યું. 'ના, તુ સવારનો ભૂખ્યો હોઇશ માટે ઝટ જઇને ખાઇ લે. હું વહેલો આવું છું.'

નાનો ભાઇ તો નિરૂપાયે ઘેર ગયો. ભાભીને મળ્યો. ભાભી જીભની તો મીઠી હતી. તે કહે, 'આવો દિયરજી, ભલે આવ્યા.' તેણે ભગવાનનાં ઓવારણાં લઇને બેસાડયો. પછી થોડી અહીંતહીંની વાતો કરીને કહ્યું, 'તમે મારે ઘેર કયાંથી? પણ તમને શું વાત કરું? આ જુઓને, સવારે એક કાગડો આવ્યો તે મારી રોટલો ચોડવવાની તાવડી ઉપાડી ગયો. હવે રોટલો કેમ કરી શકાશે? બાકી તો તમારાથી મારે શું સારું છે?' એમ કહીને ભાભી ઘરમાં જઇને લાંબી થઇને સૂતી અને ભગવાન ઓશરીની કોરે બેસી રહ્યો.

થોડી વારે રામજી ખેતરેથી આવ્યો. તેણે ભગવાનને પૂછ્યું, 'રોટલો ખાધો?'

આ હાથીને ફાડી લઇ, રદ્દી પોસ્ટકાર્ડ પર ચોડી દઇને તેની ચારે બાજુથી ઝીણી કાતર વડે સફાઇથી કાપી કાઢો. પછી, ટપકાંવાળી લીટી આગળથી પગ નીચે વાળી દો, સૂંઢ ઊંચી ચડાવો અને કાન નીચા વાળી દો, એટલે જમીન પર ઊભો રહે તેવો હાથી બની જશે. અંક ન ફાડવો હોય તો ચિત્ર પર ઝીણો કાગળ મૂકી નકલ ઉતારી લઇ શકો.



ચિત્ર-રમકડું [૫]

ભગવાને નીચે મોંએ કહ્યું. 'હા.'

પણ રામજી તેના ભાઇના મોં ઉપરથી સમજી ગયો કે તેની વહુએ કાંઇ ખવડાવ્યું લાગતું નથી.

પછી થોડી વાર વિચાર કરીને રામજીએ ભગવાનને કહ્યું, 'તો તું ખેતરે જા. હું હમણાં આવું છું.' એટલે ભગવાન ખેતરે ગયો. પાછળથી રામજીએ પોતાની વહુ સાથે થોડી વાતચીત કરી અને પાછો તરત જ તે તેના ભાઇ ભગવાન પાસે ખેતરે પહોંચી ગયો.

બન્ને ભાઇઓએ નીરાંતે બેસીને સુખદુઃખની વાતો કરી. નાના ભાઇએ પોતાની ખરાબ હાલતની વાત કહી. કાગડો તાવડી લઇ ગયાની વાત પણ મોટા ભાઇએ તેની પાસેથી જાણી લીધી.

થોડીવાર વિચાર કરી ભગવાનને યોગ્ય શિખામણ આપી, તેને ખેતરે જ રહેવાનું કહી રામજી પોતાની પછેડી લઇને ઘેર જવા નીકળ્યો.

ઘર થોડું દૂર રહેતાં રામજીએ માથે પછેડી ઓઢી ને રોતોરોતો ઘેર પહોંચ્યો. ધણીને રોતો સાંભળી તેની વહુ એકદમ ઘર બહાર દોડી આવી અને તેને છાનો રાખતી ગભરાઇને પૂછવા લાગી કે કોણ મરી ગયું?

પણ રામજી રોતો અટકે તો ને? થોડી વારે માંડ માંડ તે છાનો રહ્યો અને ડુસકાં ખાતો ખાતો બોલ્યો: 'અરેરે! તારો ભાઇ ગુજરી ગયો.'

ત્યાં તો તેની સ્ત્રી છાજિયાં લેતી રડી પડી. બહુ મહેનતે રામજીએ તેને શાંત કરી. પછી રામજીએ કહ્યું,'બીજું બધું તો થવાનું હતું તે થઇ ગયું; પણ હવે તારી ભાભી અને તેનાં છોકરાં ખાશે શું?'

તેની વહુ કહે, 'આપણા ઘરમાં ઘણું છે. તમે કહો તેમ કરીએ.'

રામજી કહે, 'હા; ત્યારે એમ કરીએ. ચાલ, એક ગાડું ભરીને થોડા દાણા, પૈસા અને રાચરચીલું તેને ઘેર પહોંચાડીએ.'

સ્ત્રીનો હરખ તો આ સાંભળીને માયો નહિ.

પછી રામજીએ દાણોદુણી, સારાં મજાનાં વાસણ, બીજી થોડી ઘરવખરી, પૈસાની એક કોથળી અને બીજો સામાન એક ગાડામાં ભર્યો. અને ઉપડવાની તૈયારી કરી.

તેની સ્ત્રીએ કહ્યું. 'મને સાથે લેતા જાવને?'

રામજી કહે, 'તું ઘેર જ રહે. આપણું રેઢું ઘર કોણ સાચવશે? બનશે તો હું કાલે જ આવતો રહીશ.' એમ કહીને રામજીએ ગાડું હાંકી મેલ્યું.

ખેતરે જઇને તેણે ગાડું તેના નાના ભાઇને સોંપ્યું. ભગવાન કહે, 'અરે ભાઇ, આટલું બધું તે હોય! મને તો થોડું આપ્યું હોત તો ઘણું હતું.

પણ રામજીએ આગ્રહથી બધું જ તેને આપ્યું. ગાડું લઇને ભગવાન પોતાને ઘેર જવા નીકળ્યો.

રામજી પાછો તરત જ ઘેર ગયો. તેને તરત આવતો જોઇને તેની વહુએ પૂછ્યું, 'ઘડીકમાં કેમ પાછા આવ્યા?'

રામજી કહે. 'અરે રામ! શી વાત કરૂં? હું ગાડું લઇને જતો હતો, તેવામાં આકાશમાંથી એક સમડી ઊડતી ઊડતી આવી. હું તેને ઘણીયે ઉડાડવા ગયો, પણ એ તો ચાંચમાં ગાડું ભરાવીને આકાશમાં ઊડી ગઇ.

આ વાત સાંભળી તેની સ્ત્રીએ કહ્યું, 'હવે રાખો રાખો; ગાડું તે વળી સમડી ઉપાડી જતી હશે?'

રામજી કહે. 'કાગડો તાવડી ઉપાડી જાય, તો પછી સમડી કેમ ગાડું ન ઉપાડી જાય?'

જવાબ સાંભળી રામજીની વહુ ચૂપ થઇ ગઇ. એનાથી એક શબ્દ પણ બોલાય તેમ ન હતું.

ગુલાબસિંહ બારહઠ



કહેવત કથન અને કવિતા

ન બોલ્યામાં નવ ગુણ.
બોલ્યાથી ભરમ જાય.
બોલ ઉપરથી તોલ બંધાય.
બોલતો પોપટ પાંજરે પડે.
બોલે તે બે ખાય, અબોલે ત્રણ.
મૌનં સર્વાર્થ સાધનમ્.
સબસે બડી ચૂપ.

કહી ન માને કંઇ, જુગતી અણજુગતી જહાં;
શાણાને સુખદાઇ, ચૂપ રહેવું રાજીઆ.

માહીકા ભલા બરસના, ઘોંગીકી ભલી ધૂપ;
માગણકા ભલા બોલના, ચતુરકી ભલી ચૂપ.



માધુકરી



• અનુષ્ટુપ •

નિંદકોએ હણ્યો દેહ ઇશુનો જડીને વધે,
પૂજકોએ હણ્યો આત્મા કાળાં યુદ્ધ લડી બધે.

—નોતમ

સ્વ. વૈદ્યરાજ અમૃતલાલ પટ્ટણી

વૈદ્યરાજ અમૃતલાલ પ્રભાશંકર પટ્ટણીના નામથી સંસ્કારી ગુજરાત તો સુપરિચિત છે. પાટણ આયુર્વેદિક કૉલેજના માજી પ્રિન્સિપાલ તરીકે જ નહિ, પરંતુ એક સુવ્યુત્પન્ન કુશળ ચિકિત્સક તરીકે પણ તેમનું નામ ગુજરાતભરમાં ઘણાના હોઠે વસેલું છે. એમના અવસાનથી અનેક વિદ્યાર્થીઓએ શિષ્યવત્સલ ગુરુ ગુમાવ્યો છે, ગરીબ દરદીઓએ સદ્વૈદ્ય ગુમાવ્યો છે, ગુજરાતી વૈદ્યક સાહિત્યે એક અમૂલ્ય રત્ન ગુમાવ્યું છે, 'વિદ્યાવ્યાસંગહીન ગુજરાતના ચિકિત્સક જગતે એક વિદ્યોપજીવી વૈદ્ય ગુમાવ્યો છે.

અમૃતલાલભાઇનો જન્મ જામનગરમાં પ્રશ્નોરા નાગર જ્ઞાતિમાં વિ. સં. ૧૯૩૬ના શ્રાવણ વદી ૭ને દિવસે થયો હતો. એમના પિતા પ્રાણશંકર પટ્ટણી, મહાત્મા ઝંડુ ભટ્ટજીની સ્થાપેલી પાઠશાળાના મુખ્ય આચાર્ય હતા. વાગ્ભટના 'અષ્ટાંગ હૃદય'નું ગુજરાતી ભાષાંતર એમણે કરેલું છે. એ પોતે વૈદું કરતા નહિ, પણ વૈદક સાહિત્યનો પરિચય એમને સારો હતો.

અમૃતલાલભાઈના પિતામહ પ્રેમશંકર પટ્ટણી ગગાભટ્ટના નામથી સુવિખ્યાત હતા. તે ઇશ્વરભક્ત હતા, સારા કવિ હતા અને ભાગવત, રામાયણ, મહાભારતની કથા–સપ્તાહો ઘણી જ સરસ રીતે કરતા. સ્વ જામ વિભાજી અને મહંત શ્રી રામપ્રસાદભાઇના ગુરુ વગેરે એમની પાસે નિયમિત કથા સાંભળતા. કથાકાર, ઇશ્વરભક્ત અને સુકવિ તરીકે હજી ઘણા એમને યાદ કરે છે.

આવા ઇશ્વરપરાયણ કુટુંબમાં અમૃતલાલભાઇ ઉછરેલા. સંસ્કારી પિતા અને અનેક સદ્ગુણાલંકૃતા માતાના સંસ્કારી વાતાવરણ વચ્ચે તેઓનું બાલપણ વીત્યું હતું. જામનગરમાં સાત વર્ષ સુધી મહામહોપાધ્યાય હાથીભાઇ શાસ્ત્રી અને નારાયણજી શાસ્ત્રીના હાથ નીચે વ્યાકરણ, કાવ્ય, સાહિત્ય, ન્યાય, દર્શનો વગેરેનો અભ્યાસ કરેલો. ભરૂચ પાસે આવેલ ઝાડેશ્વર ગામમાં જ્યારે એક દેશી ઔષધાલય ખોલવામાં આવ્યું ત્યારે અમૃતલાલભાઇની નિમણૂક ત્યાં થઇ. મહાત્મા ઝંડુ ભટ્ટજી અને તેમના પુત્ર શ્રી શંકરપ્રસાદભાઇ પાસેથી તેમને પ્રત્યક્ષ તેમજ શાસ્ત્રીય બન્ને જાતનું વૈદ્યકજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.

ઝાડેશ્વર ગામમાં તેઓ ૧૨ વર્ષ રહ્યા. આયુર્વેદ તરફના અગાધ પ્રેમને લીધે જે અનન્ય નિષ્ઠાથી એની નિસ્વાર્થ સેવા તેમણે કરી છે તે વર્ણવવાનું આ સ્થળ નથી. ગરીબ દરદીઓને દૂધ પીવા માટે તે ગજવામાંથી પૈસા આપતા. સ્ત્રીઓનાં ગુપ્ત દરદો દેખી તે ગળગળા થઇ જતા અને અપાર કરુણાથી સ્ત્રીઓનાં દરદોના ઉપાયો યોજતા. આમાંથી જ 'સ્ત્રીઓનો વૈદ્ય'ના બે ભાગો અને 'સ્ત્રી રોગ ચિકિત્સા' નામનાં અમૂલ્ય પુસ્તકો ગુજરાતને મળ્યાં છે.

ઝાડેશ્વર બાર વર્ષ રહ્યા પછી તેઓ લીમડીના રાજવૈદ્ય તરીકે એક વર્ષ રહ્યા. ત્યાંથી મુંબઇ, શ્રી જુગતરામ ભાઇ વિલાયત ગએલા તેમનું દવાખાનું સંભાળવા એક વર્ષ રહ્યા. આ અરસામાં પાટણમાં ૩ પી. આયુર્વેદ મહાવિદ્યાલય ખૂલ્યું અને ડૉ. સુમંત મહેતાની નજર આ વિદ્વાન ઉપર ઠરી. એ કૉલેજના શરૂઆતનાં વર્ષોમાં અમૃતલાલભાઇએ પાઠચક્રમ નક્કી કરવામાં ઘણી જહેમત ઉઠાવેલી. પાટણની એ સંસ્થાને આ મહાભાગની તપશ્ચર્યાએ જ આટલી પ્રતિષ્ઠા અર્પી છે.

પાટણમાં અતિ માનસિક શ્રમને લીધે તેમને મધુપ્રમેહ લાગુ પડ્યો, એટલે લીમડી ઠાકોર સાહેબના આગ્રહથી તેઓ લીમડી ગયા અને આખર લગી ત્યાં જ રહેતા હતા. એમના



સ્વ વૈદ્યરાજ અમૃતલાલ પટ્ટણી

એકના એક પુત્ર ગુણાઢયભાઇના સ્વર્ગવાસથી એમને સખત આઘાત થયો અને તેને જ પરિણામે ૫૮ વર્ષની ઉંમરે તેઓ સંવત ૧૯૯૪ના કાર્તિક વદ અગિયારશને રોજ દેવલોક પામ્યા.

એમની આકૃતિ ગુણોનું કથન કરે એવી હતી. વિશાળ ભાલપ્રદેશ ઉપરથી બૃહસ્પતિની બુદ્ધિ ઓપતી, નાકનો મરોડ અને ચપટા ગાલ ઉપરથી તેમના દૃઢ નિશ્ચયનો ખ્યાલ આવતો. એમનામાં અભિજાત સંસ્કારિતા હતી, છતાં અતડાપણું ન હતું; વિદ્યા હતી, પરંતુ ગર્વ ન હતો; ભક્તિ હતી, પરંતુ વેવલાપણું ન હતું; ધનવાન તેઓ ન હતા, છતાં એમનામાં ઔદાર્ય હતું; વૈદ્ય તરીકેની ખ્યાતિ અજબ હતી, છતાં તે કાયમના નિષ્કિંચન રહ્યા; આદર્શ ગુરુ હતા, છતાં તે કાયમના વિદ્યાર્થી હતા; પ્રારબ્ધવાદી હતા, છતાં પુરુષાર્થમાં માનતા; તત્ત્વજ્ઞાની હતા, છતાં ભક્તિશાળી હતા; એમનામાં બુદ્ધિવૈભવ હતો, છતાં શ્રદ્ધાની ઉણપ ન હતી; એ વક્તા ન હતા, છતાં એમની વાણી પ્રેરણાથી પ્રકાશતી હતી; પુરાણપ્રિય હતા, છતાં અર્વાચીન જ્ઞાનના જબરા ઉપાસક હતા.

આવા એક સંસ્કારમૂર્તિ વૈદ્ય અમૃતલાલભાઇના સ્વર્ગવાસથી ગુજરાત રંક બન્યું છે. શ્રી દુર્ગાશંકર શાસ્ત્રી 'આયુર્વેદ વિજ્ઞાન'માં એમની અવસાનનોંધમાં યોગ્ય જ કહે છે કે 'મુ. અમૃતલાલભાઇના પરલોક–પ્રયાણથી ગુજરાતના વૈદ્ય-જગતે એક વિરલ રત્ન ખોયું છે. એમના જેવા, આયુર્વેદની સંહિતાઓના મર્મજ્ઞ વિદ્વાન ગુજરાતમાં થોડા છે, અને ચરક કહે છે તેમ, રોગીના અંતરાત્મામાં પેસીને રોગ ઓળખવાનો તથા ચિકિત્સા કરવાનો પ્રયત્ન કરનાર વૈદ્યો ગુજરાતમાં તો શું પણ જગતમાં વિરલ છે'. —બાપાલાલ ગ. વૈદ્ય

દુનિયાની વિમાની ટપાલ

માત્ર અમુક પૌંડ વજનનો પત્રોનો એક થેલો લઇ એક વિમાન ઇ.સ. ૧૯૧૯ના નવેમ્બરમાં લંડન નજીકના હાઉન્સલો વિમાની મથકેથી ઊડયું. જગતની એ પહેલી વિમાની ટપાલ. આજે ઓગણીસ વર્ષ બાદ જોઇએ છીએ તો એ વ્યવહારે એટલી પ્રગતિ કરી છે કે તેનો ટપાલનો ભાર પૌંડોથી નહિ પણ ટનોથી અંકાય છે, અને તેનાં વાહનો પણ ૩૬૦ હૉર્સ પાવરનાં બાઇપ્લેન નહિ, પણ કલાકના ૨૦૦ માઇલની ઝડપની ૩૦૦૦ હૉર્સ પાવરની એમ્પાયર-ટાઈપ ફ્લાઇંગ બોટ્સ છે.

ટપાલવ્યવહાર માટે વિમાનોના અખતરા તો વીસમી સદીના ઊગમથી જ થતા આવ્યા હતા, પણ ૧૯૧૯નું વર્ષ તેમાં માર્ગસ્તંભ નીવડ્યું એમ કહી શકાય. લંડન અને પારીસ વચ્ચેનો નિયત વ્યાપારી વ્યવહાર એ સાલમાં શરૂ થયો એટલું જ નહિ; ઉત્તર આટલાંટિક પર અને ઇંગ્લંડથી ઑસ્ટ્રેલિયા સુધીના ઉડ્ડયનના પ્રયાસોનું પણ એ સાલમાં જ મંગલાચરણ થયું.

ગઈ સાલના અંતભાગે વિમાની ટિકિટોનું જે પ્રદર્શન લંડનમાં ભરાયું તેમાં એ વ્યવહારનો આખો ઇતિહાસ મૂર્ત થતો હતો. પણ એ સૌમાં યે વધુ રંગદર્શી વસ્તુ તો હતી દરિયાનાં પાણીમાં ભીંજાએલા કેટલાક પત્રો. હૉકર ને મૅકેન્ઝી ગ્રીવના હવાઇ સાહસની, એ પત્રો એનમૂન સાબિતી હતા. એ બંને સાહસબાજો એક જ એન્જિનવાળા બાઈપ્લેનમાં ન્યૂફાઉન્ડલૅંડથી ઉપડી, ૨૦૦૦ માઈલનો આટલાંટિક મહાસાગર ઓળંગી, આયર્લૅંડ આવવા ઊપડેલા. ભર દરિયે તે મુસીબતમાં આવી પડ્યા બીજો કોઇ ઉપાય ન હતો, એટલે શક્ય એટલા પ્રયત્ને સ્ટીમરના માર્ગ પર જ એ વિમાન રાખતા ગયા. છેવટે એક નાની સ્ટીમર 'મેરી' વહારે આવી પહોંચી ને બંનેને ઉપર લઇ લીધા. પણ વિમાન બચાવી ન શકાયું ને એ જલમાં તણાતું ચાલ્યું. એક બીજી સ્ટીમરની નજરે તે ચડ્યું ને તેણે મેઇલ-બૅગ ફપાડી લીધો. એ મેઇલ-બૅગના ભીંજાએલા કાગળો તે જ ઉપર્યુક્ત પ્રદર્શનના રંગદર્શી પત્રો.

એ જ સાલમાં એવો બીજો મહાન પ્રયાસ ઇંગ્લંડથી ઑસ્ટ્રેલિયા સુધી ઊડવાનો થયો; અને તેના ખેડુઓ હતા રૉસ સ્મિથ અને કીથ સ્મિથ. અસંખ્ય મુસીબતોનો વીર દિલે સામનો કરી એમણે એ 'ટ્રાન્સ-એમ્પાયર રૂટ' સ્થાપ્યો. એવું જ બીજું આફ્રિકાનું ઉડ્ડયન રીનેવેલ્ડ અને બ્રાન્ડે કરેલું. અને ત્યાર બાદ ઍલન કૉબહામે તો નિયત એર મેલ સર્વિસનો માર્ગ સરળ કરી આપ્યો.

ચાર વર્ષ સુધીના આવા પ્રયાસો બાદ બ્રિટિશ ગવર્નમેન્ટે પોતાનું લક્ષ એ બાજુ દોડાવ્યું અને ચાર વિમાની કંપનીઓનું 'ઇમ્પીરીઅલ એર વેઝ'માં એકીકરણ કર્યું. એર મિનિસ્ટ્રી તથા ઇમ્પીરીઅલ એર વેઝના સર્વેયરો અને એન્જિનીઅરો ને માર્ગની તપાસ કરવા, એરોડ્રોમો બાંધવા અને વાયરલેસ તથા

મીટીઅરોલૉજિકલ (હવામાનને લગતી) મોજણી માટે મોકલવામાં આવ્યા અને એ સાથે જ એ લાંબા હવાઇ માર્ગ માટે ખાસ મલ્ટી-એન્જિન્ડ વિમાનો બનાવવામાં આવ્યાં.

ત્રણ વર્ષે, ઇંગ્લંડ-હિંદ એરમેઈલનો, માત્ર ૧૧૧૦ માઇલનો, કેરો-બસરા સુધીનો વિભાગ ખુલ્લો મૂકી શકાયો; પણ ત્યાર પછીનાં બે જ વર્ષમાં લંડનથી કરાચી સુધીનું ૫૦૦૦ માઇલનું સાપ્તાહિક ઉડ્ડયન ચાલુ થઈ ગયું. કરાચી આવનારા પહેલવહેલા વિમાન આર્ગોસીને ક્રૉયડનના હવાઇ મથકેથી સર સૅમ્યુઅલ હોરે વિદાય આપેલી.

ત્યાર બાદ આફ્રિકા તરફ નજર દોડાવવામાં આવી. ઇ. ૧૯૩૧માં લંડનથી ટાંગાનીકા ટેરીટરીમાં આવેલા મ્વાંઝા સુધીનો વિભાગ ખુલ્લો મૂકાયો અને વળતી જ સાલે લંડનથી તે કેપટાઉન સુધીનો ૮૦૦૦ માઇલનો એર-મેઇલ સ્થપાયો.

અને પછી તો એ વ્યવહારના વિકાસ માટે અનેક તરકીબો હાથ ધરવામાં આવી. ૩ મોટરનાં એન્જિનોને બદલે ૪ મોટરનાં એન્જિનો મૂકવામાં આવ્યાં અને અઠવાડિયામાં એક વખતની સર્વિસ બે વખતની કરવામાં આવી, એટલું જ નહિ પણ ઇન્ડીઆ રૂટ કરાચીથી કલકત્તા, પછી રંગૂન સીંગાપોર સુધી, અને ૧૯૩૪માં તો ઑસ્ટ્રેલિયાના બ્રિસ્બેન સુધી લંબાવવામાં આવ્યો.

આજે તો એ યોજના એટલી ટોચે પહોંચી છે કે બ્રિટિશ સામ્રાજ્યમાંના કોઈપણ સ્થળની તમારી ટપાલ, ચાલુ ટપાલના દરે, વિમાન મારફતે લઇ જવાય છે

ટિકિટોના સંગ્રહ વિષે વધુ

ટિકિટો સંઘરવાનો શોખ દુનિયામાં દિવસોદિવસ વધતો જ જાય છે. આજે એ સંઘરો કેવળ શોખની વસ્તુ જ નથી રહી. એ શિક્ષાપ્રદ છે, રસપ્રદ છે અને કલામય પણ છે

આજે જો દુનિયાભરની સઘળી ટિકિટો સંઘરવા જઇએ તો લગભગ ૫,૫૦,૦૦૦ જેટલી સંખ્યા થવા જાય. એકલી બ્રિટિશ પોસ્ટ ઑફિસ જ દર વર્ષે આશરે ૩,૭૦,૦૦,૦૦૦ પૌંડની ટિકિટો વેચે છે. સેન્ટ હેલીના, નૉર્ફોક, એસેન્શન, કૂકસ ટાપુઓ, ફૉકલૅન્ડ, ગિલ્બર્ટ, કૈકાસ ટાપુઓ વગેરે ટાપુઓ તો પરદેશી સંઘરનારાઓને પોતાની ટિકિટો વેચીને મહેસુલ મેળવે છે. સુંદર અને આકર્ષક ટિકિટો કાઢવાનું મોટા દેશોએ પણ હવે મૂલ્ય જાણ્યું છે. ફ્રેંચ કોલોનિયલ ટિકિટો તેનો નમૂનો છે તેમાં દરેક સંસ્થાનની મુખ્ય ઊપજ અને ઉદ્યોગની છાપ હોય છે. ઑસ્ટ્રેલિયાએ પણ પોતાના દેશનો પ્રાણી અને વનસ્પતિવૈભવ બતાવતી ટિકિટો પ્રચુર પ્રમાણમાં કાઢેલી છે. હવે નવા રાજા છઠ્ઠા જ્યૉર્જની છાપની જે ટિકિટો કાઢશે તે પર જુદાજુદા રાજ્યનાં પ્રાકૃતિક દશ્યો રજૂ કરશે

હિંદ પણ આ બાબતમાં પોતાની પુરાણી રૂઢિચુસ્તતામાંથી મુક્ત થતું જાય છે, જોકે હજુ સુધી ૧૯૩૫ની સિલ્વર જ્યૂબિલીના વખતની કે ૧૯૩૧ની નવું દિલ્હી ખુલ્લું મૂકાયા વખતની ટિકિટો સિવાય આ બાબતમાં તે વિશેષ ગર્વ લઇ શકે તેમ નથી. આ બાબતનું તેને ભાન થએલું હોઇ, હમણાં છઠ્ઠા જ્યૉર્જની કેટલીક ટિકિટો ચિત્રાત્મક કાઢેલી છે. બ્રહ્મદેશ પણ હિંદ જેવું જ રૂઢિચુસ્ત છે. હજારો ડીઝાઇનો તેને મોકલવામાં આવેલી, પણ તેમાંની એકે પસંદ ન કરી!

રમતગમત અને ઇતિહાસના બનાવો પણ ઘણી ટિકિટો પર છપાય છે. હંગેરીએ ૧૯૨૫માં સઘળી રમતોનો આખો સેટ બહાર પાડયો હતો. જર્મની, અમેરિકા અને હોલૅન્ડે ઑલિમ્પિક રમતોની ટિકિટો કાઢેલી.

મહાન શોધક કોલંબસે યુનાઇટેડ સ્ટેટ્સની જુદીજુદી સોળ ટિકિટો પર સ્થાન મેળવેલું. ૧૯૩૫ની હિંદી સિલ્વર જ્યૂબિલીની ટિકિટો પર ઐતિહાસિક ઇમારતો અંકિત થએલી છે સ્વિટ્ઝર્લૅંડમાં ક્રૉસ અને જર્મનીમાં સ્વસ્તિક જેવાં રાષ્ટ્રીય ચિહ્નો પણ સ્થાન મેળવે છે.

હાલ, ખાસ કરીને મહાયુદ્ધ પછી, ટિકિટોની સંખ્યા એટલી તો વિપુલ થઇ ગઇ છે કે સંગ્રાહકો તેને જુદાજુદા ક્ષેત્રોમાં વહેંચી નાખી અમુક ક્ષેત્રોની ટિકિટોનો જ સંગ્રહ કરે છે. દાખલા તરીકે, કોઇ બ્રિટનનાં સંસ્થાનોની ટિકિટોનો તો કોઇ ફ્રેંચ સંસ્થાનોની. કેટલાક સંગ્રાહકો વળી વિરલ વિરલ ટિકિટો જ એકઠી કરવાનો શોખ ધરાવે છે. તેઓ ટિકિટના વૉટરમાર્ક્સ, પર્ફોરેશન વગેરેનું બારીકાઇથી નિરીક્ષણ કર્યા જ કરે છે, કારણ એમાંની નજીવી ભૂલ પણ ભવિષ્યમાં ખૂબ કીમત અપાવે છે.

ટિકિટોનો સંગ્રહ એ બહુ અજબ જાતનો શૉખ છે. એમાં પાઇ યે ન ખર્ચો તો ચાલે, ને હજારો રૂપિયા નાખો તો યે ક્યાં યે જતા રહે! અમુક પાઇની મૂળ કીમતે બહાર પડેલી એવી કેટલીયે ટિકિટો છે, જેની આજની કીમત હજારો રૂપિયા થવા જાય છે. એનાં થોડાં ઉદાહરણ:

(૧) એક પેનીની મૉરિશિયસ (વિક્ટોરિયાની છાપની) —રૂા. ૩૯,૦૦૦; (૨) બે પેનીની મોરિશિયસ (વિક્ટોરિયાની છાપની)-રૂા. ૩૨,૫૦૦; (૩) ૨ સેન્ટની હવાઇની ટિકિટ-રૂા. ૯,૧૦૦; (૪) ચાર આનાની (વિક્ટોરિયાની ઊંધી છાપની) -રૂા. ૫,૮૫૦; (૫) ૪ પેનીની વેસ્ટર્ન ઑસ્ટ્રેલિયા (વિક્ટોરિયાની ઊંધી છાપની) રૂા. ૩,૯૦૦.

સ્વીડનની પીળીને બદલે લીલા રંગમાં છપાએલી ૩ શિલિંગની ટિકિટો મૂળ તો એક છોકરા પાસેથી થોડા પેન્સમાં જ વેચાણ લેવાએલી, પણ આ સાલે જ ઇંગ્લંડમાં તેના વેચાણના રૂા. ૬૧,૦૦૦ ઊપજ્યા. દુનિયાની વિરલમાં વિરલ ટિકિટ સ્વ. શહેનશાહ પાંચમા જ્યૉર્જના સંગ્રહમાંની બ્રિટિશ ગાયાનાની ૧ સેન્ટની ટિકિટ છે, જેનો એ માત્ર એક જ નમૂનો છે એક નિશાળિયા પાસેથી માત્ર ૬ પેન્સમાં એ વેચાણ લેવાએલી, પણ આજે એની કીમત ૭,૦૦૦ ગિની અંકાય છે!

પણ જબરાં મૂલ્યો ઉપરાંત એ સઘળી ટિકિટોનું શિક્ષા-

હાયિત્વ પણ ઓછું નથી. એનાથી ભૂગોળ તો બહુ સહેલાઇથી શીખાય છે. પરદેશી શબ્દો અને નામો પણ એથી જાણી-તાં થાય છે. વળી, એ દ્વારા જુદાજુદા દેશોના ચલણનું તેમનાં રાષ્ટ્ર-ચિહ્નોનું તથા ઇતિહાસ સુદ્ધાંનું એમાંથી જ્ઞાન થાય છે.

સ્વ. શહેનશાહ પાંચમા જ્યૉર્જ દુનિયામાં પહેલા નંબરના ટિકિટ સંઘરનાર થઇ ગયા. એમના પછી બીજો નંબર અમેરિકાના પ્રમુખ રૂઝવેલ્ટનો આવે છે.

બદલાએલાં ભૌગોલિક નામો

'કુમાર'ના ૧૭૨મા અંકમાં મહાયુદ્ધ પછી બદલાએલાં ભૌગોલિક નામોની યાદી આપી છે તેમાં તુર્કીએ અંગોરાનું પાડેલું નામ અંકારા પણ ઉમેરવું જોઇએ. ગ્રીસના સાલોનિકા બંદરના નામનો ફેરફાર વળી વિશેષ જાણવા જેવો છે તેનું પ્રાચીન ગ્રીક નામ થેસ્સાલોનિકા. પરંતુ મધ્યકાળમાં અને પછી તુર્કીના અમલમાં એનું અપભ્રંશ સાલોનિકા થયું. પત્રવ્યવહાર કરનારાઓને થેસ્સાલોનિકા નામ વાપરવાની ગ્રીસે કેટલી યે વખત વિનતિઓ કર્યાં છતાં લોકો નવું નામ વાપરે જ નહિ. છેવટે પરાધીનતાના સૂચક રૂપ એ નામનો ઉપયોગ બંધ કરવા એવો હુકમ કાઢવો પડ્યો કે થેસ્સાલોનિકાને બદલે ફક્ત સાલોનિકા લખ્યું હશે તો કાગળો પહોંચાડવામાં નહિ આવે. એમ કરવાથી એ નામનો ઉપયોગ છેક ગયે વર્ષે જ બંધ થઇ શક્યો.

—હરિશ્ચન્દ્ર ભટ્ટ



પ્રેમીની સમાધિ પર

વૅકેશનમાં હું ઈસ્ટ કોસ્ટનાં ગામડાંમાં ફરવા ગયો. તેમાંના એક ટાંગા નામના ગામના સીમાડે, ગામથી બેએક માઇલ દૂર, રસ્તાની બાજુ ઉપર એક યુરોપિયન કબ્રસ્તાન જોયું. દરવાજો ઉઘાડો હતો અને અંદર નેટિવ (આફ્રિકન) માળી હતો. તેની સાથે વાતચીત થતાં તે મને અંદરની કબરો દેખાડવા લાગ્યો અને ખાસ કરીને આ ફોટાવાળી કબર પાસે લઇ ગયો તથા સ્વાહિલી ભાષામાં તેનું આ પ્રમાણે વર્ણન કહી સંભળાવ્યું: 'એક જર્મન વેપારીના એકના એક પુત્રની આ કબર છે. તેનાં સગપણ જર્મનીમાં એક યુવતી સાથે થએલાં હતાં, પણ કમનસીબે લગ્ન થયા અગાઉ આ યુવક મૃત્યુ પામ્યો. તેના બાપે આ આરસની કબર દસ હજાર શિલિંગ ખર્ચીને બંધાવી. દરમિયાન પેલી યુવતીને પણ જર્મનીમાં તેના અવસાનની ખબર થઇ. તે પણ અત્યંત દુઃખી થઇ અને ભાવી પતિના સ્મરણમાં દસ હજાર શિલિંગ ખર્ચીને તેણે પોતાનું જ આરસનું આ મુજબનું પૂતળું જર્મનીમાં તૈયાર કરાવ્યું અને અહીં આફ્રિકા ખાતે મોકલી આપ્યું, જે હાલ જ આ કબર ઉપર બેસાડવામાં આવ્યું છે.

—એલ. કે. રાઠોડ

પવનનો વેગ કેટલો હોય છે?

પવનનો વેગ એક કલાકના હિસાબે કેટલો હોય છે એ જાણવા જેવું છે. એવું કહેવાય છે કે એ વેગનું પ્રમાણ ભિન્ન ભિન્ન પ્રકારનું હોય છે. કળી શકાય નહિ એવી હીલચાલથી માંડીને તે એક સો માઇલ સુધીનો વેગ પવનનો હોઇ શકે છે. એ વેગનું પ્રમાણ કલાકના એક માઇલનું હોય ત્યારે પવન ગતિમાન હોય એવું ભાગ્યે જ કળી શકાય; બેથી ત્રણ માઇલનું થાય છે ત્યારે સ્પષ્ટ રીતે પવનનો સ્પર્શ જણાય છે; દસથી પંદર માઇલના વેગવાળો પવન ખુશકારક લહેર જેવો લાગે છે; વીસથી પચીસ માઇલના વેગવાળા પવનની ગતિ ઘણી જ ચપળ હોય છે; ત્રીસથી પાંત્રીસ માઇલનો વેગ હોય ત્યારે ઘણી જ ઝડપથી પવન દોડતો હોય એવું લાગે છે; પચ્ચાસ માઇલના વેગવાળો પવન તોફાની હોય છે; સાઠ માઈલે તે અતિઘણો તોફાની બને છે; એંશી માઇલનો વેગ થતાં એ પવન વાવાઝોડાના રૂપમાં ફેરવાઇ જાય છે; અને કલાકના સો માઇલના વેગવાળા પવનને આપણે એવા પ્રકારની વંટોળચક્રી તરીકે ઓળખાવી શકીએ કે, જે ઝાડોને જડમૂળથી ઉખેડી નાખે છે અને કાચાંપોચાં મકાનોને તો જમીનદોસ્ત પણ કરી નાખે છે.

(સૂચિત) —ત્રિભુવન વીરજીભાઈ હેમાણી

વિકસતું વિજ્ઞાન

દરિયા કિનારે વિપુલ પ્રમાણમાં સ્વયં ઊગતા ખડમાં કેટકેટલી સમૃદ્ધિ છુપાએલી છે તેનો ખ્યાલ આવે છે? આયોડીન તેમાંથી પુષ્કળ પ્રમાણમાં નીકળે છે એ તો જાણીતું છે જ, પણ તે સિવાય કાર્બોનેટ ઑવ સોડા, સલ્ફેટ્સ ઑવ સોડા, પોટાશિયમ બ્રોમાઇડ ને મૅગ્નેશિયમ પણ તેમાંથી મેળવી શકાય છે. અને એ બધી સમૃદ્ધિ આજે રંગ, કાચ તથા સાબુના મોટામોટા ઉદ્યોગો નભાવી રહી છે. છેલ્લે છેલ્લે તો તેમાંથી લિનોલિયમ ને કાપડ સુદ્ધાં બનાવી શકવાની શકયતા પ્રોફેસર ડીલને જણાવી છે.

મદ્રાસના એક ગ્રૅજ્યુએટ શ્રી એસ. આર. કે. મેનને નાળિયેરના કાથામાંથી કાગળની બનાવટ તૈયાર કરી છે. હિંદુસ્તાન અને સીલોનમાં લગભગ એક કરોડ એકરમાં નાળિયેરનું વાવેતર થાય છે, એટલે આ ઉદ્યોગ હાથ ધરવામાં આવે તો પરદેશોથી આવતા કાગળો કરતાં તે ઘણા સસ્તા ભાવે પડે. વળી, કાગળ ઉપરાંત એ કાથામાંથી કાચ, સાબુ ઇત્યાદિ ચીજો પણ બની શકે છે. શેરડીનો રસ કાઢેલા કૂચા હાલ તો બાળવાના કામમાં આવે છે, નહિતર તેના રેસાઓમાંથી યે સરસ કાગળ, અને રસમાંથી આલ્કોહોલ બની શકે.

આળસ હવે દુર્ગુણમાં ખપતી નથી, પણ એક જર્મન ડાકટરના કહેવા પ્રમાણે તે એક પ્રકારની બીમારી છે, એને તેની દવા કરવાથી તે મટે છે. ઘણા પ્રયોગો કરી તેણે શોધી કાઢ્યું છે કે મગજ અને સ્નાયુઓની જડતા એ આળસનું કારણ છે અને તેવા દરદીઓ પ્રત્યે દયા બતાવવી જોઇએ, ન કે તેમને ટોણા મારવા.

આજ સુધીના કોઇપણ બલૂન કરતાં છ માઇલ વધુ ઊંચાઇએ, એટલે વીસ માઇલની ઊંચાઇએ, અવકાશમાં પહોંચી શકે તેવું એક બલૂન પોલૅન્ડના ઇજનેરો બનાવવા મંડ્યા છે. આજ સુધીનાં બલૂનોમાં એ મોટામાં મોટું—બે ગૅસબૅગસવાળું—થશે.

એમ? કેમ

બૉઇલર હમેશાં ગોળ શા માટે બનાવાય છે?

મોટાંમોટાં બૉઇલરોનો આકાર તમે હમેશાં ગોળ જ જોતા આવ્યા હશો. એનું કારણ છે. પાણી (અને બીજું હરકોઇ પ્રવાહી) બધી દિશામાં એક સરખું જ દબાણ કરે છે: એટલે તેનો જથો જેમ વધુ તેમ જેમાં તે ભરાએલું હોય તે વાસણની સપાટીને દબાણનો વધુ સામનો કરવો પડે. એટલા માટે જ જેમ બને તેમ ઓછી સપાટી રાખવી સુગમ થઇ પડે છે. હવે, સમાવાએલા પ્રવાહીના પ્રમાણમાં ઓછામાં ઓછી સપાટી તો તદ્દન ગોળાકારમાં જ હોય છે, પરંતુ સુગમતાને ખાતર સિલિન્ડર આકાર પસંદ કરાયો છે. તેમાં બંને છેડા ગોળ ઉપસેલા રખાય છે. પણ એમ ન હોય ને ચપટા રખાય ત્યારે પણ અંદરના પાણીથી ઉપસીને ગોળાકાર ન બને એટલા મજબૂત તે કરવામાં આવે છે. દબાણ આ ઘાટ ફેરવી શકતું નથી.

નવી કેડીઓ

મધમાખીના ઉછેરની અગત્ય હવે તો આખા હિંદમાં સમજાઇ છે અને મદ્રાસમાં તો એ પુષ્કળ ઉછેરવામાં આવે છે. ગુજરાતમાં યે એનો ઉછેર બેશક લાભદાયી નીવડે.

તમારૂં ભેજું યંત્રકામમાં ચાલતું હોય તો 'ટિક ટિક' અવાજ કર્યા વગરનું ઘડીઆળ તમે બનાવી સારો લાભ મેળવી શકો. દુનિયામાં તો અત્યારે એના પુષ્કળ અખતરા થઇ રહ્યા છે.

જોડા સાંધવામાં મોચીઓને અત્યારે મીણિયા દોરા પાછળ જે મહેનત ઉઠાવવી પડે છે તેને બદલે એવું કોઈ સીમેન્ટ તમે શોધી શકો જે એના જુદાજુદા ભાગોને સજ્જડ ચોંટાડી રાખે, તો એ પણ ઓછો નફાકારક ઉદ્યોગ નથી.

કાચ જેવું જ કામ આપતી કાગળની શીશીઓ ને દીવાસળીમાં લાકડાને બદલે વાપરી શકાય એવી કાગળની ચીપોની પણ ઔદ્યોગિક દુનિયામાં ખૂબ માગણી છે.—અ. હ

જરા મગજ કસો

A quick brown fox jumps over the lazy dog.

ઉપરના અંગ્રેજી વાકયમાં તમને કાંઈ જાણવા જેવું લાગે છે? નહિ? એમાં A થી Z સુધીના બધા અંગ્રેજી મૂળાક્ષરો આવી ગયા છે! ગુજરાતી ભાષાનું આવું એકાદ વાકય રચવાનો પ્રયત્ન કરી જુઓ તો? પણ દરેક ગુજરાતી મૂળાક્ષર તેમાં આવી જ જવો જોઇએ. જો તમારાથી એ બને તો 'કુમાર'ને મોકલજો. તમને એકાદ સુંદર ભેટ આપીશું.

ગયા અંકનાં 'મેંદીનાં પાન' વાંચીને, તે જેમાંથી લેવાએલાં તે પુસ્તક 'વ્યવહારકૌશલ્ય' મફત મેળવવા માટેની માગણીઓની સંખ્યા એટલી બધી વધી ગઈ છે કે તમામ પુસ્તકો ખલાસ થયાં છે; અને પ્રકાશકો અમને જણાવે છે કે તેની નવી આવૃત્તિ બહાર પડે ત્યાંસુધી હમણાં કોઇએ ટિકિટો મોકલી એ પુસ્તક મંગાવવું નહિ. દરમ્યાન, જેમની ટિકિટો આજ સુધીમાં આવી ગઇ છે અને પુસ્તકો મોકલાયાં નથી તેમને તેઓ લખશે તો તેમના ખર્ચે ટિકિટો પાછી મોકલી આપવામાં આવશે; અગર તેઓ ધીરજ રાખશે પુસ્તક પ્રસિદ્ધ થયે તેમને મોકલી આપશે. આ બાબતનો પત્રવ્યવહાર સીધો પ્રકાશકો જોડે કરવો.

મહાન ગ્રીક ફીલસૂફ અફલાતુન (પ્લેટો)ને તેના કોઈ મિત્રે પૂછ્યું: 'તમને બીજાને શીખવવાનો જેટલો ઉમંગ છે એટલો જ બીજા પાસેથી શીખવાનો પણ છે. આમ ક્યાં સુધી શીખ્યા કરશો?'

'વિશેષ જ્ઞાન મેળવવામાં મને શરમ લાગવા માંડશે ત્યાંસુધી.' ઉત્તર મળ્યો.

અનેકાર્થી શબ્દ: **પાત્ર**=વાસણ; યોગ્ય અથવા લાયક; નદીના બે કાંઠા વચ્ચેનો ભાગ; કથા કે વાતમાં આવતી વ્યક્તિ; નાટકમાં વેશ લેનાર; અધિકારી કે લાયક પુરુષ.

ગણિતગમ્મત: કોઇ પણ રકમ ધારો. તેને પાંચે ગુણો. જે રકમ આવે તેમાંથી બે બાદ કરો. હવે જે આવે તેને બે વડે ગુણો, અને પછી જે આવે તેમાં ચાર ઉમેરો. આ રીતે આવેલી રકમનો છેલ્લો આંકડો એટલે કે મીંડું કાઢી નાખો. બાકી વધે તે તમારી ધારેલી સંખ્યા આવશે. (ચાર ઉમેરતાં જે રકમ આવશે તેનો છેલ્લો આંકડો હમેશાં મીંડું જ આવશે). —કાન્તિલાલ મ. જોષી

કહેવતોના અર્થ: 'ઓલામાંથી નીકળી ચૂલામાં પડવું'. માંડમાંડ કરીને એક આફતમાંથી બચવાની અણી પર આવ્યા હોઇએ ત્યાં બીજી એથી પણ જબરી આફતમાં સંડોવાઈ જઇએ ત્યારે વપરાતી કહેવત. એને મળતી કહેવતો: 'ઘરનાં ઊઠયાં વનમાં ગયાં, તો વનમાં ઊઠી આગ', 'બલા ગઇ ને બલા આવી', 'ભૂત મરે ત્યાં પલીત જાગે', 'ફાંસ કાઢતાં પેસે સાલ' વગેરે.

સફેદ બૂટ પર લગાડવાનો ચાક પાણીને બદલે દૂધ મિલાવીને લગાડવાથી જલદી નીકળી નહિ જાય.

અમેરિકાનાં યુનાઇટેડ સ્ટેટ્સમાં બર્લિન નામનાં ૩૦ ગામ છે, હામ્બુર્ગ નામનાં ૨૧, પારીસ નામનાં ૨૩ અને લંડન નામનાં ૧૩!!



શીંગડામાંથી બનાવેલું ફૂલદાન

'એક ચિત્રકારે ઘરના એક થાંભલા પર કરોળિયાનું જાળું એવું તો આબેહૂબ ચીતરેલું કે નોકરે તે ત્યાંથી કાઢવા એક કલાક સુધી માથાફોડ કરેલી.'

'એ બીલકુલ અસંભવિત છે.'

'કેમ? કલાકારોને એવી સિદ્ધિ હોય છે.'


'હા, પણ નોકરોને એટલી ધીરજ નથી હોતી!'

આપણા લોહીને આખા શરીરમાં ફરી વળતાં પંદર સેકંડ લાગે છે. તેનું ભ્રમણ એક મિનિટે ૨૦૭ વારનું થાય છે; એક કલાકે તે લગભગ ૭ માઇલનું, એક દિવસે ૧૬૮ માઇલનું અને એક વર્ષે ૬૧૩૨૦ માઇલનું થાય છે!

હિંદની સરકારે હિંદ પરનું દેવું ૧૧૬૦ કરોડ રૂપિયા પર પહોંચાડયું છે. અને એ દેવાનાં કારણો? મહાયુદ્ધમાં હિંદ બ્રિટનને પડખે લડયું તેનો ખર્ચ, હિંદની નવી રાજધાની નવું દિલ્હી બંધાવવાનો ખર્ચ, દર વરસે અપાતાં નાનાં મોટાં પેન્શનો!

રંગીન ફર્નીચર સાફ કરવાના કોકરવર્ણા પાણીમાં સહેજ ઘાસતેલ નાખજો; ચમક આવશે.

પેશાબમાં બળતરા થતી હોય તો ત્રણ દહાડા લગી અળવીનાં પાંદડાંનો રસ પીતા રહેવાથી ફાયદો થાય છે.




આ ચિત્રમાં દ્દષ્ટિભ્રમની જ માયાજાળ છે.

વીજળીની પડેલી શોધ ઇ. ૧૭૯૯માં ઇટાલિયન વિજ્ઞાની 'વૉલ્ટા'એ કરી. આજે વિદ્યુત્પ્રવાહના એકમને 'વૉલ્ટેજ' તરીકે ઓળખવામાં આવે છે તે તેના જ નામ પરથી.


ટાંકણીઓ કે સોયો ખોસવાને માટે કાંઇ ન મળતું હોય તો એકાદું મોટું બૂચ રાખોને! ખોવાતાં અટકશે.

ચશ્માના કાચ સાફ કરવા માટે ટાલ્કમ પાઉડર ઠીક પડશે. પછી રેશમી કાપડથી લૂછી નાખવાં.

સઘળા સમુદ્રો કરતાં લાલ સમુદ્રનાં પાણીમાં વધુ ઉષ્ણતા છે.



સમચોરસ, ત્રિકોણ અને વર્તુલના બનેલા આ ચિત્ર પરથી આંખની કસોટી માટે એક રમત ઊપજાવી શકાશે. વર્તુલનો જે ભાગ ત્રિકોણ કે ચોરસમાં ન હોય એમાં ૧ નો આંક મૂકો. પછી ૨ નો આંકડો એવા ભાગમાં મૂકો જે વર્તુલ અને ત્રિકોણમાં હોય પણ સમચોરસમાં ન હોય. હવે, ૩ નો આંક, એ ત્રણે આકૃતિનો સમાવેશ કરતો હોય એવા ભાગમાં મૂકો, અને છેલ્લે ૪ નો આંકડો એવા ભાગમાં મૂકો જે ત્રિકોણ અને સમચોરસમાં હોય પણ વર્તુલમાં નહિ.



(કુદરતની અજબ સૂરત) દરિયાની સપાટીથી પાંચ માઇલ નીચે મળી આવતી આ માછલીની આંખો તેના શરીરમાંથી ફૂટી નીકળતી ડાળખી જેવાં બે અંગોને છેડે હોય છે!

ગાંડીવ કુમારમાળા



૧. ગોરીલાનો પ્રેમ: (૧) ગોરીલાનો પ્રેમ (૨) જીવતાં સમાધિ (૩) ચાંચિયા (૪) રામપૂરી વાઘ! (૫) શેમોય શિકાર (૬) અજબ હિંમત! આવી તદ્દન સાચી બનેલી ને છતાં રૂંવેરૂંવા ખડાં કરનારી અદ્દભુતતાથી ભરેલી આ વાતો અપૂર્વ તાઝગીથી ભરેલી છે. કિં: **માત્ર આઠ આના.** ટ. ખ. બે આના.

૨. પૂછડિયાના પ્રદેશમાં: ચાર ગુજરાતી જુવાનડાંને મન થઈ જાય છે કે શિર સાટે કંઇ શોધ ખોળ કરવા નીકળી પડવું....અને એ ચાર મરણિયાની નીકળેલી ટોળી કંઇ કંઇ વિઘ્નો અને સંકટે વટાવીને એક નવીજ જાતની પ્રજાના અજબ પ્રદેશમાં જઇ પહોંચે છે અને ત્યાં અદ્દભુત અનુભવો મેળવે છે. એ રસભર કથા એટલી તો તનમનાટભરી છે, કે




તમારૂં રૂંવેરૂંવું ખડું થઇ જાય, અને નસેનસમાં શૂરાતન જાગે. કિં. ૦—૮—૦ ટ. ખર્ચ બે આના.

૩. શિકારિકા: એક ગુજરાતી જુવાને જાતે અને કોઇની સાથે કરેલા શિકારોની સાચ્ચી કહાણીઓ. તેની પોતાની કલમમાંથી ઉતરેલી. આ બ્યાનો વાંચીને દરેક ગુજરાતી સ્રીપુરૂષનાં રૂંવાં ખડાં થશે અને છાતી ગજ ગજ ફુલશે. સાથે ફોટો પણ આપેલો છે. સાપનો શિકાર, રીંછનો શિકાર, શિયાળનો શિકાર, સૂવરનો શિ-કાર, મરઘીનો શિકાર વિગેરે. બધી જાનસાટેની રમતો. કિં. ૦–૮–૦.



૪–૫. ગેબી સૃષ્ટિ: માણસ જાતિની ઉત્પત્તિને લગતી શોધખોળનો કેટલોક ખૂટતો મશાલો એક પંજાબી પંડિત જાલંધરનાથને જડયો છે. બીજાઓ તે વાત માનવા ઊહું ઊહું કરે છે. અને પરસ્પર વાદવિવાદને અંતે જાલંધરનાથ પુરાવો આપવા તૈયાર થાય છે. પછી જનકસિંહ જાડેજા, કચ્છી કમરબંધો ભાયાત મનુભા, સોટી જેવા પાતળા પ્રોફેસર ફિરોઝશાહ કાપડિયા ને જડસુ જાલંધરનાથનો કાફલો શોધખોળે નીકળે છે. દક્ષિણ અમેરિકામાં તેઓ કેવા કેવા ફસાઇ જાય છે અને છેવટે કેવી રીતે પાછા ફરે છે, તે કથા બહુ રોમાંચક છે. મુંબાઈમાં શ્રી કનૈયાલાલ મુન્શીને પ્રમુખપદે મળેલી સભામાં સૌને માન અપાય



છે તેનો હેવાલ પણ બહુ જ રમુજી છે. બે ભાગ ભેગા, પૂઠાની મજબૂત બાંધણી ૧–૮–૦. છૂટો કાચો બાંધેલો દરેક ભાગ ૦–૧૦–૦ બે ભાગ સાથે જ મળશે.

૬. શિકારિકા (૨): શિકારને લગતી સાચી અતિ સુંદર વાતોના ગુચ્છમાં "વાઘદહન" "માખીએ વાઘ માર્યો" "આફ્રિકાનો

ચિન્તો" "સંતાલની પ્રતિજ્ઞા" "શિકારી શશી" વગેરે ઘણી રસીલી, અદ્ભુત લાગે એવી પણ સાચી અને તાજી એક એકથી ચઢિયાતી વાર્તાઓ આપી છે.



કિંમત ફક્ત આઠ આના.

૭. ચાંદા પર ચડાઇ: જગમશહૂર પંડિત એચ. જી. વેલ્સની અતિ વિખ્યાત કૃતિનું રૂપાંતર ગમનની ધૂન કેવી હતી, એ ધૂનમાંથી શું ઊપજ્યું, એણે અને મુકુંદે પછી કેવી યોજના ઘડી, ચન્દ્રમા પર કેવી



રીતે ગયા, ત્યાં શું જોયું, ત્યાં કેવાં કેવાં સંકટો પડયાં એ વાત વાંચવા માંડયા પછી પૂરી કર્યે જ મૂકાશે. પૂઠાપટીની બાંધણી ને લગભગ ૧૨૦ પાનાં છતાં કિંમત ફક્ત આઠ આના.

૮. આફતે મર્દા: રજપૂત જુવાન હરભમ અંગ્રેજ બાળા એમિલિને બચાવવા કેવું શૂરાતન બતાવે છે, અને સરહદ પરના પઠાણી સેતાનો કેવા ક્રૂર હોય છે. તેનું તાદૃશ ચિત્ર. કિં. ૧) રૂ.



૯. મોતના પંજામાં: ઓલામાંથી ચૂલામાં ને ચૂલામાંથી પેણામાં ને પેણામાંથી તમારૂમાં એમ પળે પળે મોતનો સામનો કરવા છતાં તેમાંથી છટકી આવનાર બે જબ્બર જુવાનોની પરાક્રમ કથા. પાને પાને જીગર ધડકે છે અને હવે શું થશે એવી વિમાસણ થાય છે. કિં. ૦-૮-૦



૧૦. ચીણગારી: રાજપીપળાના ડુંગરાળ પ્રદેશના ચાંચિયા જેવા ધાડપાડુઓની કથા, અને એક નાનકડી બાળાની અજબ હિકમત કરામતની સુંદર વાર્તા. કિં ૦-૧૨-૦





૧૧ લલ્લુ: ગુજરાતમાં ક્રિકેટની ભૂમિકા-રમતના મેદાનની ભૂમિકા ઉપર રચાયેલી નવલકથા આ પહેલી જ છે. મોહન વિદ્યામંદિરના નિશાળિયાઓ જમશેદ ને નન્નુ, રતુ ને લલ્લુનાં પાત્રાલેખનવાળી ક્રિકેટની આ કથા ગુજરાતી સાહિત્યમાં નવું જ પાનું ઉઘાડે છે. વિદ્યાર્થીઓને અતિ રુચિકર થઇ પડે અને બોધક બને તેવી ગૂંથણી. કિં. ૦-૧૦-૦


૧૨. સંકટની શોધમાં: ૧-૨-૦

૧૩. જોતીઓ સરદાર: ૧-૪-૦


આખો સેટ જ માંગજો. દરેક બુકસેલર વેચે છે.


ગાંડીવ સાહિત્ય મંદિર : : સુરત






સ્વ.
સોરાબજી
આરેગાટની
કળા







સ્વ. સોરાબજી આરેગાટની કલા

મથાળે: 'મળસ્કે મુંબઇ'...નીચે–ડાબી બાજુ: 'બુઝર્ગ' તસ્વીરચિત્રનો નમૂનો...જમણી બાજુ: 'નાસ્તો' Still Lifeમાં છાયાપ્રકાશ અને વસ્તુરચના